MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૮-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

3 મહિલા અધિકારીઓને હવે નૌસેનામાં મળશે કાયમી કમિશનઃ સુપ્રિમ કોર્ટ

5 કોરોના વાયરસઃ બોલિવૂડમાં યુદ્ધ શરૂ, રિયા ચક્રવર્તીએ કપૂર આમને-સામને

7 મળતા હતા પ્રેમથી એ પણ બંધ કરી દીધુ છે કોરોના અમે તને સાથે મળી ચોક્કસ હરાવીશુ

11 કોરોના વાયરસમાં આયુર્વેદ ઉકાળો અત્યંત લાભદાયી પરંતુ નર્મદામાં ડોક્ટરોની અછત

કોરોનાનો આતંકઃ દેશમાં વધુ એક મોત,મૃત્યુઆંક વધીને ૩

કર્ણાટક,દિલ્હી બાદ કોરોનાથી મુંબઈમાં દર્દીનું મોત, નોઈડામાં વધુ બે કેસ પોઝિટિવ નોંધાયા, નાગપુરમાં સાવચેતીના પગલે કલમ-૧૪૪ લાગુ કરાઈ



ન્યુ દિલ્હી

દેશભરમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે અને હવે આ આંકડો ૧૨૯ સુધી પહોંચી ગયો છે. આ બધાની વચ્ચે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં વધુ એક શખ્સે કોરોના વાયરસના લીધે છેલ્લા શ્વાસ લીધા. આ ભારતમાં કોરોના વાયરસનો ત્રીજું મોત અને મુંબઈમાં પહેલું મોત છે. આની પહેલાં દિલ્હી અને કર્ણાટકમાં પણ બે કોરોનાના દર્દીઓના મોત થઈ ચૂક્યા છે.

● યૂરોપિયન યૂનિયન, તુર્કી અને બ્રિટનના પ્રવાસીઓને આજથી ભારતમાં એન્ટ્રી બંધ
● ભારતે અફઘાનિસ્તાન, ફિલિપાઈન્સ, મલેશિયાથી આવતા પેસેન્જર્સ પર પ્રતિબંધ મૂક્યો
● દેશમાં એક જ દિવસમાં ૫ નવા કેસ,૩ વર્ષની બાળકીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ, જેમાં બે કેસ લેહ અને ૧ કારગિલ જિલ્લામાં નોંધાયો
● દેશભરમાં તમામ મોટા મંદિરો બંધ, તાજમહાલ, લાલ કિલ્લા સહિત બધી ઈમારતો ૩૧ સુધી બંધ
● વિશ્વમાં કોરોનાથી ૭૦૦૦થી વધુ લોકોના મોત,૧.૮૨ લાખથી વધુ સંક્રમિત

કહેવાય છે કે ૬૪ વર્ષના વૃદ્ધ દુબઈથી આવ્યા હતા અને મુંબઈની કસ્તૂરબા હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમને હિન્દુજાથી કસ્તૂરબા હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. મૃતકના પત્ની અને દીકરાનો પણ રિપોર્ટ કોરોના પોઝિટિવ છે. બીજીબાજુ નોઈડામાં બે નવા કોરોના પોઝિટિવ કેસ મળવાથી ભારતમાં કોરોનાના દર્દીઓનો આંકડો વધીને ૧૨૯ થઈ ગયો છે.

ગૌતમબુદ્ધ નગરના ચીફ મેડિકલ ઓફિસર અનુરાગ ભાર્ગવે આજે કહ્યું કે નોઈડાના સેકટર ૭૮ અને ૧૦૦મા બે કેસની પુષ્ટિ થઈ છે. ભાર્ગવે કહ્યું કે બે લોકોમાં કોરોનાની

અનુ. પાના નં. ૬ પર

કેન્દ્રીય મંત્રી વી.મુરલીધરનનો કોરોના ટેસ્ટ નેગેટિવ

કેન્દ્રીય મંત્રી વી મુરલીધરનને કોરોના વાયરસના સંક્રમણના શકમાં ખુદને લોકોથી અલગ કરી દીધા છે. જાણકારી અનુસાર મુરલીધરન કેરળમાં કોરોના વાયરસના સંક્રમણથી મરનારા ૬૩ વર્ષા વ્યક્તિની સારવારમાં રહેલા એક ડૉક્ટરના સંપર્કમાં આવ્યા હતા. જે બાદ તેમને આ નિર્ણય લીધો છે. કેન્દ્રીય મંત્રી વી મુરલીધરનો કોરોના વાઈરસનો ટેસ્ટ નેગેટિવ આવ્યો છે.

સાવધાનઃ કોરોના ભારત માટે હિમપ્રપાત સમાન ભારે મોટી આફત

● તેઓ કહે છે કે ૧૩૦ કરોડની ગીચ વસ્તીવાળા દેશમાં હાલમાં ૧૨૬ કેસો સામાન્ય લાગતા હોય પણ સ્થિતિ બગડી શકે..
● કોરોના રોગનો ચેપ ફેલાતો રોકવા મુંબઈમાં લોકલ ટ્રેન બંધ કરવા વિચારણા

ન્યુ દિલ્હી

દુનિયાના ૧૬૪ દેશો અને ૧.૮૩ લાખ લોકોમાં ફેલાઈ ગયેલા ભયાનક ચાઈનીઝ રોગ કોરોના વાઈરસના કેસો પણ હવે ધીરે ધીરે ભારતમાં વધી રહ્યાં છે. નિષ્ણાતો તેની ભયાનકતાની સરખામણી હિમપ્રપાત સાથે કરીને દાવો કરી રહ્યાં છે ૧૩૦ કરોડની ગીચ આબાદીવાળા આટલા મોટા દેશમાં અત્યારે ભલે કેસોની સંખ્યા સાવ ઓછી લાગતી હોય પણ જેમ જેમ સમય જશે તેમ તેમ સંભવતઃ એપ્રિલમાં કેસોમાં ઝડપભેર અનેકગણો વધારો થઈ શકે તેમ છે. ભારતમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા વધીને ૧૨૬ પર અને કોરોનાથી મરનારાઓની સંખ્યા ૩ પર પહોંચી ગઈ છે. ભારતમાં ૧૨૬માંથી ૧૧૦ કેસો હોસ્પિટલમાં છે. અત્યારસુધી ૧૩ કોરોનાગ્રસ્ત દર્દીઓ સાજા થયા છે. કોરોનાના સૌથી વધુ પોઝીટીવ કેસો મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ગુજરાત સહિત મોટા ભાગના રાજ્યોએ સાવચેતીના પગલારૂપે શાળા-કોલેજો, જાહેર મેળાવડા, મોલ,સિનેમા,સ્નાનાગાર વગેરે. બંધ રાખ્યાં છે જેમાં ધાર્મિક આસ્થાના પ્રતિક સમાન જાણીતા મંદિરો પણ સાવચેતીના પગલારૂપે અમુક સમય સુધી બંધ રાખવામાં આવ્યાં છે. ભારત આ રોગચાળાના સ્ટેજ-૨માં પહોંચી ગયું છે અને ૩૦ દિવસ કટોકટીના છે ત્યારે ભારત સરકાર અને રાજ્યો સ્ટેજ-૨નો ગાળો હેમખેમ પસાર થઈ જાય તેની સવિશેષ તકેદારી રાખી રહ્યાં છે ત્યારે મુંબઈમાં મહત્વની એવી લોકલ ટ્રેન સેવાને અમુક સમય સુધી બંધ રાખવાની વિચારણા ચાલે છે.જેતી લોકોની અવરજવર બંધ થાય અથવા ઓછી થાય. સમગ્ર વિશ્વમાં આ રોગથી મરનારાઓની સંખ્યા ૭.૧૩૪ પર પહોંચી ગઈ છે. ચીન બાદ ઈટાલીમાં સૌથા વધુ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા છે.

સરકારી અનુદાનિત સંસ્થા ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના સેન્ટર ફોર એડવાન્સ્ડ રિસર્ચ ઈન વાઈરોલોજીના ભૂતપૂર્વ વડા ડો. ટી. જેકોબ જહોનનું માનવુ છે કે, ×તેઓ એટલે કે સરકાર સમજી રહી નથી કે આ એક હિમપ્રપાત છે,× જહોન, જે પોલિયો નાબૂદી પરના ભારત સરકારના નિષ્ણાત સલાહકાર જૂથના અધ્યક્ષ અને વેલોરની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજમાં રાષ્ટ્રીય એચ.આઈ.વી / એડ્સ સંદર્ભ કેન્દ્રના અધ્યક્ષ પણ હતા, તેઓ એમ પણ કહે છે કે ×જેમ જેમ દરેક અઠવાડિયું પસાર થાય છે તેમ હિમપ્રપાતરૂપી આફત મોટી અને મોટી થતી જશે.×

ચીનમાં દર ચોરસ કિલોમીટર વિસ્તારમાં માનવ વસ્તી માત્ર ૧૪૮ની છે જ્યારે ભારતમાં તેનું પ્રમાણ ૪૨૦ લોકોનું છે. એટલે કે ભારતમાં ચીન કરતાં પણ વધારે વસ્તીની ગીચતા અને એકબીજાના ચેપથી આ રોગ ફેલાતો હોય ત્યારે નિષ્ણાતો ભારતમાં આ રોગ વધવાની શક્યતાને નકારી કાઢતા નથી.

ભારતમાં મુખ્ય ચિંતા એ મહારાષ્ટ્રની છે, જે ભારતમાં સૌથી વધુ શહેરીકરણ અને આર્થિક રાજધાની મુંબઈ અને બેંચમાર્ક સ્ટોક એક્સચેંજ ધરાવે છે. મહારાષ્ટ્રમાં ૩૯ કેસ સાથે ચેપનો સૌથી મોટો ફેલાવો નોંધાયો છે. સોમવારે તેની સરકારે શહેરોને વર્ચુઅલ લોકડાઉન કરવાની હાકલ કરી છે. તમામ જાહેર સ્થળો બંધ કરી દેવી, યુનિવર્સિટીની પરીક્ષાઓ મુલત્વી રાખવી અને સરકારી કચેરીઓ અને ખાનગી કંપનીઓને ઓછામાં ઓછું અડધો કર્મચારીઓ ઘરેથી કામ કરે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે મુંબઈમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ×આ સમયે મહારાષ્ટ્ર બીજા તબક્કે છે.× ×પરંતુ જો આપણે ચેપને અને આ ચેપી રોગ ફેલાવવાથી રોકીશું નહીં, તો અમે ત્રીજા તબક્કા તરફ સરકી જઈશું અને તેનો અર્થ ચેપની સંખ્યામાં વધારો થશે,' તેમણે જણાવ્યું હતું. ×આપણે કોઈ પણ સંજોગોમાં આ રોગનો સામનો કરવો પડશે.'

૧૯૨ દેશોમાં વાયરસની એન્ટ્રી,અત્યાર સુધી ૧.૮૨ લાખ કેસ નોંધાયા

કોરોનાનો આતંકઃ અમેરિકામાં કર્ફ્યૂ,ફ્રાંસમાં લોકડાઉન,૭૦૦૦થી વધુ લોકોના મોત

ઈરાને ૮૫,૦૦૦ કેદીઓને હંગામી ધોરણે મુક્ત કર્યા

ઈરાને કોરોના વાઈરસની ભારે દહેશત વચ્ચે દેશભરની જેલોમાં રહેલા આશરે ૮૫,૦૦૦ કેદીઓને હંગામી ધોરણે મુક્ત કર્યા છે. મધ્ય પૂર્વ દેશમાં કોરોના ખૂબ જ ભયજનક સ્થિતિમાં ફેલાઈ ગયો છે ત્યારે તેની અસરને અટકાવવા માટે જેલોમાંથી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા છે. ઈરાનમાં મૃત્યુઆંક ૮૫૩ થયો છે ત્યારે ૧૪,૯૯૧ લોકોને સંક્રમણની અસર થઈ છે.

ઈટલીમાં ૪૮ કલાકની અંદર ૭૦૦થી વધુના મોતથી હાહાકાર, ન્યૂજર્સી-સેન ફ્રાંસિસ્કોમાં કર્ફ્યૂ, પાકિસ્તાનમાં ૧૮૬ કોરોનાના કેસ નોંધાયા

વૉશિંગ્ટન

કોરોના વાઈરસે દુનિયાના તાકાતવર દેશોને પણ ઘૂંટણિયે પડવા મજબૂર કરી દીધા છે. કોરોનાના સંક્રમમણથી બચવા અમેરિકાના બે મોટા રાજ્ય ન્યૂ જર્સી અને સાન ફ્રાન્સિસ્કોમાં કર્ફ્યૂની જાહેરાત કરી દેવામાં આવી છે. અમેરિકાના નાગરિકોને કહેવામાં આવ્યું છે કે શક્ય હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. અમેરિકાના રાષ્ટ્રપતિએ સોમવારે દેશવાસીઓને કહ્યું કે દસથી વધારે લોકો એકઠા ન થાય.

બીજી તરફ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોએ સોમવારના રોજો કોરોના વાઈરસને મુદ્દે રાષ્ટ્રને સંબોધિત કર્યા. જેમાં તેમણે આગામી ૧૫ દિવસ સુધી દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કોરોનાનો ચેપ ફેલાય નહીં તે માટે ફ્રાંસના નાગરિક ૧૫ દિવસ સુધી ઘરની બહાર ન નીકળે અને શક્ય હોય ત્યાં સુધી પોતાના સામાજિક સંપર્કને ઓછા કરી નાખો. જરુરી ટ્રીપની પરવાનગી આપવામાં આવશે અને જે આદેશનું ઉલ્લંઘન કરશે તેને દંડિત કરવામાં આવશે. લોક ડાઉન સફળ બનાવવા માટે સરકારે એક લાખ પોલીસકર્મીઓને રસ્તાઓ પર

અનુ. પાના નં. ૬ પર

AT-1 પ્રકારના બોન્ડધારકોને હવે રાતી પાઇ પણ નહીં મળે

યસબેંકના બોન્ડધારકોને રાતા પાણીએ નાહવાનો વારો આવ્યો...!

બેંકને બચાવનાર રોકાણકારોના કહેવાથી ૮,૬૯૦ કરોડના બોન્ડની રકમ માંડવાળ કરી દેવાઈ..!

ન્યુ દિલ્હી

ડૂબતા ડૂબતા બચાવી લેવાયેલી ખાનગી યસ બેંકના ખાતેદારોના ચહેરા પર મલકાટ હશે. કેમ કે જે પ્રતિબંધ નાણાં ઉપાડવાનો મૂકવામાં આવ્યો હતો તે દૂર થવા જઈ રહ્યો છે. પરંતુ આ બેંકના જેમણે વધારાના ટાયર-૧ પ્રકારના બોન્ડ ખરીધ્યા હતા તે અંદાજે ૮ હજાર કરોડના બોન્ડ હવે રાતોરાત ઝીરો થઈ ગયા છે...! આ બોન્ડધારકોને બોન્ડમાં કરેલા રોકાણનો એક રૂપિયો પણ મળવાનો નથી. કેમ કે સત્તાવાળાઓએ બેંકને બચાવવા અને દેવાની જવાબદારી ઓછી કરવા બોન્ડધારકોના આ બોન્ડની રકમ માંડવાળ(રાઈટ ઓફ) કરી નાંખી છે....! સાદા શબ્દોમાં કહીએ તો ૮ હજાર કરોડની કિંમતના બોન્ડધારકોને રાતા પાણીએ નવડાવી દેવામાં આવ્યાં છે. સરાર, રિઝર્વ બેંક કે એસબીઆઈ એમ કોઈએ પણ તેની જવાબદારી લીધી નથી.

સૂત્રોએ જણાવ્યું કે, સામાન્ય રીતે આ પ્રકારના બોન્ડને સુરક્ષિત એટલે કે બેંક ડૂબે તો પણ રકમ પરત મળશે એવી આશા રાખવામાં આવે છે. પરતું માંડવાળના નિર્ણયથી મોટી સંખ્યામાં રોકાણકારો આશ્ચર્યચકિત થઈ ગયા છે કારણ

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm



યુપીના મિરઝાપુરમાં આવેલા હનુમાન મંદિરમાં ગઈકાલે પુજારીઓએ કોરોના વાયરસના સંક્રમણને સમાપ્ત કરવા માટે પ્રાર્થના કરી હતી. તેઓએ સંક્રમિત લોકોને વહેલી તકે સ્વસ્થ થઈ જાય તેવી પણ પ્રભુ સમક્ષ પ્રાર્થના કરી હતી. તસ્વીરમાં માસ્ક લગાડીને પ્રાર્થના કરી રહેલા પુજારીઓ નજરે પડે છે.

કોંગ્રેસ તરફથી કોઇ પ્રતિનિધિ ન પહોંચતાં સુનાવણી ટળી

મધ્યપ્રદેશ સંકટ: મુખ્યમંત્રી,સ્પીકરને નોટિસ,સુપ્રિમમાં આજે વધુ સુનાવણી

ભાજપે તત્કાળ ફ્લોટ ટેસ્ટ કરાવવા માટે સુપ્રિમમાં અરજી કરી છે

ન્યુ દિલ્હી/ભોપાલ

મધ્ય પ્રદેશમાં ફ્લોર ટેસ્ટ માટે ભાજપે લાગે છે કે હજુ થોડી રાહ જોવી પડશે. ભાજપની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ટળી છે. આવું એટલા માટે થયું કારણ કે કોંગ્રેસની સરકાર તરફથી કોઈ પણ પ્રતિનિધિ પહોંચ્યો નહીં. હવે આ મામલે સુનાવણી બુધવારે ૧૦.૩૦ વાગે થશે. સુનાવણી દરમિયાન જજોએ કહ્યું કે તેઓ બીજા પક્ષની પણ વાત સાંભળવા માંગે છે. કોર્ટે તમામ પક્ષકારો, મુખ્યમંત્રી અને સ્પીકરને પણ નોટિસ પાઠવી છે. જે મુજબ બધાએ પોતાનો પક્ષ રજુ કરવાનો રહેશે.

અત્રે જણાવવાનું કે ભારતીય જનતા પાર્ટી તરફથી તાબડતોબ ફ્લોર ટેસ્ટની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. ભાજપના નેતા શિવરાજ સિંહ ચૌહાણે સુપ્રીમ કોર્ટમાં આ અરજી કરી હતી. ભાજપે આશા વ્યક્ત કરી હતી કે મધ્ય પ્રદેશમાં કર્ણાટકવાળી થશે.

રાજ્યપાલની ચિઠ્ઠીનો કમલનાથે મંગળવારે ચિઠ્ઠી લખીને જવાબ આપ્યો છે. કમલનાથે કહ્યું છે કે, રાજ્યપાલનો ૧૭ માર્ચે જ બહુમત સાબીત કરવાનો આદેશ ગેરબંદારણીય છે. ફ્લોર ટેસ્ટને લઈને સોમવારે ભોપાલમાં સવારથી લઈને રાત સુધી ખુબ ગરમાગરમી જોવા મળી હતી. સવારે વિધાનસભાની કાર્યવાહી રાજ્યપાલના ભાષણથી શરૂ થઈ. રાજ્યપલે એક મિનિટમાં ભાષણ પૂરું કરીને ચાલતી પકડી હતી. ત્યારબાદ સ્પીકરે ૨૬ માર્ચ સુધી કોરોનાના નામ પર વિધાનસભા સ્થગિત કરી દીધી. ત્યારબાદ ભાજપે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી. આ સાથે જ તમામ ૧૦૬ બીજેપી ધારાસભ્યોની રાજભવનમાં પરેડ પણ કરાવી. સાંજ થતા થતા તો રાજ્યપાલે મુખ્યમંત્રીને લેટર લખીને ફ્લોર ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો અને રાતો રાત કમલનાથ રાજ્યપાલને મળવા માટે રાજભવન પહોંચી ગયા હતાં. આ ઉપરાંત મોડી રાત્રે મુખ્યમંત્રી કમલનાથે જણાવ્યું કે, ભાજપ ઈચ્છે તો અવિશ્વાસ પ્રસ્તાવ લાવે. કોંગ્રેસ પાસે બહુમત છે અને આથી તેઓ ફ્લોર ટેસ્ટ માટે તૈયાર નથી. એક દિવસ પહેલા જ તેમણે જણાવ્યું હતું કે, તેઓ ફ્લોર ટેસ્ટ માટે તૈયાર છે. જો કે હવે તેઓ ફ્લોર ટેસ્ટ ટાળવાનો પ્રયત્ન કરી રહ્યાં છે.

જેએનયુ ફરી વિવાદોમાં: જિન્નાના પોસ્ટરો લાગ્યા,સાવરકરના નામ પર કૂચડો ફેરવાયો

ન્યુ દિલ્હી

દિલ્હીની જવાહરલાલ નહેરૂ યૂનિવર્સિટી એકવાર ફરી ચર્ચામાં આવી ગઈ છે. કેમ્પસમાં આ વખતે મહમદ અલી ઝીણાનાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે. સોમવાર રાત્રે કેટલાક અસામાજિક તત્વોએ કેમ્પસની અંદર વિનય દામોદર સાવરકર માર્ગનાં સાઈન બૉર્ડ પર સફેદ પેઈન્ટથી બીઆર આમ્બેડકર માર્ગ લખી દીધું હતુ. તો કેટલાક સમય પછી તેના પર સહી ફેંકીને ઝીણાનાં પોસ્ટર લગાવી દેવામાં આવ્યા હતા.

સવાર થતા ઝીણાની તસવીરને ત્યાંથી હટાવીને ફરી પેઈન્ટથી આમ્બેડર માર્ગ લખી દેવામાં આવ્યું હતુ. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનાં પ્રેસિડન્ટ શિવમ ચૌરાસિયાનું કહેવું છે કે અસામાજિક તત્વો દ્વારા આ શરમજનક હરકત કરવામાં આવી. અમે કૉલેજ એડમિનથી સંપૂર્ણ તપાસ માંગીએ છીએ. જો કે જેએનયૂ એડમિનિસ્ટ્રેશન અથવા પોલીસને કોઈ લેખિત ફરિયાદ હજુ સુધી આપવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે કેટલાક સમય પહેલા જ જેએનયૂ તંત્રએ કેમ્પસની અંદર એક રોડને વિનય દામોદર સાવરકર માર્ગ નામ આપવામાં આવ્યું હતુ. કેમ્પસનાં આ નિર્ણય પર વિદ્યાર્થીઓએ વાંધો ઉઠાવ્યો હતો. તો જેએનયૂ વિદ્યાર્થી સંઘની અધ્યક્ષ આઈશી ઘોષે પણ આની નિંદા કરતા ટ્વીટ કરીને જેએનયૂ તંત્રને આડેહાથે લીધું હતુ, પરંતુ જેએનયૂ વહીવટી તંત્ર અડગ રહ્યું અને રોડનાં નામમાં કોઈ બદલાવ નથી કર્યો. જેએનયૂ પ્રશાસને જે રોડનું નામ વિનય દામોદર સાવરકર માર્ગ રાખ્યું હતુ, તે જ રોડનાં સાઈન બૉર્ડ પર કેટલાક અસામાજિક તત્વોએ નામ બદલીને આમ્બેડકર માર્ગ કરી દીધુ હતુ. એટલું જ નહીં અસામાજિક તત્વોએ સાઈન બૉર્ડ પર ઝીણાનાં પોસ્ટર પણ લગાવ્યા. આ હરકત કરવા પાછળ કોણ કોણ છે તેનો ખુલાસો અત્યાર સુધી થઈ શક્યો નથી. તો પોલીસનું કહેવું છે કે આ સંબંધમાં અત્યાર સુધી કોઈ ફરિયાદ પ્રાપ્ત નથી થઈ.

કોંગ્રેસની સુપ્રિમ કોર્ટમાં અરજી: ભાજપે અમારા ૧૬ ધારસભ્યોનું અપહરણ કર્યું

ન્યુ દિલ્હી

મધ્યપ્ર દેશ કોંગ્રેસ ધારાસભ્ય દળે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. જેમાં કોંગ્રેસે પોતાના ૧૬ ધરાસભ્યોને બંદી બનાવવાનો આરોપ ભાજપ પર લગાવ્યો છે.

કોંગ્રેસ પાર્ટીએ ધારાસભ્યોને ભાજપથી આઝાદ કરવાની માગ કરી છે. મધ્યપ્રદેશમાં ફ્લોર ટેસ્ટ પર સુપ્રીમ કોર્ટમાં મંગળવારે સુનાવણી સ્થગિત કરવામાં આવી છે. જેથી હવે આ મુદ્દે બુધવારે સુનાવણી હાથ ધરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન મુખ્યપ્રધાન કમલનાથ અને સ્પીકરને નોટિસ ફટકારી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ લાલજી ટંડને એ મુખ્યપ્રધાન કમલનાથને પત્ર લખીને મંગળવારે જ ફ્લોર ટેસ્ટ કરવાની માગ કરી હતી.

યોગી આદિત્યનાથને આતંકવાદી કહેનાર વકિલની રાજદ્રોહના કેસ હેઠળ ધરપકડ

લખનઉ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને આતંકવાદી કહેવાના આરોપમાં કાનપુર જિલ્લા અદાલતના એક વકીલ વિરૂદ્ધ રાજદ્રોહનો કેસ નોંધીને તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

રિપોર્ટ અનુસાર, અબ્દુલ હન્નાન નામના વકીલે રવિવારે રાજ્યના સૂચના વિભાગના મીડિયા સલાહકાર શલભ મણિ ત્રિપાઠીના એક ટ્વિટ પર કોમેન્ટ કરી હતી. અસલમાં ત્રિપાઠીએ રાજ્ય વિધાનસભામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ભાષણનો એક ભાગનો વીડિયો ટ્વિટ કર્યો હતો.

આ વીડિયોમાં મુખ્યમંત્રી નાગરિકતા સંશોધન કાનૂન (સીએએ) અને રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર (એનઆરસી)ના વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા લોકો પર પોલીસે કરેલા લાઠીચાર્જનું સમર્થન કરી રહ્યાં છે.

આ વીડિયોને શેર કરીને ત્રિપાઠીએ ટ્વિટ કરતા કહ્યું હતુ કે, 'તમે દસ્તાવેજ બતાવશો નહીં અને દંગાઓ પણ ફેલાવશો તો અમે લાઠી પણ ચલાવીશું, ઘર-બાર પણ વેચાઈ મારીશું અને હાં પોસ્ટર પણ લગાવીશું.'

WHOએ કોરોના સામે ભારત સરકારના ત્વરિત પગલાની પ્રશંસા કરી

ન્યુ દિલ્હી

વિશ્વ આરોગ્ય સંસ્થાએ મંગળવારે કોરોના વાઈરસ સામેની લડત પ્રત્યે ભારત સરકારની કટિબદ્ધતાની પ્રશંસા કરી છે. કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સાથે બેઠક યોજ્યા બાદ ભારતમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધિ હેંક બેકેડમે ભારત દ્વારા કોરોના વાઈરસ સામેની લડતને લઈ જે સફળ પ્રયત્ન કરવામાં આવ્યા છે તેની પ્રશંસા કરવામાં આવી છે. મારા મતે ભારત સરકારના સર્વોચ્ચસ્તર પ્રધાનમંત્રી કાર્યાલયથી લઈ તમામ લેવલે ખૂબ જ ત્વરીતતાથી કામગીરી કરવામાં આવી છે અને આ કામગીરી પ્રભાવશાળી રહી છે.ભારત જે સારી કામગીરી કરી રહ્યું છે તેના કેટલાક કારણો પૈકીનું આ પણ એક કારણ છે.હું ખરેખર એ બાબતથી પ્રભાવિત છું કે દરેક વ્યક્તિને ખસેડવામાં આવી રહી છે, તેમ બેકેડમે જણાવ્યું હતું. ભારત અને ખાસ કરીને આઈસીએમઆર તથા ડિપાર્ટમેન્ટ હેલ્થ રિસર્ચ ખૂબ જ સારી સંશોધન ક્ષમતા ધરાવે છે.તેઓ કોરોના વાઈરસને અલગ-થલગ કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે.

ફિલિપાઈન્સમાં ૬૦૦થી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ ફસાયા: મનિલાને લોકડાઉન કરાયું

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની મહામારી વચ્ચે ફિલિપાઈન્સમાં ગુજરાતી અને ભારતના અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ ફસાયા છે. હાલમાં ફિલિપાઈન્સની રાજધાની મનિલાને લોકડાઉન કરવામાં આવી છે. જેના કારણે ત્યાં રહીને એમબીબીએસના વિદ્યાર્થીઓ ફસાયા છે જેમાં એકલા મનિલામાં ગુજરાતી ૨૫થી ૨૬ જેટલા વિદ્યાર્થીઓ ફસાયેલા છે. જ્યારે આખાયે ફિલિપાઈન્સમાં અંદાજે ૬૦૦ થી ૭૦૦ ગુજરાતી વિદ્યાર્થીઓ ફસાયા છે.

હાલમાં અમુક વિદ્યાર્થીઓનો પાસપોર્ટ રીન્યુ કરવા ગયેલો છે એડવાઈઝરીના કારણે ૧૪ એપ્રિલ સુધી વિદ્યાર્થીઓને પાસપોર્ટ મળી શકે તેમ નથી. ઈન્ડિયન એમ્બેસી અને ફિલિપિન્સ સરકારે ટ્રાવેલ કરવા માટે ૭૨ કલાકનો સમય આપ્યો હતો.તમામ વિદ્યાર્થીઓએ મોંઘા ભાવે ટિકિટ બુક કરાવી છતાં પણ તે સ્વદેશ પરત ફરી શકતા નથી. તમામ વિદ્યાર્થીઓએ માધ્યમથી ગુજરાત અને ભારત સરકારને અપીલ કરી છે કે તેમને જલ્દીથી સ્વદેશ પરત લાવવામાં આવે.

કોરોનાથી જોખમમાં જીવ: સ્પેનિશ ફુટબોલ ક્લબના ૩૫ ટકા ખેલાડીઓ પોઝિટિવ

બર્લિન

સ્પેનિશ ફુટબોલ ક્લબ વેલેન્સિયાએ પુષ્ટિ કરતા જણાવ્યું કે, તેના ૩૫ ટકા ખેલાડી અને સ્ટાફ કોરોના વાયરસથી પીડિત થઈ ગયા છે. ક્લબે એક નિવેદનમાં કહ્યું કે, આ વાયરસ હાલમાં ટીમના મિલાન પ્રવાસથી આવ્યો છે, જ્યાં તે ચેમ્પિયન્સ લીગના અંતિમ-૧૬ની પ્રથમ તબક્કાની મેચમાં અટલાન્ટા સામે રમવા ગયા હતા. એક દિવસ બાદ ઈટાલીના અધિકારીઓએ તેને જોખમભર્યું સ્થાન જાહેર કરી દીધું હતું.

નિવેદન પ્રમાણે, 'ક્લબે યૂએઈએફ ચેમ્પિયન્સ લીગમાં એટલાન્ટા વિરુદ્ધ ૧૯ ફેબ્રુઆરીએ મિલાનમાં રમાયેલી મેચમાં તમામ સુરક્ષા ઉપાયોગનું પાલન કર્યું, જેમાં ટીમો અને ક્લબના કર્મચારીઓથી દૂર રહેવું પણ સામેલ છે. હાલના પરિણામોથી જાણવા મળ્યું છે કે આ રીતે મેચને કારણે અમારી ટીમની કોરોના વાયરસની તપાસ ૩૫ ટકા સકારાત્મક આવી છે.'

ક્લબે રવિવારે જણાવ્યું કે, તેના પાંચ ખેલાડી કોરોના વાયરસથી પીડિત છે, જેમાં ડિફેન્ડર ઈજક્વેએલ ગૈરે સામેલ છે. સ્પેનમાં મોટી ફુટબોલ લીગોને કોરોના વાયરસના કારણે અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

કોરોના વાયરસનો આર્થિક ક્ષેત્રે પણ પગપેસારો

મૂડીઝે ભારતનો જીડીપી ગ્રોથ ઘટાડી ૫.૩ ટકા કર્યો

આ પહેલાં મૂડીઝે ભારતનો જીડીપી ગ્રોથ ૫.૪ ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યું હતુ



ન્યુ દિલ્હી

કોરોના વાયરસના અસરને પગલે રેટિંગ એજન્સી મૂડીઝે વર્ષ ૨૦૨૦ માટે ભારતના જીડીપી ગ્રોથના અનુમાનને ઘટાડીને ૫.૩ ટકા કરી દીધું છે. મૂડીઝે ફેબ્રુઆરીના પોતાના ગત અનુમાનની તુલનામાં ૧૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કર્યો છે. આ પહેલા મૂડીઝે ૨૦૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ ૫.૪ ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યું હતું.

રેટિંગ એજન્સીએ સ્પષ્ટપણે કહ્યું છે કે આવનારા દિવસોમાં કોરોના વાયરસની અસર ભારતીય અર્થવ્યવસ્થા પર પણ દેખાશે કેમકે આ સંક્રમણના પગલે ઔદ્યોગિક ગતિવિધિઓમાં અવરોધની સ્થિતિ પેદા થઈ છે. મૂડીઝે પહેલા ભારતનો જીડીપી ગ્રોથ ૬.૬ ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યું હતું. પરંતુ હવે આ સતત ઘટતો જઈને ૩.૩ ટકા સુધી ઘટી ગયો છે. વર્ષ ૨૦૧૮માં દેશનો જીડીપી ૭.૪ ટકા જ હતો. ૨૦૧૯ની તુલનામાં ૨૦૨૦ અને ૨૦૨૧માં ભારતની અર્થવ્યવસ્થામાં સુધારની આશા દર્શાવાઈ રહી હતી, પરંતુ કોરોના વાયરસની અસરને પગલે મોટો ઝટકો લાગ્યો છે. મંગળવારે રેટિંગ એજન્સીએ કહ્યું કે કોરોના વાયરસને પગલે ઘરેલૂ ખર્ચમાં ઘટાડો જોવા મળી શકે છે. આ ઉપરાંત એક્સપોર્ટમાં પણ ઘટાડો જોવા મળી શકે છે. તેનાથી ભારતની અર્થવ્યવસ્થાની ગ્રોથમાં ઘટાડો થવાની આશંકા છે. આ પહેલા ૧૭ ફેબ્રુઆરીએ મૂડીઝે વિકાસ દરનું અનુમાન ૬.૬ ટકાથી ઘટાડી અને ૫.૪ ટકા કરી દીધું હતું. રેટિંગ એજન્સીનું અનુમાન છે કે કોરોના વાયરસના કારણે વિશ્વભરના અર્થતંત્રને અસર પડી છે.

સેન્સેક્સ ૮૧૦ અંક ઘટી ૩૦૫૭૯ તો નિફ્ટી ૨૩૦ અંક માઈનસ સાથે ૮૯૬૭ની સપાટીએ

સેન્સેક્સમાં ૮૧૦ અંકોનું ગાબડું: નિફ્ટી ૩ વર્ષના તળિયે બંધ

મુંબઈ

સોમવારે રાત્રે યુએસ માર્કેટમાં સર્જાયેલ ભારે તારાજી બાદ આજે ભારતીય શેરમાર્કેટમાં પણ મસમોટા ગાબડાની આશંકા સેવાઈ રહી હતી પરાતુ, આજે બેંચમાર્ક ઈન્ડેક્સ સોમવારના હેવી સેલઓફ બાદ વધીને ખુલ્યાં હતા. જોકે સવારના સત્રમાં જ ઉછાળો ધોવાયો હતો અને ઈન્ડેક્સ ૨%ની તેજી ગુમાવી નેગેટીવ ઝોનમાં સરક્યાં હતા. બપોરે ૧૨ કલાકે ભારતના શેરબજાર ૧%ના વધારા સાથે ટ્રેડ કરી રહ્યાં હતા અને યુરોપના બજારો ૪%ના ઉછાળે ખુલ્યા હતા.

૨ વાગ્યાના સુમારે યુએસ ફ્યુચર્સની સાથે યુરોપના બજાર ઉપલા મથાળેથી ગગડ્યા તો ભારતમાં પણ વેચવાલી હાવી થઈ હતી. ૨.૩૦ વાગે સેલિંગ પેનિક સર્જાતા સેન્સેકસ-નિફ્ટીમાં મસમોટું ગાબડું જોવા મળ્યું હતુ. બેંકિંગ શેરોના ઘટાડે સેન્સેક્સ-નિફ્ટી ૩% સુધી તૂટ્યાં હતા. મંગળવારે એનએસઈ સૂચકઆંક ૨૩૦ અંકોના કડાકે ૮૯૬૭ના લેવલે અને સેન્સેકસ પણ ૮૧૦ અંક નીચે ૩૦,૫૭૯ના લેવલે બંધ આવ્યા છે. સેન્સેકસ ૩૪ માસના તળિયે અને નિફ્ટી ઈન્ડેક્સ ૩ વર્ષના તળિયે બંધ આવ્યા છે.

સેન્સેકસના ૩૦માંથી ૨૭ શેર ઘટાડા સાથે અને માત્ર ૩ શેર વધીને બંધ આવ્યા છે. બીએસઈના બધા જ સેક્ટોરિયલ ઈન્ડાયસિસ નગેટીવ ઝોનમાં બંધ આવ્યા છે. સ્મોલકેપ ઈન્ડેકસ ૨.૨૭%(૨૫૧ પોઈન્ટ) અને મિડકેપ ઈન્ડેકસ ૧.૮૪%(૨૧૮ પોઈન્ટ) ઘટ્યાં છે. બીએસઈ ખાતે માત્ર ૭૭૭ શેર વધીને બંધ આવ્યા છે, સામે પક્ષે ૧૬૫૨ શેરમાં ઘટાડો નોંધાયો છે અને તેમાંથી ૪૦૨ શેરમાં નીચલી સર્કિટ લાગી હતી.

બેંક શેરોમાં ભારે ધોવાણની વચ્ચે આજે યસ બેંક ૫૮ ટકાના વધારા સાથે ૫૮ રુપિયાના સ્તરે બંધ થયો હતો. આ શેરે ૧૦ જ દિવસમાં ૫.૬૫ રુપિયાના તળીયેથી ૧૦૦૦ ટકા રિકવરી બતાવી છે. બીએસઈ સેન્સેકક્સના આજે સૌથી વધુ ઘટનારા શેર્સમાં બેંક શેર્સ ટોચ પર રહ્યા હતા. ઈન્ડસિન્ડ બેંકનો શેર ૯ ટકા ઘટીને ૬૦ રુપિયાના ઘટાડા સાથે ૬૦૪ રુપિયાના સ્તરે બંધ થયો હતો. આઈસીઆઈસીઆઈનો શેર પણ આજે ૮.૮૫ ટકા ઘટી ૩૫ રુપિયાના ઘટાડા સાથે ૩૬૭ રુપિયાના સ્તરે બંધ આવ્યો છે. બજાજ ફાઈનાન્સ, અને કોટક બેંક પણ આજે ક્રમશઃ ૬.૧૯ ટકા અને ૪.૪૧ ટકા તૂટ્યા છે. એક્સિસ બેંકમાં પણ આજે ૩.૯૮ ટકાનો જ્યારે એચડીએફસીમાં ૪.૬૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.



મહિલાઓમાં પણ પુરુષ અધિકારીઓની જેમ જ સમુદ્રમાં રહેવાની કાબિલિયત

મહિલા અધિકારીઓને હવે નૌસેનામાં મળશે કાયમી કમિશનઃ સુપ્રિમ કોર્ટ

આ પહેલા સુપ્રીમ કોર્ટે સેનામાં મહિલાઓને પરમનન્ટ કમીશન આપવાનો આદેશ આપ્યો હતો

ન્યુ દિલ્હી

આર્મી બાદ હવે નેવીમાં પણ મહિલા ઓફિસરોને કાયમી કમિશન મળશે. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ ચૂકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ઈન્ડિયન નેવીમાં પરમેનેન્ટ કમિશન આપવા સમયે મહિલા અને પુરૂષોને એક સમાન અધિકાર મળવો જોઈએ. જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની આગેવાની ધરાવતી આ બેંચે નેવીમાં કામ કરી રહેલી મહિલા ઓફિસરોને ત્રણ મહિનાની અંદર કાયમી કમિશન આપવા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, નેવીમાં શૉર્ટ સર્વિસ કમિશન અંતર્ગત સેવા આપી રહેલી મહિલાઓને કાયમી કમિશન આપવાનો ઈંકાર કરવો તેમની સાથે અન્યાય છે. સુપ્રીમ કોર્ટે અગાઉ મહિલાઓને ઈન્ડિયન આર્મીમાં કાયમી કમિશન આપવાના પક્ષમાં ચુકાદો આપ્યો હતો.

કાયમી કમિશન મળવાથી શોર્ટ સર્વિસ કમિશનથી ઉલટુ મહિલાઓ નિવૃતિ સુધી ઈન્ડિયન નેવીની સેવા કરી શકશે. શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત મહિલા હોય કે પુરુષ તેમને ૧૦ વર્ષ સુધી નોકરીની મંજૂરી મળે છે. જેને વધુમાં વધુ વધારીને ૧૪ વર્ષ કરવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે આ વર્ષે ફેબ્રુઆરીમાં જણાવ્યું હતું કે, આર્મીમાં કામ કરનારી તમામ મહિલા ઓફિસરોને કાયમી કમિશન મળશે. પછી ભલેને તેમણે કેટલા વર્ષ નોકરી કેમ ના કરી હોય? સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, આર્મીએ નૉન કૉમ્બેટ સપોર્ટ યુનિટોમાં મહિલા ઓફિસરોને કાયમી કમિશન આપવામાં આવે. તેમને પુરુષ ઓફિસરોને બરાબર રાખવામાં આવે. જો મહિલા ઓફિસરો શોર્ટ સર્વિસ કમિશનને પૂર્ણ કર્યા બાદ કાયમી કમિશન ઈચ્છે તો તેમને તેનો પૂરો હક્ક મળવો જોઈએ. ૧૯૫૦માં બનેલા આર્મી એક્ટ અંતર્ગત મહિલાઓને કાયમી કમિશન માટે ગેરલાયક ઠેરવવામાં આવી હતી. જેને ૪૨ વર્ષ બાદ ૧૯૯૨માં સરકારે ૫ બ્રાંચોમાં મહિલા અધિકારી બનાવવાની અધિસૂચના જાહેર કરી હતી. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે સરકારને આદેશ આપ્યો કે, આર્મીમાં મહિલાઓને સ્થાયી કમિશન આપવામાં આવે.

પાકિસ્તાનની અવળચંડાઈઃ માનકોટ-માંઢેર સેક્ટરમાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું

શ્રીનગર

પાકિસ્તાન તેની નાપાક હરકતોથી બાજ નથી આવી રહ્યું. મંગળવારે સવારે ફરી એકવાર સીઝ ફાયરનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે સવારે છ વાગ્યે પાકિસ્તાની સેના તરફથી મોર્ટારથી હુમલો થયો હતો. આ હુમલા સરહદની પાસે આવેલ માનકોટ અને માંઢેર સેક્ટરમાં કરવામાં આવ્યા છે.

પાકિસ્તાન આ વિસ્તારોમાં રહેણાંક વિસ્તારોથી લઈને મોર્ટાર એટેક સુધી સતત ફાયરિંગ કરી રહ્યું છે. આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી. પાકિસ્તાની સેના જમ્મુ-કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર અને એલઓસી પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરતી રહે છે. જેને ભારતીય સેના દ્વારા સતત જડબાતોડ જવાબ આપવામાં આવે છે. હવે ભારતીય સેનાએ પાકિસ્તાનને પાઠ ભણાવવા એન્ટી-ટેંક ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ કર્યો છે. ભારતીય સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર કુપવાડા સેક્ટરની સામે સ્થિત પાકિસ્તાની સૈન્ય ચોકીઓને નિશાન બનાવવા માટે સૈન્ય સૈનિકોએ તાજેતરમાં એન્ટિ ટેંક ગાઈડેડ મિસાઈલોનો ઉપયોગ કર્યો હતો. આતંકવાદીઓને ભારતમાં ધકેલવા પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ફાયરિંગના જવાબમાં ભારતીય સેના દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

લલિત કગથરાનો દાવોઃ ભાજપના ત્રણ ધારાસભ્યો કોંગ્રેસના સંપર્કમાં

જયપુર

રાજ્યસભાની ચૂંટણીમાં ત્રીજી બેઠક જીતવા માટે મરણિયા બનેલા ભાજપના નેતાઓએ કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની શરૂ કરેલી પ્રવૃત્તિને કારણે સોમવારે શરૂ થનારી વિધાનસભાની બેઠક ભારે તોફાની બની રહેવા સંભવ છે. જો કે કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને ત્રણ પાર્ટમાં રાજસ્થાન ભેગા કરી દીધા છે. ત્યારે ઘરમાં એક બાજુ ભંગાણ ચાલતું હોય ત્યારે તેને બચાવવા માટે કોંગ્રેસના ધારાસભ્યો મરણિયા પ્રયાસ કરી રહ્યા છે. હાલ કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરાએ એક મોટો દાવો કર્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરા એક મોટો દાવો કરીને રાજનીતિમાં ભૂકંપ લાવી દીધો છે, પરંતુ તેમના દાવામાં કેટલી સચ્ચાઈ છે એતો આવનારો સમય જ બતાવી શકે તેમ છે. કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરાએ જણાવ્યું છે કે, ભાજપના ત્રણ ધારાસભ્યો અમારા સંપર્કમાં છે, જે ક્રોસ વોટિંગ કરીને ભાજપનું ગણિત બગાડી શકે છે. બીટીપીના મત ભાજપને જ મળશે તેવુ ચર્ચાઈ રહ્યું છે, પરંતુ એવું કંઈ નથી. બીટીપીના મત અમને પણ મળી શકે છે અને આખી બાજી પલટાઈ શકે છે.

સેના માટે બોમ્બ અને દારૂગોળા ભરેલી માલગાડી પલટીઃ મોટી જાનહાનિ ટળી

રાંચી

ભારતીય સેનાની બોમ્બ, દારૂગોળા, ટેંક તેમજ સેનાની ગાડીઓ લઈને જઈ રહેલી ટ્રેન પલટી ગઈ હતી. ત્યારબાદ સેનાએ આસપાસના વિસ્તારને ઘેરી લીધો છે. આ ઘટના સોમવારે સવારે ૫ વાગ્યાની છે. આ અકસ્માતના કારણે ટ્રેનની અવર જવર બંધ થઈ નથી.

સેનાની ખાસ ટ્રેન જે બોમ્બ, દારૂગોળા અને ટેંક લઈને જઈ રહી હતી. એ લાતેહાર જિલ્લાના ટોરી રેલ્વે સ્ટેશન પાસે પલટી ગઈ હતી. દક્ષિણ પૂર્વ રેલ્વે લાઈનથી મધ્ય પૂર્વ રેલ્વે લાઈનમા ટ્રેક બદલવાના સમયે ટ્રેન બે પાટામા ફંટાઈ ગઈ હતી.

અકસ્માતના સ્થળે મિલિટ્રી સ્પેશ્યલ ટ્રેન નં. ૮૨૦૬૮૯૬૦૪૨ ત્યારે રોકાઈ જ્યારે તેના આગળના પૈડા બે પાટાની વચ્ચે ફસાઈ ગયા. સેનાએ આસપાસના સમગ્ર વિસ્તાર પર કબજો કરી લીધો છે અને લોકોને ત્યાં જવા પર મનાઈ કરવામા આવી છે.

સુરક્ષાને જોતા રેલ્વે કર્મચારીઓ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિને ત્યાં જવા પર પરવાનગી નથી. આ ટ્રેન રાંચીથી નીકળી હતી. ટ્રેનમા સેનાના હથિયાર, ટેંક અને ટેંકર લઈ જવામા આવતા હતા.

રેલ્વેના અધિકારીઓએ જણાવ્યુ કે, ટ્રેન ટોરી રેલ્વે સ્ટેશન પાસે ટ્રેક બદલવાના કારણે પલટી ગઈ હતી. અકસ્માતમા કોઈપણ જાનહાનિ થઈ નથી. રેલ્વે અધિકારીઓએ બે પાટા પરની ટ્રેનને સીધી કરી દીધી છે.

પાટા બદલવાના સમયે ટ્રેનની સ્પીડ ધીમી હતી. જો ટ્રેન તેની પહેલાની સ્પીડમા હોત તો એક મોટો અકસ્માત થવાની સંભાવના વધી જાત.

ન્યૂઝીલેન્ડમાં કોરોનાને ટક્કર મારવા ૭.૩૬ અબજ ડોલરનું પેકેજ જાહેર

ન્યૂઝીલેન્ડ સરકારે મંગળવારે કોરોના વાઈરસને ટક્કર આપવા ૭.૩૬ અબજ ડોલરનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. કોરોના વાઈરસના કારણે ન્યૂઝીલેન્ડની અર્થવ્યવસ્થા પર ગંભીર પ્રભાવ પડ્યો છે. અહીંની સરકારી એરલાઈન્સ કંપની એર ન્યૂઝીલેન્ડે સોમવારે કહ્યું હતું કે, તેઓ ખોટ ઓછી કરવા ૨૦ ટકા કર્મચારીઓની છટણી કરશે. રાહત પેકેજ વિશે વડાપ્રધાન જેસિન્ડા અર્ડેને કહ્યું, પોતાના લોકોની સુરક્ષા અને અર્થવ્યવસ્થામાં સુધારો લાવવા માટે આ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈમાં લોકલ ટ્રેનને બંધ કરવા વિચારણા

કોરોના વાઈરસના કારણે મહારાષ્ટ્રમાં એક વ્યક્તિનું મોત થતા અને ૩૮ કેસ પોઝિટિવ આપતા ઉદ્ધવ સરકારે તેની ગંભીરતાથી નોંધ લીધી છે. સાવચેતીના પગલા રૂપે ઉદ્ધવ સરકાર મુંબઈમાં લોકલ ટ્રેનને થોડા દિવસ માટે બંધ રાખવાનું વિચારી રહી છે. રાજ્યના આરોગ્ય મંત્રી રાજેશ તોપેએ આ જાણકારી આપતા કહ્યું હતુંકે કોરોનાના ફેલાવાને અટકાવવા માટે અને લોકો એકબીજાથી દૂર રહે તે માટે આ મોટું પગલું ઉઠાવવામાં આવી શકે છે. મહારાષ્ટ્ર કેબિનેટમાં આ અંગે ચર્ચા કરવામાં આવશે પછી નિર્ણય લેવાશે.

નાગપુરમાં કોરોનાને ફેલાવાતો અટકાવવા કલમ ૧૪૪ લાગુ કરાઈ

કોરોના વાયરસની મહામારી દેશમાં વધુ વકરે નહીં તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો સંયુક્ત રીતે પ્રયાસ કરી રહી છે. મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધુ દરદીઓ નોંધાતા નાગપુર ખાતે સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. કોરોના વાયરસને વધુ ફેલાતો અટકાવવાના હેતુથી તેમજ લોકોના સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ આદેશ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું છે. નાગપુરના જેસીપી રવિન્દ્ર કદમે તેમના આદેશમાં જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે કોરોના વાયરસનો ફેલાવો વધ્યો છે અને ભારતમાં પણ કેટલાક પોઝિટિવ કેસ નોંધાયા છે. નાગપુરમાં પણ કોરોનાના કેટલાક પોઝિટિવ કેસ જોવા મળ્યા છે.

કોરોના વાયરસથી સ્પેનનાં યુવા ફૂટબોલ કોચનું મોત

સ્પેનિશ ફૂટબોલ ક્લબ એટલેચિકો પોરડાટાના કોચ ફ્રાન્સિસકો ગ્રેસિયાનું કોરોના વાઈરસ ઈન્ફેક્શન પછી નિધન થયું છે. મંગળવારે એટલેટિકો પોરટાડા દ્વારા ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી આપવામાં આવી છે. ગ્રેસિયા એટલેટિકોના યૂથ ટીમના હેડ કોચ હતા. થોડા દિવસ પહેલાં તેમણે કોરોનાનું ઈન્ફેક્શન થયું હતું. સારવાર પછી પણ તેમનો જીવ ન બચાવી શકાયો. ક્લબે એક નિવેદનમાં ગ્રેસિયાના દેહાંત પર દુખ વ્યક્ત કરતા કહ્યું છે કે, અમે ગ્રેસિયા વગર શુ કરી શકીશું. અમુક મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ગ્રેસિયાને બ્લડ કેન્સર પણ હતું.

વાયરસનો કહેરઃ ઈરાનના ધાર્મિક નેતા આયતુલ્લાહ હાશીમ બાથેઈનું મોત

ઈરાનના સર્વોચ્ચ નેતાની ચુંટણી કરનારા દેશનાં સર્વોચ્ચ ધાર્મિક સંગઠનનાં એક ૭૮ વર્ષીય સભ્યનું મૃત્યુ કોરોનાવાયરસ ચેપને કારણે થયું છે. ઈરાની ન્યૂઝ એજન્સી ફાર્સ અને તસ્નિમના અહેવાલો અનુસાર, 'મજિલસે ખબરગાને રહબરી'ના સભ્ય, આયતુલ્લાહ હાશીમ બાથેઈનું મૃત્યુ કોરોના વાયરસના ચેપને કારણે થયું છે. આ મજલિસને દેશના ટોચના નેતાને ચૂંટવાનો અને દૂર કરવાનો અધિકાર છે. આ નેતા દેશની તમામ મહત્વપૂર્ણ નીતિઓ પર અંતિમ નિર્ણય લે છે.

ન્યુઝ એજન્સીઓએ જણાવ્યું કે ઈરાનના ઘણા ઉચ્ચ અધિકારીઓ આ વાયરસથી ચેપગ્રસ્ત છે, જેમાંથી ઘણાની હાલત ખુંબ જ નાજુક મનાય છે.ઈરાનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૧૨૯ વધુ લોકોના મોત થઈ ગયા છે, ત્યારબાદ મૃતકોની સંખ્યા વધીને ૮૫૩ પહોંચી ગઈ છે. ઈરાનમાં, ૧૪૦૦૦ થી વધુ લોકો કોરોના ચેપથીની ઝપેટમાં છે.

યૂપીમાં સરકારી કર્મચારીઓને ઘરેથી કામ કરવા સૂચના

યુપીમાં કોરોના વાયરસના જોખમને ધ્યાનમાં રાખીને સરકારે મહત્વનો નિર્ણયો લીધા છે. સરકારી કચેરીઓમાં થતી ભીડને ખતમ કરવા માટે હવે સરકારી કર્મચારીઓને ઘરેથી કામ કરવા સૂચના અપાઈ છે. કોરોના વાયરસની યુપીમાં મફત સારવાર કરવાની જાહેરાત કરાઈ છે.આ માટે એક કમિટી પણ બનાવાઈ છે. આ સિવાય યુપીમાં શાળા કોલેજ, તમામ પરિક્ષાઓ સ્થગિત કરી દેવાઈ છે. સ્કૂલો, કોલેજો અને થીયટરો બંધ રાખવાની તારીખ આગળ વધારીને ૨ એપ્રિલ કરી દેવાઈ છે. યુપીના તમામ પર્યટન સ્થળો પણ ૩૧ માર્ચ સુધી બંધ રહેશે. માસ્ક અને સેનિટાઈઝરના કાળાબજાર ના થાય તે માટે ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટને તાકીદ કરવામાં આવી છે. કાળા બજાર કરનારાઓ પણ આકરી કાર્યવાહી થશે તેવુ એલાન યુપી સરકારે કર્યુ છે.

ઓલિમ્પિક તૈયારીને છોડી બાકી તમામ રાષ્ટ્રીય શિબિર સ્થગિત

ન્યુ દિલ્હી

કોરોનાવાયરસને કારણે રમત મંત્રાલયે મંગળવારે ઓલિમ્પિકની તૈયારી સિવાયના તમામ તાલીમ શિબિરો સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો. સ્પોર્ટ્સ મિનિસ્ટર કિરણ રિજિજુએ જણાવ્યું હતુંકે નેશનલ સેન્ટર એક્સેલન્સ એન્ડ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસએઆઈ) ના કેન્દ્રો પણ આગામી આદેશ સુધી બંધ રહેશે. તેમણે કહ્યું, આ એક અસ્થાયી નિર્ણય છે. પરિસ્થિતિમાં સુધારો થતાં, ખેલાડીઓની તાલીમ ફરી શરૂ થશે. થોડા દિવસો પહેલા સરકારે તાલીમ અને રમતગમત ટૂર્નામેન્ટ અંગે બે સલાહકારીઓ જારી કરી હતી. તેમાં એવું કહેવામાં આવ્યું હતું કે ટોક્યો ઓલિમ્પિક ક્વોલિફાયર ઈવેન્ટ અથવા તાલીમમાં ભાગ લેનારા ખેલાડીઓ તેઓ ટ્રેનિંગ ચાલુ રાખી શકે છે.

કંપનીના બોર્ડે ૧,૭૦૦ કરોડની શેર બાયબેક ઓફર મંજૂરી આપી

શેરબજારમાં ધોવાયેલા રોકાણકારો માટે ખુશખબરઃ સન ફાર્મા શેર બાયબેક કરશે

મુંબઈ

શેરબજારમાં તાજેતરમાં ઐતિહાસિક કડાકામાં ધોવાઈ ગયેલા રોકાણકારો માટે એક સારા સમાચાર આવ્યા છે. સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝે ૧,૭૦૦ કરોડના શેર બાયબેકની જાહેરાત કરી છે. કંપનીના બોર્ડે શેરદીઠ રૂ.૪૨૫ના ભાવે શેર બાયબેક કરવા લીલીઝંડી આપી છે. બીએસઈમાં પ્રવર્તમાન સમયે સન ફાર્માના શેરનો ભાવ રૂ. ૩૭૨.૪૫ છે. કંપની ઓપન માર્કેટમાંથી ૧,૭૦૦ કરોડના શેર બાયબેક કરશે.

કંપનીએ જણાવ્યા મુજબ બાયબેક મહત્તમ કદની દૃષ્ટિએ સફળ રહેતા તેમજ મહત્તમ શેર કિંમતે શેર ખરીદાતા કંપનીના કુલ ઈક્વિટી હિસ્સાના ૧.૬૭ ટકા શેર પરત ખરીદવામાં આવશે. બાયબેકમાં વાસ્તવિક રીતે કેટલા શેર ખરીદવામાં આવે છે તે પરત ખરીદેલા શેરની ચૂકવેલી કિંમત (ટ્રાન્ઝેક્શન ખર્ચને બાદ કરતા) તેમજ બાયબેક માટે વપરાયેલી સરેરાશ રકમના આધારે જ નક્કી થઈ શકશે.

બાયબેકનો ગાળો અને તેની જાહેરાત હવે પછી વિગતવાર કરવામાં આવશે તેમ કંપનીએ જણાવ્યું હતું. શેર બાયબેક યોજના કંપનીના કુલ પેઈડ અપ કેપિટલના ૯.૮૩ ટકા હિસ્સો દર્શાવે છે. કંપની શેર બાયબેક દ્વારા પોતાના ઓપન માર્કેટમાં રહેલા શેરનો હિસ્સો ઘટાડે છે અને તેનાથી પ્રતિ સેર લાભમાં વૃદ્ધિ થાય છે જે રોકાણકારોને મળી શકે.

અમે સિંધિયાની સાથે ભલે કૂવામાં કૂદવુ પડે

મુખ્યમંત્રી કમલનાથે ક્યારેય અમને ૧૫ મિનિટ સુધી સાંભળ્યા નથીઃ બળવાખોર ધારાસભ્યો

બેંગ્લુરુ

મધ્યપ્રદેશમાં રાજકીય સંકટ વચ્ચે કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોએ મંગળવારે બેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.ધારાશાસ્ત્રી ગોવિંદસિંહ રાજપૂતે કહ્યું હતું કે મુખ્યમંત્રી કમલનાથે ક્યારેય પણ ૧૫ મિનિટ સુધી અમારું સાંભળ્યું નહીં, તો પછી કોની સામે અમારા ક્ષેત્રના વિકાસ વિશે વાત કરવી જોઈએ. બળવાખોર ધારાસભ્ય ઈમરાતી દેવીએ કહ્યું કે જ્યોતિરાદિત્ય સિંધિયા અમારા નેતા છે. તેમણે અમને ઘણું શીખવાડ્યું છે. ભલે કૂવામાં કૂદવું પડે, તો પણ અમે તેમની સાથે રહીશું.

પ્રેસ કોન્ફોરન્સમાં કોંગ્રેસનાં બળવાખોર ધારાસભ્યોએ જણાવ્યું કે કમલનાથે જણાવ્યું કે જે પણ આદીવાસી યુવતીનાં લગ્ન થશે તો તેને ૫૧ હજાર રૂપિયા આપવામાં આવશે. પરંતુ તેમણે એવું કર્યું નથી. એક બળવાખોર ધારાસભ્યોએ જણાવ્યું કે અમે તમામ લોકો રાહુલગાંધી પાસે ગયા હતા. તેમણે જણાવ્યું કે અમારી સાથે અન્યાય થયો છે. રાહુલ ગાંધીએ અમને ન્યાય આપવાનો ભરોસો આપ્યો હતો, પરંતુ ન્યાય મળી શક્યો નહી. જ્યારે બીજેપીમાં શામેલ થઈ ચૂકેલા બિસાહુલાલે જણાવ્યું કે જ્યારે અમે રાહુલ ગાંધી સાથે મળ્યા તો તેમણે મને જણાવ્યું કે તમારી સાથે અન્યાય થયો છે. જ્યારે બળવાખોર ધારાસભ્યોને પૂછવામાં આવ્યું કે તેઓ પેટા-ચૂંટણી માટે તૈયાર છો તો તમામને જણાવ્યું કે તેઓ કોઈપણ પ્રકારની ચૂંટણી માટે તૈયાર છે.

સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકારનો જવાબ

નાગરિકતા કાયદો કોઈ પણ મૌલિક અધિકારનું ઉલ્લંઘન કરતો નથી

ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન કાયદા (CAA)ની બંધારણીયતાને પડકારી અરજી પર કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ આપ્યો હતો. કેન્દ્ર સરકારે કહ્યું કે, આ કાયદો કોઈ પણ મૌલિક અધિકારનું ઉલ્લંઘન કરતો નથી અને તેનાથી બંધારણીય નૈતિકતાનું ઉલ્લંઘન થવાનો કોઈ સવાલ ઉઠતો નથી. સીએએ કેન્દ્ર મનમાની કરી શકે તેવી સત્તા નથી આપતો, નાગરિકતા આ કાયદા હેઠળ નિર્દેશિત નિયમો પ્રમાણે આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કોર્ટમાં સીએએને પડકારતી ૧૬૦થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અરજીકર્તાઓએ રાજસ્થાન અને કેરળ સરકાર પણ છે. મોટાભાગની અરજીઓમાં કહેવામાં આવ્યું છે કે, આ કાયદો બંધારણની આત્મા વિરુદ્ધ છે. આ ઉપરાંત બંધારણના ધર્મનિરપેક્ષતાનું ઉલ્લંઘન કરે છે. ૨૨ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં તેની સુનાવણી થઈ હતી અને કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી હતી અને જવાબ દાખલ કરવા કહ્યું હતું.

નાગરિકતા સંશોધન કાયદો, ૨૦૧૯ પ્રમાણે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના કારણે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ સુધી ભારત આવેલા અલ્પસંખ્યક હિંદુ, સિખ, બૌદ્ધ, ઈસાઈ, જૈન અને પારસી સમુદાયના લોકોને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ છે.

મૂડીઝે યસ બેન્કનું ગ્રેડિંગ સુધારતા શેરમાં ૭૩ ટકાની તેજી નોંધાઈ

મુંબઈ

એક તરફ કોરોનાને કારણે શેરબજારમાં ચોતરફ મંદીનો માહોલ છે, ત્યારે યસ બેંકના શેરમાં આગઝરતી તેજી જોવા મળી રહી છે. હજુ તો દસેક દિવસ પહેલા ૫.૬૫ રુપિયાની ઐતિહાસિક નીચલી સપાટીએ સ્પર્શ્યા બાદ આ શેર આજે ૬૩ રુપિયાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો.

મૂડીઝે યસ બેંકનું ગ્રેડિંગ સુધાર્યા બાદ આજે એક જ દિવસમાં તેમાં ૭૩ ટકાની તેજી જોવાઈ હતી. છેલ્લા દસ દિવસની વાત કરીએ તો, ૫.૬૫ રુપિયાના ભાવે પહોંચેલા આ શેરમાં ૧૦૦૦ ટકાથી પણ વધુની તેજી જોવાઈ ચૂકી છે.

આજે ૧૦.૫૭ કલાકે આ શેર ૭૩ ટકાના ઉછાળા સાથે ૬૪.૧૫ રુપિયા પર ટ્રેડ થઈ રહ્યો હતો. મંગળવારે ત્રણ ટ્રેડિંગ સેશન્સમાં તેમાં ૧૫૧ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

મૂડીઝે જણાવ્યું છે કે, યસ બેંકનું લાંબા સમયગાળાનું રેટિંગ CAA3થી સુધારીને CAA1 કરવામાં આવે છે. બેંકને બચાવી લેવા હાલમાં જાહેર કરાયેલા બેલઆઉટ પેકેજ બાદ તેના શેરમાં તેજી જોવા મળી રહી છે.

એ સ બી આ ઇ ની આગેવાનીમાં સાત બેંકો યસ બેંકમાં ૧૦ હજાર કરોડ રુપિયા રોકવાની છે. બુધવારે સાંજે છ વાગ્યાથી યસ બેંક પોતાની તમામ સુવિધાઓ પણ શરુ કરી દેશે. આરબીઆઈના ગવર્નરે ગઈકાલે જ જણાવ્યું હતું કે જો જરુર પડશે તો યસ બેંકને વધારાની મદદ પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી પારાવાર મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહેલી યસ બેંક પર દસ દિવસ પહેલા આરબીઆઈએ નિયંત્રણ મૂકી દીધા હતા.

તંત્રી લેખ

ગુજરાતની ઘટના મોટી

લોકશાહી મુલ્યો અને વિચારધારાની રાજનીતિ એટલી હદ સુધી પ્રોફેશનલ બની જશે તે અંગે કદાચ કોએ વિચારણા પણ કરી ન હશે. પહેલા ગોવા, મણિપુર, કર્ણાટક અને હવે મધ્યપ્રદેશમાં સત્તા હાંસલ કરવાની જોરદાર લડત ચાલી રહી છે. સત્તા હાંસલ કરવા માટે ખેલવામાં આવી રહેલ રમતને લઈને દેશના લોકો ભારે આશ્ચર્યચકિત થયેલા છે. એમ જોવામાં આવે તો જોડતોડની રાજનીતિ નવી નથી. ઈતિહાસમાં ધ્યાન આપવામાં આવે તો કેટલીક ચીજો સ્પષ્ટ થઈ જાય છે. છેલ્લા કેટલાક સમયથી રાજયસભાની સીટો જીતવા માટે રમત વધારે ગંભીર થઈ ગઈ છે. રાજ્યસભાની ચૂંટણી જીતવા માટે જે ચાલ રમવામાં આવી રહી છે તેના કારણે રાજનીતિ શરમજનક સ્થિતીમાં મુકાઈ ગઈ છે. આ તમામ ઘટનાઓએ રાજનીતિને શરમજનક સ્થિતામાં મુકવા માટે કોઈ કમી રાખી નથી. ગુજરાતમાં કોંગ્રેસના પાંચ ધારાસભ્યોના રાજીનામા આપી દેવાની બાબત પણ કોઈ નાની ઘટના નથી. આ પહેલા પણ ગુજરાતમાં રાજયસભાની ચૂંટણી ભારે વિવાદમાં રહી ચુકી છે. મામલા કોર્ટમાં પહોંચી ગયા હતા. એક સીટ માટે ડઝન જેટલા ધારાસભ્યોને અન્ય રાજ્યોમાં મોકલી દેવાની બાબત પહેલા પણ બનતી રહી છે. આ પ્રકારની પ્રથા હવે સામાન્ય બની રહી છે. વારંવાર જુદા જુદા રાજ્યોમાં પોતાના સભ્યોને અકબંધ રાખવા માટે અન્ય રાજ્યોમાં ધારાસભ્યોને મોકલી દેવામાં આવે છે. ગુજરાતમાં સંખ્યાબળના આધાર પર ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસને બે બે સીટો મળવાની પ્રબળ શક્યતા હતી. જો કે ભારતીય જનતા પાર્ટીએ ત્રીજા ઉમેદવારને પણ મેદાનમાં ઉતારી દીધા હતા. આના કારણે હોર્સટ્રેડિંગની પ્રક્રિયા વધારે તીવ્ર બની હતી. જે મતદારોએ પાંચ ધારાસભ્યોને કોંગ્રેસના ઉમેદવાર તરીકે જીતાડ્યા હતા તેમની સાથે જ વિશ્વાસઘાત થઈ ગયો છે. આ કોંગ્રેસી ધારાસભ્યોના રાજીનામાના કારણે મતદારોની સાથે એક રીતે વિશ્વાસઘાત સમાન બાબત છે. તેમનુ અપમાન કરવામાં આવ્યુ છે. જો અમારા ચૂંટાયેલા પ્રતિનિધી મતદારો પર વિશ્વાસ રાખી શકતા નથી તો સામાન્ય લોકોને આપવામાં આવેલા વચન પૂર્ણ થશે તેની ખાતરી કરવી મુશ્કેલ છે. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી ગયા વખતે પણ પ્રતિષ્ઠિત બની હતી. પ્રતિષ્ઠાની આ લડાઈમાં છેલ્લી વખતે કોંગ્રેસના અહેમદ પટેલે ભારતીય જનતા પાર્ટીને હાર આપી હતી.ય એમ લાગે છે કે ભારતીય જનતા પાર્ટી આ હારને ભુલી શકી નથી અને આ વખતે વધારે સાવધાની સાથે રમત રમી છે. પાંચ સભ્યોના રાજીનામા આ વખતે કોંગ્રેસને મુશ્કેલમાં મુકી શકે છે. ભારતીય જનતા પાર્ટી આજે સત્તામાં છે. જેથી જીત મેળવી લેવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે દરેક પાર્ટીને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આવતીકાલે પાર્ટીને વિપક્ષમાં બેસવાની ફરજ પડી શકે છે. આ જ રમત જો અન્ય પાર્ટી અને કોંગ્રેસ રમશે ત્યારે તેમને પણ લોકશાહી યાદ આપશે. રાજ્યસભાની ચૂંટણીને લઈને મામલો માત્ર ગુજરાત સુધી મર્યાદિત નથી. મધ્યપ્રદેશમાં પણ જોરદાર રાજકીય ખેંચચાણ જારી છે. વાત જ્યારે સિદ્ધાંતોની લડાઈના બદલે મુંછ સુધી પહોંચી જાય તો આશા પણ શુ રાખી શકાય છે. હાલમાં તો આવી જ સ્થિતી સર્જાયેલી છે.

કટોકટીનો લાભ લેવા જોડતોડના નવા નવા દાવપેંચ બંને પક્ષો તરફી રમવામાં આવ્યા

જર્મનીના અસરકારક વેક્સીન તૈયાર કરી હોવાના દાવાથી આશા

કોરોના : વેક્સીન તૈયાર કરવા પર કામ



વેક્સીનના અધિકાર મેળવી અબજો કમાવવાની ચાલ

કોરોના : ટ્રમ્પની ગણતરી

કોરોના વાયરસના આતંક વચ્ચે દુનિયાના દેશો વેક્સીન તૈયાર કરવા પર કામ કરી રહ્યા છે. હાલમાં જર્મનીએ વેક્સીન તૈયાર કરી હોવાના દાવા બાદ અમેરિકા અને જર્મની વચ્ચે ખેંચતાણ સપાટી પર આવી ગઈ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વૈપારી ચાલ પણ સપાટી પર આવી છે. હાલમાં દક્ષિણ પશ્ચિમ જર્મનીના ટ્યુબિંગન સ્થિત લેબ દાઈવિની હોફ બાયો ટેક હોલિંગે કોરોના વાયરસની વેક્સીન તૈયાર કરી હોવાનો દાવો કર્યો હતો. ત્યારબાદ અમેરિકાએ આની ગંભીર નોંધ લઈને તેના એકાધિકાર મેળવી લેવા માટેના પ્રયાસો કર્યા હતા. જો કે જર્મની તરફથી જોરદાર પ્રતિક્રિયા આવી હતી. જર્મનીએ વેક્સીનનો ઉપયોગ તમામ માટે કરવાની વાત કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ જર્મનીના ટ્યુબિંગન સ્થિત લેબ દાઈવિની હોફ બાયો ટેક હોલિંગની એક ઓફિસ અમેરિકાના બોસ્ટનમાં છે. ૧૧મી માર્ચના દિવસે આ કંપનીના સીઈઓ દાનિયલને તેમની હરકતોના કારણે દુર કરી દેવામાં આવ્યા હતા. હેવાલ એ હતા કે દાનિયલે અમેરિકી પ્રમુખ ટ્રમ્પ સાથે વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન ટ્રમ્પે તમામ રિસર્ચને અમેરિકામાં ખસેડી લેવા માટે કહ્યુ હતુ. આ પ્રકરણ બાદ એક બાબત સ્પષ્ટ થઈ ગઈ હતી કે અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ વૈશ્વિક કટોકટીના સમયમાં પણ પોતાની વૈપારી બુદ્ધિ દોડાવવા માટેના પ્રયાસ કર્યા હતા. વેક્સીનના એકાધિકાર હાંસલ કરીને ટ્રમ્પ કટોકટીના સમયમાં અબજો ડોલરની કમાણી કરવા માટે ઈચ્છુક હતા. આ બાબતમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટની વ્યુહરચના સંપૂર્ણપણે ફ્લોપ રહી છે. જર્મનીના રાજકીય પક્ષોએ ટ્રમ્પની આ રણનિતીની વ્યાપક ટિકા ખુલ્લી રેતે કરી છે. આ એક એવો મામલો છે જે કોઈ દેશમાં જાસુસી કરવા અને તેમની શોધને ચોરી કરવાના પ્રયાસની શ્રેણીમાં આવે છે. એમ માનવામાં આવે છે કે અમેરિકામાં જુદા જુદા પક્ષો આને લઈને મુદ્દો બનાવી શકે છે. ટ્રમ્પ સમગ્ર મામલામાં ખરાબ રીતે ખુલ્લા પડી ગયા છે.

વિવિધ દેશોના વૈજ્ઞાનિકો જીવલેણ વાયરસને કાબુમાં લેવા માટે દિન રાત એક કરી ચુક્યા છે : વેક્સીનને લઈને જર્મની-અમેરિકા સામ સામે


હાલમાં દુનિયાના ૧૬૨ દેશોમાં કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે. આવી સ્થિતીમાં કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાના દેશો દ્વારા બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોતાના નાગરિકોને બચાવવા માટે યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા છે. બીજી બાજુ અમેરિકા, ચીન, ભારત અને દુનિયાના અન્ય દેશો કોરોના વાયરસને રોકવા માટે વેક્સીન તૈયાર કરવામાં પણ વૈજ્ઞાનિકો દિન રાત એક કરી ચુક્યા છે. કેટલાક દેશોએ વેક્સીન તૈયાર કરી હોવાના દાવા કરી રહ્યા છે. જો કે પાકી માહિતી ઉભરીને સપાટી પર આવી રહરી નથી. કોરોના વાયરસ અટકાવે તેવી વેક્સીન તૈયાર કરવામાં અમેરિકા, ચીન અને રશિયા વચ્ચે ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે. ત્રણે દેશોના વૈજ્ઞાનિકો દિન રાત એક કરી ચુક્યા છે. વોશિંગ્ટન સ્થિત હેલ્થ એન્ડ રિસર્ચ સંસ્થા તરફથી ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસે એવા હેવાલ આવ્યા હતા કે કોવિડ-૧૯ વેક્સીનના ક્લિનીકલ ટ્રાયલના માટે ૧૮થી ૫૫ વર્ષની વયની ૪૫ લોકો તૈયાર કરવામાં આવ્યા છે. આ લોકોને ત્રણ જુદા જુદા ગ્રુપમાં વિભાજિત કરવામાં આવ્યા છે. જેમના પર પરીક્ષણના રિપોર્ટ ૧૪ મહિના બાદ આવનાર હતા. ૧૧ મહિના સુધી તેમને સતત બોલવવાની નીતિ તૈયાર કરવામાં આવી હતી. જેના માટે ૧૦૦ ડોલર પ્રતિ સત્ર અથવા તો કુલ મળીને ૧૧૦૦ ડોલરની ચુકવણી પ્રતિ વ્યક્તિ કરવા માટેની બાબત નક્કી કરવામાં આવી હતી. રશિયા અને અમેરિકામાં હાલમાં કોરોના વેક્સીન તૈયાર કરવાને લઈને જે ગતિથી કામ ચાલી રહ્યુ છે તે જોતા એક બાબત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે તેને ૨૦૨૧માં જ સફળતા મળનાર હતી. આવી તમામ પ્રકારની ઘટના વચ્ચે હવે જર્મન કંપની દ્વારા વેક્સીન તૈયાર કરવાની વાતથી અમેરિકાના હોશ ઉડી ગયા છે. જર્મનીને સૌથી વધારે ભય ઈટાલીમાં જે પ્રકારની સ્થિતી છે તેને લઈને સતાવે છે. કારણ કે ઈટાલીમાં મોતનો આંકડો હાલમાં સૌથી વધારે ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આને લઈને જર્મની હચમચે તે સ્વાભાવિક છે. જર્મનીમા પણ મોતના આંકડા સપાટી પર આવી રહ્યા છે. એકલા જર્મનીમાં પણ છ હજાર દર્દી કોવિડ-૧૯ના સકંજામાં આવી ગયા છે. જર્મનીમાં ૬૫ વર્ષથી ઉમરના લોકો વધારે શિકાર થઈ રહ્યા છે. કોરોના વાયરસ ૨૧મી સદીમાં ખતરનાક વાયરસ તરીકે છે. કોરોના વાયરસની વેક્સીનને લઈને અમેરિકા અને જર્મની વચ્ચે ખેંચતાણ છે. દક્ષિણ પશ્ચિમ જર્મનીના ટ્યુબિંગન સ્થિત લેબ દાઈવિની હોફ બાયો ટેક હોલિંડગે દાવો કર્યો છે કે તેના દ્વારા કોરોના વાયરસની અસરકારક વેક્સીન તૈયાર કરી લીધી છે. આ હેવાલ આવ્યા બાદ અમેરિકાના વ્હાઈટ હાઉસ તરફથી નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ હતુ કે આનો અધિકાર જર્મની અમેરિકાને આપી દે. આ અંગેના હેવાલ સૌથી પહેલા જર્મન અખબાર મત્રાહાઈમરમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. કંપનીના નવા સીઈઓ હેટિચને ટાંકીને આવેલા હેવાલ પર જર્મનીના નાણાં પ્રધાન પીટર દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી હતી. તેમને નિવેદન કરતા કહ્યુ હતુ કે અમે કોઈ વેચાણ માટેના માલ તરીકે નથી. અમે કોઈ એવી ચીજ નથી જે કોઈ પણ ખરીદી લે. વેક્સીન સમગ્ર દુનિયા માટે તૈયાર કરવામા આવી રહી છે. તમામ લોકો સારી રીતે આ બાબતને જાણતા નથી કે ટ્યુબિંગન સ્થિત જર્મન લેબ દાઈવિની હોફ બાયો ટેક હોલિંડગની એક શાખા અમેરિકાના હોસ્ટનમાં પણ છે. ૧૧મી માર્ચના દિવસે કંપનીના સીઈઓ દાનિયલને તેમની હરકતના કારણે દુર કરી દેવામાં આવ્યા હતા. અહેવાલ એ હતા કે દાનિયલ મિનિષેલા દ્વારા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે બેઠક યોજવામાં આવી હતી. વાતચીત દરમિયાન ટ્રમ્પે તમામ રિસર્ચને બોસ્ટનમાં લાવવા માટે દબાણ લાવ્યુ હતુ. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. હવે કોરોના વાયરસે ૧૬૨ દેશોને તેના મજબુત ભરડામાં લઈ લીધા છે. જેમાં ભારત પણ સામેલ છે. નવા નવા દેશોમાં કેસો સપાટી પર આવી રહ્યા છે. વિશ્વના ૧૬૨ દેશોમાં કોરોના વાયરસના કારણે હવે મોતનો આંકડો વધીને ૭૧૭૩ સુધી પહોંચી ગયો છે. જ્યારે રિક્વર થયેલા લોકોની સંખ્યા ૭૯૮૮૩ સુધી પહોંચી ગઈ છે. ચીનમાં પણ આવી જ સ્થિતી છે.

અંતરિક્ષમાં સૌથી આગળ છીએ ત્યારે આ દિશામાં પાછળ કેમ...

વેક્સીન સંદર્ભે ભારત પાછળ કેમ ?

દિલ્હીમાં એમ્સ અને પુણેમાં કોરોના વાયરસના પરીક્ષણ માટેની વ્યવસ્થા છે છતાં વિલંબ કેમ : જુના કાનુન પણ અડચણરૂપ બનેલા છે

કોરોના વાયરસને રોકવા માટે દુનિયાના દેશો લાગેલા છે. જેમાં અમેરિકા, જર્મની, રશિયા, ચીન જેવા દેશો સામેલ છે. આમાંથી સૌથી પહેલા બાજી કોણ મારે છે તેને લઈને ચર્ચા છે. કોરોના વાયરસની વેક્સીન તૈયાર કરવામાં દુનિયાના દેશો લાગેલા છે ત્યારે ભારત પાછળ કેમ છે તે ચર્ચા છે. ભારતની પ્રયોગશાળાઓ કોરોના વાયરસને રોકવા માટે વેક્સીન વિકસિત કરવામાં પાછળ કેમ છે. પ્રયાસો ચોક્કસપણે થઈ રહ્યા છે. પરિણામ પણ મળી રહ્યા છે પરંતુ અન્ય દેશોની જેમ સૌથી ઝડપથી સફળતા કેમ મળી રહી નથી. તમામ લોકો જાણે છે કે અમારા અંતરિક્ષ કાર્યક્રમ દુનિયાના તમામ દેશો કરતા સૌથી આગળ છે. અમેરિકા સાથે આજે ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની સરખામણી કરવામાં આવે છે. ભારતના અંતરિક્ષ કાર્યક્રમની વિશ્વસનીયતા એટલી છે કે અમેરિકા સહિતના દેશો ભારત પર વિશ્વાસ રાખીને તેમના સેટેલાઈટ લોંચ કરવા ભારતને કહે છે. આ વેક્સીન તેયાર કરવાના મામલે ભારત પાછળ કેમ છે તે સવાલ હવે થાય છે. આ દિશામા પણ પહેલાથી જ ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. ભારતમાં પહેલાથી જ એમ્સમાં કોરોના વાયરસપરીક્ષણની વ્યવસ્થા રહેલી છે. આ ઉપરાંત પુણેમાં સ્થિત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીમાં પણ કોરોના વાયરસના નિરીક્ષણની વ્યવસ્થા રહેલી છે. માર્ચના પ્રથમ સપ્તાહમાં વાયરસ ટેસ્ટ માટે લેબની સંખ્યા બે હતી જેને વધારીને હવે બાવન કરી દેવામાં આવી છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં હજુ પણ નિરીક્ષણ કરવાની મંજુરી આપવામાં આવેલી નથી. આ પણ એક મોટી અડચણ છે. પ્રાઈવેટ હોસ્પિટલ હજુ પણ



વાયરસને રોકવા માટે વોર્ડ બનાવી શકે તેમ નથી. આમાં સૌથી મોટી અડચણ તો ૧૨૩ વર્ષ જુના કાનુનને લઈને છે. ૧૮૯૭માં અંગ્રેજો દ્વારા બનાવવામાં આવેલા એપિડેમિક ડિસીઝ એક્ટ છે. જેનો બોજ અમે હજુ પણ ઉપાડી રહ્યા છીએ.તમામ જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈમરજન્સીની સ્થિતીમાં તરત જ કેબિનેટ બેઠક યોજીને આગળ વધી શકાય છે. કેટલાક નવા નિર્ણય લેવામાં આવી શકે છે. કેટલીક નવી કાનુની જોગવાઈ અમલી કરી શકાય છે. અમે દક્ષિણ કોરિયન અથવા તો જર્મન મોડલથી કોઈ બોધપાઠ લેવા માટે તૈયાર નથી. જર્મનીમાં તો પ્રાઈવેટ લેબ દાઈવિની હોફ બાયો ટેક હોલિંડગમાં કોવિડ-૧૯ વાયરસને રોકવા માટે વેક્સીન તૈયાર કરવામાં આવી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. જર્મની માર્ગ સાથે જોડાયેલા તમામ યુરોપિયન દેશોએ ગયા મહિનાથી તેમની સરહદોને સીલ કરી દીધી છે. યુરોપની દરિયાઈ સરહદ પર પણ આવી જ સ્થિતી રહેલી છે. ભારતને પણ વધારે નક્કર પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં આવી રહ્યા છે. વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરથી કોરોના વાયરસની શરૂઆત થયા બાદથી ભારત સહિત દુનિયાના ૧૬૨ દેશોના કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. અસરગ્રસ્તોની સંખ્યા રેકોર્ડ સપાટી ઉપર પહોંચી છે. ભારતમાં પણ આંકડો વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં અનેક નવા કેસો નોંધાતા તંત્ર ચિંતાતુર છે. કોરોના વાયરસના ફેલાવવાને રોકવા દેશમાં યુદ્ધના ધોરણે પગલા લેવાઈ રહ્યા છે. પોતાના નાગરિકોને બહારથી પણ ખસેડવામાં આવી ચુક્યા છે. વિરોધ પક્ષો પણ પ્રશંસા કર્યા વગર રહી શક્યા નથી. ભારતે અસરકારક પગલા લીધા હોવા છતાં ખુબ રોકેટ ગતિ સાથે વેક્સીન પર કામ કરવાની જરૂર છે. ભારતના કુશળ વૈજ્ઞાનિકો આ સિદ્ધી ચોક્કસપણે હાંસલ કરી શકે છે.ભારતમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૩૫ સુધી પહોંચી છે. મોત પણ હજુ સુધી ત્રણ થઈ ચુક્યા છે.

જલોટા લંડનથી પરત ફર્યા છે

ભજન સમ્રાટ અનુપ જલોટા આઈસોલેશન હેઠળ રખાયા



મુંબઈ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશને કોરોનાવાઈરસને મહામારી જાહેર કરી છે. વાઈરસથી બચવા માત્ર ભારત જ નહીં વિશ્વભરના અનેક દેશો વિવિધ ઉપાયો અજમાવી રહ્યાં છે. આ વાઈરસથી સૌથી વધુ જોખમ વૃદ્ધો તથા બાળકોને હોવાનું માનવામાં આવે છે. ભજનસમ્રાટ અનુપ જલોટાને હોટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. તેઓ હાલમાં જ લંડનથી પરત ફર્યા હતાં.

અનુપ જલોટાએ સોશિયલ મીડિયામાં એક તસવીર શેર કરી છે, જેમાં માસ્ક દેખાય છે. તસવીર શેર કરીને તેમણે આઈસોલેશનમાં હોવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું, બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૬૦થી વધુ ઉંમરના યાત્રીઓને અપાતી મેડિકલ કેરથી ખુશ છું. મને હોટલ મિરાજમાં લઈ જવામાં આવ્યો હતો, કારણ કે હું લંડનથી મુંબઈ આવ્યો હતો. મને લેવા માટે એક ડોક્ટરની ટીમ આવી હતી. હું અહીંયા આવનાર તમામ યાત્રીઓને સહયોગ આપવાની વિનંતી કરું છું, જેથી તેમની મદદથી કોરોનાવાઈરસને ફેલાતો અટકાવી શકાય.

ઉલ્લેખીનય છે કે અનુપ જલોટાની ઉંમર ૬૬ વર્ષની છે. તેઓ મંગળવારે (૧૭ માર્ચ) સવારે ચાર વાગે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ આવ્યા હતાં. ત્યારબાદ તેમને આઈસોલેશનમાં મોકલી દેવામાં આવ્યા છે.

કોરોના વાયરસઃ બોલિવૂડમાં યુદ્ધ શરૂ, રિચા ચઢ્ઢા-એકતા કપૂર આમને-સામને

મુંબઈ

કોરોના વાયરસને લઈને લોકોમાં ફફડાટ મચી ગયો છે. ત્યારે સરકાર પણ લોકોમાં જાગરુકતા લાવવા માટે પુરી મથામણ કરી રહી છે. સોશિયલ મીડિયા પર તમામ લોકો પોતાના વિચારો અને ક્રિએટિવીટી બતાવી રહ્યા છે. એવામાં બોલિવૂડ પણ પોતાની રાય રાખી રહ્યું છે. પરંતુ ઋચા ચઢ્ઢા અને એકતા કપૂર આ મામલે લડી રહી છે અને સોશિયલ મીડિયા પર શાબ્દિક યુદ્ધ જામ્યું છે.

આ વિવાદની શરૂઆત કોમેડિયન અદિતિ મિત્તલના



એક ટ્વિટથી થઈ હતી. તેણે લખ્યું હતું કે, ભારતમાં કોવિડ-૧૯ના લક્ષણ મળ્યા બાદ જે લોકો દવાખાનામાંથી ભાગી રહ્યા છે, એ દર્શાવે છે કે રાજયના નાગરિકોને સરકાર અને તંત્ર પર કેટલો ભરોષો છે. તો આ જ વાત પર ઋચાએ લખ્યું કે, કોઈ પણ આ પ્રકારની વ્યવસ્થા પર ધ્યાન નથી રાખી રહ્યું.

જો કે એકતા કપૂરે આ બન્નેના વિચાર પર અસહમતિ દર્શાવીને લખ્યું કે, હું સહેમત નથી. આ મહામારી કોઈ રાજનીતિ કરવાનો સમય નથી. આ વાત સાથે ઓથોરિટીને કોઈ જ પ્રકારે લેવા-દેવા નથી. તે લોકો ખુદ પોતાનો જીવ દાવ પર લગાવી રહ્યા છે. આ વ્યવહાર ગેર જિમ્મેદારી દર્શાવે છે.

એકતા કપૂરના આ ટ્વિટ પર ઋચાએ જવાબ આપ્યો કે, આ વાત પર રાજનીતિ નથી કરી શકાતી. કારણ કે બધા રાજ્યમાં પક્ષો અલગ અલગ છે અને સંક્રમણ પુરા ભારતમાં ફેલાયેલું છે. જે ભાગી ગયા છે તે ગેર જિમ્મેદાર છે. જો તમે એને પુછો કે આવું શા માટે કર્યું.

કરિશ્મા કપૂરની પુત્રી સમાયરાની ફિલ્મમાં એન્ટ્રી, ચંકી પાંડેની ફિલ્મમાં કર્યું ડેબ્યૂ



મુંબઈ

બોલીવૂડમાં હાલ સ્ટાર કિડ્સના ડેબ્યૂના જમાનો છે. જ્યાં એક સમયના પોપ્યુલર બોલિવૂડ સ્ટારના એક્ટર એક્ટ્રેસ પોતાના પુત્ર અને પુત્રીને ફિલ્મોમાં ડેબ્યૂ કરાવી રહ્યા છે. અને હવે આ લિસ્ટમાં કરિશ્મા કપૂરની પુત્રીનું પણ નામ સામેલ થઈ ગયું છે. ચંકી પાંડે અને કરિશ્મા કપૂરની પુત્રીએ મળીને એક શોર્ટ ફિલ્મ બનાવી છે. જેને ચંકી પાંડે પોતે પ્રોડ્યૂસ કરી છે. શોર્ટ ફિલ્મનું નામ છે દોડ. જેમાં ૧૫ વર્ષની સમાયરા કપૂર એક્ટિંગ ડેબ્યૂ પણ કર્યું છે. સમાયરા કરિશ્માની પુત્રી છે. અને આ ફિલ્મનું ડાયરેક્શન ચંકીની પુત્રી રીસા પાંડે કર્યું છે. કરિશ્માની પુત્રી સમાયરાની સાથે સંજય કપૂરની નાના પુત્ર જહાન કપૂરે પણ એક્ટિંગ ડેબ્યૂ આપ્યું છે.

લગભગ સાડા સાત મિનિટની આ શોર્ટ ફિલ્મમાં મુંબઈના એક ગરીબ ઘરની પુત્રી મીરાએ મુખ્ય ભૂમિકા છે. મીરા મુંબઈમાં પેન્સિલ વેંચી કમાણી કરે છે. અચાનક મોટા ઘરના બાળકોને સ્ટેડિયમમાં દોડતા જોઈને તેને પણ ભાગવાનું મન થાય છે. અને મોટા ઘરના ત્રણ બાળકોમાં સમાયરા કપૂર, જહાન કપૂર અને ધાનિતિ પારેખ પાત્ર નિભાવ્યા છે.

મારું પાત્ર સિદ્ધાંત ચતુર્વેદી ભજવે તો સારું: યુવરાજસિંહ

(જી.એન.એસ)ચંડીગઢ,તા.૧૭

બોલિવૂડમાં હાલ બાયોપિકનો દોર ચાલી રહ્યો છે. એમ લાગી રહ્યું છે. ખેલાડીઓ પર બાયોપિક એક પછી એક બની રહી છે. બોક્સિંગથી લઈ બેડમિંટન સુધી અને ક્રિકેટથી લઈ હોકી સુદી બોલિવૂડમાં ફિલ્મો બની છે. ત્યારે હાલ પણ ક્રિકેટ પર બે ફિલ્મો બની રહી છે. જેમાં એક છે ૧૯૮૩ની વર્લ્ડ કપ જીત પર અને બીજી ભારતીય મહિલા ટીમની કેપ્ટન મિતાલી રાજના જીવન પર.

ત્યારે હવે એવા સમાચાર છે કે હવે ટીમ ઈન્ડિયાના ઘાતક ઓલરાઉન્ડર યુવરાજ સિંહ પર બાયોપિક બનવા જઈ રહી છે. જો કે, આ અંગે કોઈ સ્પષ્ટ અથવા સત્તાવાર



રીતે જાહેરાત કરવામાં આવી નથી. પંરતુ એવા સમાચાર છે કે જ્યારે યુવરાજ સિંહને તેના જીવન પર ફિલ્મ બનાવવા અને ફિલ્મમાં તેનું પાત્ર કોણ ભજવશે તે અંગે પૂછવામાં આવ્યું તો તેને કહ્યું કે,'કદાચ હું જ મારો રોલ કરીશ.' પરંતુ ત્યાર બાદ યુવીએ કહ્યું કે આ નિર્ણય કરવો ડાયરેક્ટરનું કામ છે પરંતુ જો તેને પસંદગી કરવાની હોય તો તે સિદ્ધાંત ચતુર્વેદીને પસંદ કરશે.

આપણે જણાવી દઈએ કે સિદ્ધાંત ચતુર્વેદીએ ફિલ્મ 'ગલી બોય'માં એમસી શેરનું પાત્ર ભજવ્યું હતું. આ સિવાય સિદ્ધાંતે વેબ સીરીઝ પણ કરી છે જેમાં તેને એક ક્રિકેટરની ભૂમિકા ભજવી હતી. એવી માહિતી છે કે હાલ તે રાણી મુખર્જી સાથે ફિલ્મ 'બંટી ઔર બબલી ૨' માં કામ કરી રહ્યો છે. ઉપરાંત દીપિકા પાદુકોણ અને અનન્યા પાંડે સાથે પણ એક ફિલ્મમાં કામ કરી રહ્યો છે.

કરણી સેનાએ પૃથ્વીરાજના ફિલ્મ મેકર્સ પર ઈતિહાસ સાથે છેડછાડનો આરોપ મૂક્યો

મુંબઈ

સંજય લીલા ભણસાલીની ફિલ્મ પદ્માવત વખતે થયેલો વિવાદ તમને કદાચ યાદ જ હશે! હવે આ વખતે અક્ષય કુમારની ફિલ્મ પૃથ્વીરાજને લઈ કરણી સેના આકરે પાણીએ આવી ગઈ છે. કેટલાક સમય પહેલા રાજસ્થાનના જયપુરમાં આ ફિલ્મના શુટિંગને રોકવામાં આવ્યું હતું. ત્યારે હવે કરણી સેનાએ ફિલ્મ મેકર્સ પર ઈતિહાસ સાથે છેડછાડ કરવાનો આરોપ મૂક્યો છે. આવું ન કરવાનું કહીં કરણી સેનાએ લેખિતમાં આશ્વાસનની માંગ પણ કરી છે. જો કે હજુ ફિલ્મ મેકર્સ તરફથી આ મામલે કોઈ જ બયાન સામે નથી આવ્યું.

કરણી સેનાના પ્રમુખ મહિપાલ સિંહ મકરાના અને કરણી સેનાના ઘણા સદસ્યો મળીને ફિલ્મનું શુટિંગ ચાલતું હતુ ત્યાં પહોંચ્યા હતા. તેણે ઘસીને ના પાડી કે, ફિલ્મનું શુટિંગ નહીં થવા દઈએ. ત્યાં સુધી આ શુટિંગ નહીં થાય કે જ્યાં સુધી ઈતિહાસ સાથે કોઈ છેડછાડ નહીં થાય. આ વાત પર ફિલ્મના નિર્દેશક ચંદ્રપ્રકાર દ્વિવેદીએ બધાને આશ્વાસન પણ આપ્યું કે, કોઈ પણ પ્રકારે ઈતિહાસ સાથે છેડછાડ નહીં થાય. ત્યારે બધા શાંત થયા, અને કરણ સેનાએ આ વાત લેખિતમાં માંગી છે.કહેવામાં આવી રહ્યું છે કે, જ્યારે ફિલ્મનું શુટિંગ ચાલી રહ્યું હતું ત્યારે અક્ષણ કુમાર સેટ પર નહોતો. કરણી સેનાના પ્રમુખે ફેસબુક લાઈવ કરીને આ માહિતી આપી હતી. તેણે કહ્યું કે, અમે પદ્માવતની જેમ આ ફિલ્મના વિરોધમાં રસ્તા પર ઉતરવા નથીં માગતા. અમે એને જણાવી દીધું કે, ફિલ્મમાં ઈતિહાસ સાથે કોઈ જ પ્રકારે છેડછાડ ન થવી જોઈએ.



પૂર્વ ભારતીય કેપ્ટન એમ.એસ ધોનીનો બાઈક પ્રેમ કોઈનાથી છૂપાયેલો નથી. ધોની રાંચીમાં પહોંચીને બાઈકની સવારી ન કરે એવું ભાગ્યે જ બનતું હોય છે. કોરોના વાયરસના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ પોસ્ટપોન્ડ થયા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સના ટ્રેનિંગ કેમ્પ બંધ થતા ધોની સોમવારે રાંચી પહોંચી ગયો. ઘરે પહોંચતા જ તેણે બાઈકની સવારી કરી અને બેડમિન્ટન રમવા પહોંચ્યો. આ દરમિયાનનો વિડીયો વાયરલ થયો છે.

પાકિસ્તાન સાથે ક્યારેય યુદ્ધ કરવા નથી માગતું ભારતઃ શોએબ અખ્તર

ઈસ્લામાબાદ

પાકિસ્તાનનો ઝડપી બોલર શોએબ અખ્તર સોશિયલ મીડિયા પર ઘણો એક્ટિવ રહે છે. તેને યુટ્યૂબ પર પોતાની એક ચેનલ પણ બનાવી છે. જ્યાં તે ક્રિકેટ અને અન્ય મુદ્દાઓને લઈ પોતાના વિચાર રજૂ કરે છે. આ સાથે શોએબ પાકિસ્તાનમાં ઘણા ટીવી શોમાં પણ નજરે આવે છે. શોએબ અખ્તરે તાજેતરમાં ભારત અને પાકિસ્તાનને લઈ એક મોટું નિવેદન આપ્યું છે. એક ટીવી ચેટ શોમાં શોએબે કહ્યું કે ભારત પાકિસ્તાન સાથે કામ કરવા માટે ઉત્સુક છે અને તે ઈસ્લામાબાદથી ક્યારેય યુદ્ધ લડવા માંગતો નથી. અખ્તરે કહ્યું કે, 'ભારત ખૂબ જ સારી જગ્યા છે અને ત્યાંના લોકો



પણ ખૂબ જ સારા છે.'રાવલપિંડી એક્સપ્રેસના નામથી લોકપ્રિય ભૂતપૂર્વ ઝડપી બોલર અખ્તરે વધુમાં કહ્યું કે,'મને તો એવું ક્યારે લાગ્યું કે તેમણે (ભારત) પાકિસ્તાન સાથે કોઈ દુશ્મની છે અથવા કોઈ પણ પ્રકારે યુદ્ધ કરવા માંગે છે. પરંતુ જ્યારે પણ હું તેમના ટીવી ચેનલને જોઉ છું તો એવું લાગે છે કે કાલે જ યુદ્ધ થવાનું છે.

આગળ અખ્તરે કહ્યું કે,'હું ભારતમાં ઘણી જગ્યાએ ફર્યો છું અને ભારતને ઘણું નજીકથી જોયું છે. આજે હું કહી શકું છે કે ભારત પાકિસ્તાન સાથે કામ કરવા માટે ઘણું ઉત્સુક છે.'આ સિવાય કોરોના વાયરસના મુદ્દે અખ્તરે કહ્યું કે,'મને આશા છે કે ભારત આ ઘાટાને આવવા નહીં દે. મને આશા છે કે તે સારું કરશે. પરંતુ જે પણ આ વખતે થઈ રહ્યું છે તે દુર્ભાગ્યશાળી છે.'

કોરોના ઈફેક્ટઃ પાકિસ્તાન સુપર લીગની મેચો સ્થગિત

ઈસ્લામાબાદ

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે દેશમાં કોરોનાવાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધતા પાકિસ્તાન સુપર લીગની અત્યારે ચાલતી પાંચમી સીઝનને સ્થગિત કરી છે. પાકિસ્તાનમાં સોમવારે ૯૦ દર્દી વધ્યા હતા. તેમજ કુલ સંક્રમિતની સંખ્યા ૧૮૪ થઈ છે. અગાઉ બોર્ડ ટૂર્નામેન્ટ બંધ સ્ટેડિયમમાં રમાડી રહ્યું હતું પરંતુ પરિસ્થિતિ પર કાબૂ મેળવવા તેમણે ટૂર્નામેન્ટને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.



આજે બંને સેમિફાઈનલ અને આવતીકાલે ફાઈનલ રમાવવાની હતી. પહેલી સેમિફાઈનલમાં મુલતાન સુલ્તાન્સ પેશાવર ઝાલમી સામે અને બીજી સેમિફાઈનલમાં કરાચી કિંગ્સ અને લાહોર ક્લન્ડર એકબીજા સામે ટકરાવવાના હતા. નોકઆઉટ મેચ માટેની નવી તારીખ બોર્ડ પછીથી જાહેર કરશે.

કોરોના વાયરસથી બચવા દિલિપ કુમારને આઈસોલેશન હેઠળ રખાયા

મુંબઈ

કોરોના વાયરસ દેશ વિદેશમાં પોતાનો આતંક મચાવી રહ્યો છે. સામાન્ય માણસથી લઈને સેલેબ્રિટી પણ વાયરસના ભરડામાં આવી ગઈ છે. હાલમાં જ બોલિવૂડ એક્ટર દિલીપ કુમારે કોરોના વાયરસને લઈ એક ટ્વિટ કર્યું છે અને જેની ભારે ચર્ચા થઈ રહી છે. કોરોનાના કારણે અભિનેતાને સૌથી અલગ રાખવામાં આવ્યા છે અને જેની વાત દિલીપ કુમારે સોશિયલ મીડિયામાં જનતા સામે રાખી છે.દિલીપ કુમારે લખ્યું કે, મને કોરોના વાયરસના કારણે સૌથી અલગ અલગ રાખવામાં આવ્યો છે. સાયરા એ નક્કી કરવાનો કોઈ જ મોકો છોડવા નથી માંગતી કે, મને કોઈ ઈન્ફેક્શન ન



લાગી ગયું હોય. આ ટ્વિટ કરીને અભિનેતાએ જણાવ્યું કે બોલિવૂડ અભિનેત્રી અને પોતાની પત્ની સાયરા બાનો તેનું ખુબ જ ધ્યાન રાખી રહી છે. ઉલ્લેખનીય છે કે દિલીપ કુમાર ૯૭ વર્ષની ઉંમરે ઘણા લાંબા સમયથી બિમાર રહે છે અને સારવાર કરાવી રહ્યા છે.

પોતાના સ્વાસ્થ્યને લઈ આ સિવાય દિલીપ કુમારે એક બીજી ટ્વિટ કરી કે, હું આપ સૌને એક જ અપીલ કરું છું કે, બને ત્યાં સુધી ઘરની અંદર જ રહો. તમે સુરક્ષિત રહો અને બીજાને પણ રાખો. કોરોના વાયરસ બધી જ સીમાને પાર કરી ચૂક્યો છે. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી જાણકારીનું પાલન કરો અને પોતાની તેમજ બીજાની રક્ષા કરો.

બોલિવૂડના જાણીતા એક્ટર ઈમ્તિયાઝ ખાનનું નિધન

મુંબઈ

બોલિવૂડ સ્ટાર અમઝદ ખાનના ભાઈ તથા જાણીતા એક્ટર ઈમ્તિયાઝ ખાનનું નિધન થયું છે. ૭૮ વર્ષીય ઈમ્તિયાઝ ખાન જાણીતી ટીવી એક્ટ્રેસ કૃતિકા દેસાઈના પતિ હતાં. ઈમ્તિયાઝ ખાનનું નિધન ૧૫ માર્ચના રોજ થયું હતું. બોલિવૂડ સેલેબ્સે ઈમ્તિયાઝ અલીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે અને સોશિયલ મીડિયામાં શ્રદ્ધાંજલિ આપી હતી. ઈમ્તિયાઝ તથા કૃતિકાને દીકરી આયેશા ખાન છે.

જાવેદ જાફરીએ ઈમ્તિયાઝ તથા અમઝદ ખાનની તસવીર શેર કરીને કહ્યું હતું, સીનિયર એક્ટર ઈમ્તિયાઝ ખાનનું નિધન. તેમની સાથે 'ગેંગ'માં કામ કર્યું હતું. શાનદાર એક્ટર તથા એક સારા વ્યક્તિ. તમારી આત્માને શાંતિ મળે.

બોલિવૂડ એક્ટ્રેસ અંજુ મહેન્દ્રુએ પણ ઈમ્તિયાઝ ખાનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. અંજુએ એક તસવીર શેર કરી હતી, જેમાં અમઝદ તથા ઈમ્તિયાઝ જોવા મળે છે. અંજુએ કહ્યું હતું. એક સમયની વાત હતી. મારા મિત્ર ઈમ્તિયાઝ ખાનની આત્માને ભગવાન શાંતિ આપે.

પ્રખ્યાત મરાઠી અભિનેતા જયરામ કુલકર્ણીનું ૮૮ વર્ષની ઉંમરે નિધન

મુંબઈ

મરાઠીનાં દિગ્ગજ નેતા જયરામ કુલકર્ણીનું આજે પુણેમાં અવસાન થયું હતું, તેઓ ૮૮ વર્ષનાં હતા. જયરામ કુલકર્ણીની મુખ્ય ફિલ્મોમાં 'પ્રેમ દીવાના' (૧૯૯૨), 'જુંજ તુજિ માજી' અને 'દે દનાદાન' (૧૯૮૭). અભિનેતા જયરામ કુલકર્ણીનાં વિદાયને કારણે મરાઠી સિનેમામાં શોકનું મોજુ ફરી વળ્યુ છે, તેમણે તેમના ચાહકોનાં દિલમાં એક ખાસ સ્થાન બનાવ્યું હતુ.

આપને જણાવી દઈએ કે, જયરામ કુલકર્ણીએ ઘણી ફિલ્મોમાં યાદગાર પાત્ર ભજવ્યા છે, તેમની મોહક સ્મિતનાં બધા દિવાના હતા,



તેમનો જન્મ અમ્બજેનાં સોલાપુર ગામનાં બર્ષી તાલુકા પાસે થયો હતો. તેઓ શરૂઆતથી જ નાટકના શોખીન હતા, ૧૯૫૯ માં જયરામે ઓલ ઈન્ડિયા રેડિયો પુણેમાં પણ કામ કર્યુ હતુ, તેઓ ગામલોકો માટે એક કાર્યક્રમ રજૂ કરતા હતા, જે તે સમયે ખૂબ જ પ્રખ્યાત હતુ, પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક અનંતરાવ માનેએ તેમને પહેલું બ્રેક આપ્યું હતું, ત્યારબાદ તેમણે પાછળ જોયું નહીં.

સોન પરી કે મીરાબાઈ તરીકે પ્રખ્યાત ટીવી અભિનેત્રી મૃણાલ કુલકર્ણીનાં સસરા જયરામ કુલકર્ણીએ રુચિર કુલકર્ણી સાથે લગ્નસંબંધ બાંધ્યો હતો. મૃણાલ સ્ક્રીન પર ભાગ્યે જ જોવા મળતા હતા. તેમણે છેલ્લી મરાઠી ફિલ્મ યે રે યે રે પૈસા વર્ષ ૨૦૧૮ માં કરી હતી.

હરિયાણામાં બોક્સિંગ કોચ સંદીપ મલિકની ધરપકડઃ જાતીય સતામણીનો આરોપ

ચંડીગઢ

ગુરુ-શિષ્યના સંબંધને શર્મસાર કરતા એક ઘટના સામે આવી છે. આ ઘટનામાં ગુરુએ તેની શિષ્યા અને ખેલાડી સાથે ન કરવાનં કામ કર્યું છે. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે ગુરુ અને કોચની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.મીડિયા રિપોર્ટ મુજબ હરિયાણાના બોક્સિંગ કોચ સંદીપ મલિકની સોનીપતથી ધરપકડ કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ લેવલ પર દેશનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા સંદીપ પર તેમની જ ૧૯ વર્ષની શિષ્યાએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. દિલ્હી પોલીસ મુજબ સંદીપે બધા આરોપોનો સ્વીકાર કર્યો છે. રિપોર્ટ મુજબ કોચ સંદીપ ટીમ સાથે પશ્ચિમ બંગાળ ક્લાસિક બોક્સિંગ ચેમ્પિયન-૨૦૨૦ માટે હરિયાણા મહિલા ટીમ સાથે ગયા હતા. ૨૯ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી રમાયેલ આ ટુર્નામેન્ટ માટે ટીમે ૨૭ ફેબ્રુઆરીએ નવી દિલ્હીથી દુરંતો એક્સપ્રેસથી રવાનગી કરી હતી. આ દરમિયાન ટ્રેનમાં અને પછી કોલકાતામાં ૨૮ વર્ષના કોચે એક મહિલા બોક્સર સાથે જાતીય સતામણી કરી હતી. રિપોર્ટ મુજબ મહિલા બોક્સરે દિલ્હી પરત ફરી રેલવે પોલીસ પાસે ફરિયાદ નોંધાવી હતી અને પોતાના નિવદનોમાં જાતીય સતામણીનો કોચ સંદીપ પર આરોપ લગાવ્યો હતો. માહિતી મુજબ સંદીપ પરિણીત છે અને તેના બે બાળકો છે.

મારું ઘર કોરોના ફ્રી છે,અહીં રહી શકો છોઃ કેઆરકે



મુંબઇ

બોલિવૂડ એક્ટર અને સેલ્ફ ક્લેમ ફિલ્મ ક્રિટિક કેઆરકે પોતાના ટ્વીટ્સને લઈને હંમેશા ચર્ચામાં રહે છે. વિશ્વબરમાં વિકરાળરૂપ લઈ ચૂકેલ કોરોના વાયરસને લઈને કેઆરકે ટ્વીટ કરીને ફરી એક વખત કંઈક એવું લખ્યું છે જે બાદ લોકો તેને ખૂબ ટ્રોલ કરી રહ્યા છે.


કેઆરકેએ પોતાના ટ્વીટમાં લખ્યું, 'મારું ઘું ૧૦૦ટકા કોરોના વાયરસ ફ્રી છે. જો તમે આ વાયરસથી બચવા માટે સુરક્ષિત જગ્યા શોધી રહ્યા છો તો મારા ઘરે આવીને રહી શકો છો.'તેમણે પોતાના આ ટ્વીટની સાથે એક લક્ઝરી વિલાની તસવીર મુકી છે. જેને જોઈને લોકો રિટ્વીટ કરતા અલગ અલગ રીતે કમેન્ટ્સ કરી રહ્યા છે.

એક યૂઝરે કેઆરકેને ટ્રોલ કરતાં લખ્યું મારી શંકા સાચી જ હતી. આ મોટો ફેકુ નીકળ્યો. કેઆરકેએ જે વિલાની તસવીર શેર કરી છે તેને પોતાનું ઘર ગણાવ્યું છે. યૂઝરે પણ એ વિલાની તસવીર શેર કરી છે, આ તસવીરમાં આ વિલા દુબઈમાં બતાવવામાં આવ્યો છે. જ્યારે એક અન્ય યૂઝરે લખ્યું કે અમે કોરોના વાયરસથી તો બચી જશું પરંતુ તેનાથી મોટો વાયરસ કેઆરકેથી કેવી રીતે બચીશું.

ગેમ ઓફ થ્રોન્સ સિરિઝના જાણીતા એક્ટર ક્રિસ્ટફર હિવજુને કોરોના વાયરસ

લોંસ એંજલ્સ

દુનિયાભરમાં તેજીથી ફેલાઇ રહ્યો છે કોરોના વાયરસ અત્યાર સુધીમાં કોરોનાએ અનેક જાણીતી હસ્તીઓને પોતાનો શિકાર બનાવ્યો છે. ટૉમ હેક્સ અને તેમની પત્ની રીટા વિલિમ્સને સૌથી પહેલા કોરોના વાયરસ હોવાની ખબર આવી હતી. જે પછી જેમ્સ બોન્ડ સીરીઝની હિરોઇન ઓલ્ગા કુરિલેંકોને પણ કોરોના વાયરસ હોવાની ખબર આવી હતી. જે પછી હવે વધુ એક સેલેબ્રિટીને કોરોના વાયરસ થયા હોવાની જાણકારી મળી છે. આ સેલેબ્રિટી બીજું કોઇ નહીં પણ




ગેમ ઓફ થ્રોન્સ સીરીઝના જાણીતા અભિનેતા ક્રિસ્ટફર હિવજૂ છે. તેમણે આ અંગે પોતાના ઇન્સ્ટાગ્રામમાં જાણકારી શેર કરી હતી. અને ફેમીલી સાથે તસવીર પણ શેર કરી કોરોના વાયરસ અંગે એક લાંબી પોસ્ટ લખી હતી. ક્રિસ્ટફર હિવજૂએ પોતાના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં લખ્યું કે- ×મને આ વાત જણાવતા દુખ થાય છે કે મને કોરોના વાયરસ પોઝિટીવ આવ્યો છે. હું અને મારી ફેમિલી જ્યાં સુધી જરૂરી લાગશે ત્યાં સુધી પોતાને ઘરમાં બંધ કરી રહ્યા છીએ. અમારી તબિયત સારી છે. મને ખાલી હળવા લક્ષણ છે. પણ તેવા પણ કેટલાક લોકો છે જેમના માટે આ વાયરસ ખતરનાક સાબિત થઇ શકે છે. માટે સાવધાની રાખવી જરૂરી છે. પોતાના હાથ સાફ કરો. લોકોથી ૧.૫ મીટરની દૂરી પર રહો. પોતાને બધાથી અલગ રાખો. અને કોરોના વાયરસને વધતો રોકવા તમે જે કરી શકો છો તે કરો.

મને પણ પ્રોડ્યૂસરે બેડ શેર કરવાની ઓફર કરી હતીઃ વાણી

મુંબઇ

જ્યારથી ભારતમાં મીટૂ ચાલુ થયું છે ત્યારથી અભિનેત્રીઓ પોતાના પર વીતેલી આપવીતી સંભળાવી રહી છે અને ડાયરેક્ટર તેમજ પ્રોડ્યુસરનો ભાંડો ફોડી રહી છે. હવે તો આ આગ હોલિવૂડ સુધી પ્રસરી ગઈ છે અને ત્યાં પણ મોટા મોટા ઘટસ્ફોટ થવા લાગ્યા છે. પરંતુ હાલમાં તેલૂગુ અભિનેત્રી વાણીએ પોતાના કડવા અનુભવો જનતા સમક્ષ રજુ કર્યા છે. આ અભિનેત્રીને ટીવી સીરીયલ દેવમંગલ પછી લોકપ્રિયતા મળી હતી.

હાલમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ તેની સાથે એડજસ્ટ કરવાની વાત કરનારા લોકોની પોલ છતી કરી હતી અને બધાને ચોંકાવ્યા હતાં. જણાવ્યું હતું



કે, તમિલ સિનેમામાં ડેબ્યૂ કર્યા બાદ મારે પણ કાસ્ટિંગ કાઉચનો શિકાર થવું પડ્યું હતું. આ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો ત્યારે એક પ્રોડ્યુસરે પોતાની સાથે બેડ શેર કરવા માટે મને ઓફર કરી હતી.

વાણીએ આગળ વાત કરતાં જણાવ્યું હતું કે, મને કોઈએ ક્યારેય સીધું જ અપ્રોચ નથી કર્યું. પરંતુ મેનેજરના સહારે અલગ અલગ ઓફરો કરી અને અપ્રોચ કરવાનો પ્રયત્ન કર્યો પણ મે કોઈ પર ધ્યાન આપ્યું જ નહીં. ફિલ્મોમાં કામ કરવા માટે હું પુરી રીતે આતુર નથી. જ્યારે પણ મને મન થશે હું ટીવીની દુનિયામાં પાછી જતી રહીશ.

આગળ વાત કરતાં વાણી બોલી કે, મને લાગે છે કે જે અભિનેત્રીઓને મોટા સુપરસ્ટાર બનાવાની ઘેલછા હોય છે. જેના કારણે આ પ્રકારની ઑફર તે સ્વીકારે છે. કદાચ તેને લાગતુ હશે કે આ જ તેના માટે સાચો રસ્તો હશે. તેનો અર્થ એ નથી કે, મોટા સ્ટાર્સ મહેનત નથી કરતાં. તેને પણ સ્ટાર બનવા માટે ઘણી પ્રકારના સંઘર્ષ કરવા પડે.

મુજફ્ફરપુરના શેલ્ટર હોમ કેસ પર ફિલ્મ બનાવશે શાહરુખ ખાન

મુંબઇ

શાહરુખ ખાનની પ્રોડક્શન કંપની રેડ ચિલીઝ એન્ટરટેનમેન્ટમાં બની ફિલ્મ 'કામયાબ'ના ક્રિટિક્સે ખૂબ વખાણ કર્યા છે. એક રિપોર્ટ અનુસાર શાહરુખ હવે પોડ્યૂસર તરીકે મુજફ્ફરપુર શેલ્ટર હોમ પર ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. આ ફિલ્મ રિયલ સ્ટોરી પર બેસ્ડ હશે.

આ ફિલ્મ એપ્રિલ ૨૦૧૮માં બિહાર મુજફ્ફરપુર શેલ્ટર હોમમાં યૂવતીઓ સાથે થયેલા રેપ પર આધારિત હશે. આ ફિલ્મને પુલકિત ડાયરેક્ટ કરવા જઈ રહી છે જે સુભાષ ચંદ્ર બોસ અને ૨૦૧૭માં આવેલી મરૂન



ડાયરેક્ટ કરી ચુક્યા છે.

સુત્રો અનુસાર પુલકિતે ફિલ્મની સ્ક્રિપ્ટ પર એવા સમયે કામ કરવાનું શરૂ કર્યું હતું, જ્યારે આ મામલો સામે આવ્યો હતો. ફિલ્મ માટે પુલકિતે ખૂબ રિસર્ચ કર્યું છે અને આ ફિલ્મ જુલાઈ સુધી રિલીઝ થવાની ઉમ્મીદ કરવામાં આવી રહી છે. ફિલ્મની કાસ્ટની વાત કરીએ તો જેલ્દી એક્ટર્સને ફાઈનલ કરવામાં આવશે.

અમેરિકાએ કોરોના વાયરસની પહેલી રસી તૈયાર કરી

વૉશિંગ્ટન

વિશ્વભરમાં ઝડપથી ફેલાતા કોરોના વાયરસની પ્રથમ રસી તૈયાર કરવામાં આવી છે. અમેરિકન સંશોધનકારોએ રસી રેકોર્ડ સમયમાં તૈયાર કરી પ્રથમ માનવ પરીક્ષણ હાથ ધર્યો છે. ૪૩ વર્ષીય મહિલાને સોમવારે યુએસમાં કોરોના વાયરસની પ્રથમ રસી આપવામાં આવી હતી. સીયાટલનાં રહેવાસીએ આ રસીનો પ્રથમ ડોઝ લીધો છે.

અમેરિકાની સીયાટલની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે મહિલાને ૬ અઠવાડિયાની મહેનત બાદ તૈયાર કરવામાં આવેલી રસી આપવામાં આવી હતી. કોરોના વાયરસની રસી મનુષ્ય પરની પ્રથમ કસોટી છે. વિશ્વમાં આ રસી વિકસિત સમયમાં વિકસાવવામાં આવી છે. જ્યારે ચાઇનામાં કોરોના વાયરસ મળ્યો ત્યારે અમેરિકન સંશોધનકારો રસી તૈયાર કરવામાં વ્યસ્ત થયા હતા. કેપીડબલ્યુ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનાં વૈજ્ઞાનિકો સતત આ રસી વિકસાવવા પ્રયાસ કરી રહ્યા હતા. હવે પ્રથમ વખત તેનો ટેસ્ટ માણસો પર કરવામાં આવ્યો છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંશોધનકારોની ટીમને અભિનંદન પાઠવ્યા છે જેમણે કોરોના વાયરસની રસી તૈયાર કરી હતી. હવે આ રસીનું ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવામાં આવ્યું છે. અપેક્ષા છે કે તેનું ક્લિનિકલ ટ્રાયલ સફળ થશે.

પાકિસ્તાનમાં એલેક્સ હેલ્સને કારણે કોરોના ફેલાયોઃ રમીઝ રાજાનો દાવો

લાહોર

પાકિસ્તાનના પૂર્વ ટેસ્ટ કેપ્ટન અને કોમેન્ટેટર રમીઝ રાજાએ દાવો કર્યો છે કે ઈંગ્લેન્ડના એલેક્સ હેલ્સમાં કોરોના વાયરસના લક્ષણ જોવા મળ્યા હતા. રમીઝ રાજાએ આશંકા વ્યક્ત કરી કે ઈંગ્લિશ ક્રિકેટરમાં પાકિસ્તાનથી સ્વદેશ માટે ઉડાન ભર્યા પહેલા ભયાનક કોરોના વાયરસના સિપ્ટમ જોવા મળ્યા છે. રમીઝ રાજાએ લાહોરમાં પાકિસ્તાન સુપર લીગને સ્થગિત કરવામાં આવ્યા બાદ મીડિયા સાથે



વાતચીતમાં કોરોના સંક્રમણ પર દાવો કર્યો હતો. રમીઝ રાજાનું માનવુ છે કે પીએસએલને ટાળવાનો નિર્ણય એટલા માટે કરવામાં આવ્યો છે, કારણ કે આ લીગમાં ભાગ લઈ રહેલી ફ્રેન્ચાઈઝી કરાચી કિંગ્સનો એક ખેલાડી કોરોના વાયરસથી સંક્રમિત હતો. પીએસએલમાં કરાચી કિંગ્સ માટે રમનારા ઈંગ્લેન્ડના ઓપનર બેટ્સમેન એલેક્સ હેલ્સ પાકિસ્તાનમાં વાયરસના પ્રકોપ બાદ અન્ય અંગ્રેજી ખેલાડીઓ સાથે જલ્દી સ્વદેશ પરત ફર્યા હતા.રમીઝ રાજાએ કહ્યું, 'અમને નથી ખબર કે હેલ્સમાં કોરોનાના લક્ષણ છે કે નથી, કારણ કે તેની તપાસ હજુ સુધી થઇ નથી પરંતુ હવે અમારે સાવધાન રહેવાની જરૂર છે. સુત્રોની માનીએ તો હેલ્સ બે દિવસ પહેલા જ પીએસએલ છોડીને લંડન જઇ ચુક્યો છે, જયા તેને આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે.

રાણા દગ્ગુબાતીની ફિલ્મ હાથી મેરે સાથીની રિલિઝ પોસ્ટપોન

મુંબઇ

'બાહુબલી' ફેમ રાણા દગ્ગુબાતીની ફિલ્મ 'હાથી મેરે સાથી'ની રિલીઝ પોસ્ટપોન કરવામાં આવી છે. કોરોના વાઈરસના ભયને કારણે આ નિર્ણય લેવાયો છે. હાલ શાળા, કોલેજ, થિયેટર્સ બંધ છે. ફિલ્મના પ્રોડક્શન હાઉસ ઈરોસ નાઉ દ્વારા ઓફિશિયલ સ્ટેટમેન્ટ આપી આ ફેરફાર અંગે જાણ કરવામાં આવી છે. આ ફિલ્મ અગાઉ ૨ એપ્રિલના રોજ રિલીઝ થવાની હતી. પરંતુ હવે નવી રિલીઝ ડેટની જાણ કરવામાં આવશે. આ ફિલ્મનું અનાઉન્સમેન્ટ ૨૦૧૭માં થયું હતું. આ ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુમાં બની છે. રસપ્રદ વાત એ છે કે ત્રણેય ભાષાનું ડબિંગ રાણાએ જાતે કર્યું છે. ફિલ્મના ડિરેક્ટર સોલોમન છે અને સ્ટારકાસ્ટમાં પુલકિત સમ્રાટ અને શ્રિયા પિલગાંવકર પણ સામેલ છે.

કોરોના આતંક
પહેલા પાનાનું ચાલું

પુષ્ટિ થઈ છે. તેમણે કહ્યું કે નોઈડાના સેકટર ૭૮ અને સેકટર ૧૦૦મા બે લોકો કોરોના પોઝિટિવ મળ્યા છે. આ બંને લોકો ફ્રાન્સથી પાછા આવ્યા હતા. બંને લોકોને આઈસોલેશન વોર્ડમાં ખસેડાયા છે.

કોરોના વાયરસના વધતા સંક્રમણને જોતા ભારતીયો સહિત યુરોપિયન દેશોમાંથી આવતા લોકો પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. આ સિવાય યુકે અને તુર્કીથી આવનારા લોકો પર પણ પ્રતિબંધ મૂકી દેવાયો છે જેમાં ભારતીયો પણ સામેલ છે. તો આજે ફરીથી ભારત સરકારે મંગળવારના અફઘાનિસ્તાન, ફિલિપાઈન્સ અને મલેશિયાથી આવતા પ્રવાસીઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. કોરોના વાયરસને પગલે વિદેશમાંથી આવતા પેસેન્જર્સ માટે આ પ્રતિબંધ લાગુ કરાયો છે. સરકારે આ માટે એડિશનલ ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી હતી. અગાઉ કેન્દ્ર સરકારે ૧૧ માર્ચ તેમજ ૧૬ માર્ચના ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી હતી.

ભારતમાં પણ કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે અને કુલ ૧૨૯ કેસ દાખલ થયા છે. લદ્દાખમાં વધુ ત્રણ લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાં બે કેસ લેહના છે અને ૧ કારગિલ જિલ્લાનો છે. હવે લદ્દાખમાં કુલ કેસનો આંકડો ૬ થયો છે. ઓડિશા, જમ્મુ કાશ્મીરમાં એક-એક કેસ દાખલ થયો. જ્યારે કર્ણાટકમાં બે અને કેરળમાં કોરોનાના ત્રણ નવા કેસ દાખલ થયા. આ સાથે જ દેશમાં કુલ સંક્રમિત વ્યક્તિની સંખ્યા ૧૨૭ થઈ. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૩૯ કેસ સામે આવ્યા છે. જેમાં ત્રણ વર્ષની બાળકોનો કોરોના ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો છે. બાળકીના માતા-પિતા પણ કોરોનાથી સંક્રમિત છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે ૧૩ લોકોને સારવાર બાદ તબિયત સુધરતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

મુંબઈનું સુપ્રસિદ્ધ સિદ્ધિ વિનાયક મંદિર બંધ કરી દેવાયુ છે. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ૩૧મી સુધી ભસ્મ આરતીમાં ભાગ લેવા પ્રતિબંધ મુકી દેવાયો છે. નાશિકમાં બે શંકાસ્પદ વ્યકિતઓ દાખલ થતા કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. પૂણેમાં ૩ દિવસ સુધી બજારો બંધ રાખવાના આદેશો આપવામાં આવ્યા છે. દિલ્હીમાં રાજઘાટ અને લાલકિલ્લાને પ્રવાસીઓ માટે ૩૧ માર્ચ સુધી બંધ કરી દેવામાં આવ્યો છે. કોરોના વાઈરસના પગલે મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણી સ્થગિત કરી દેવામાં આવી છે.

કોરોના વાયરસના વધતા જતા સંક્રમણના કારણે મહારાષ્ટ્રના શિરડી સાંઈ મંદિરને આજે બપોરે ત્રણ વાગ્યાથી શ્રદ્ધાળુઓ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. સરકારનો નવો આદેશ આવવા સુધી મંદિર બંધ રહેશે. જોકે, સાંઈ મંદિરમાં દરરોજની જેમ જ પૂજા અને આરતી થતી રહેશે. આ અંગે શ્રી સાંઈબાબા સંસ્થાએ જાણકારી આપી છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે મંગળવારે એનઆરઆઈ અને વિદેશી પ્રવાસીઓની યાત્રા પર ૨૮ દિવસ માટે પ્રતિબંધ લગાવી દીધો છે.

લોકડાઉન
પહેલા પાનાનું ચાલું

તહેનાત કરવાનો નિર્ણય લીધો છે.

અમેરિકા કોરોના વાઈરસને નાથવા વેક્સીનનું પરીક્ષણ કરી ચુક્યું છે, પરંતુ અમેરિકાને પણ લાગે છે કે આ બીમારી પર કાબુ મેળવવા માટે જુલાઈ-ઓગસ્ટ સુધી લાગી શકે છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા રાષ્ટ્રપતિ ડોનાલ્ટ ટ્રમ્પે પહેલીવાર સ્વીકાર્યું કે અમેરિકાની અર્થવ્યવસ્થા મંદીના દૌરમાં જઈ શકે છે.

કોરોના વાઈરસથી મંગળવાર સુધી ૧૬૨ દેશોમાં ઈન્ફેક્શન ફેલાયું છે. અત્યાર સુધી કુલ ૧,૮૨,૫૪૭ કેસ નોંધાયા છે. દુનિયામાં કુલ ૭,૧૬૪ લોકોના મોત થયા છે. સારી વાત એ છે કે ૭૯,૮૮૧ લોકો ઈન્ફેક્શનથી સાજા થઈ ગયા છે. ચીન, ઈટલી, સ્પેન અને ઈરાન સૌથી કોરોના પ્રભાવિત દેશો છે. ઈટલીમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યા થોભવાનું નામ જ લઇ રહ્યું નથી.

અહીં સોમવારના રોજ પણ ૩૪૯ લોકોના મોત થયા છે. આ જ રીતે ઈટલીમાં મૃતકોની સંખ્યા ૨૧૫૮ થઈ ગઈ છે. જ્યારે અહીં ૨૭૯૮૦ લોકો આ બીમારીથી પીડિત છે. ૩૨૧૩ની સંખ્યાની સાથે મૃતકોનો આંકડો અત્યારે પણ ચીનમાં સૌથી વધુ છે.

પાકિસ્તાનમાં પણ એક જ દિવસમાં આ આંકડો ૧૮૩ સુધી પહોંચી ગયો છે. બીજીબાજુ સ્પેન, રૂસે પોતાની બોર્ડર સીલ કરી દીધી છે. જર્મનીએ પણ પોતાના ત્યાં પ્રતિબંધ મૂકી દીધા છે. કેનેડાએ પણ કેનેડિયન અને અમેરિકનોને છોડીને દુનિયાભરના નાગરિકો માટે પોતાની બોર્ડર સીલ કરી દીધી છે.

યસ બેંક
પહેલા પાનાનું ચાલું

કે બોન્ડ્સ સામાન્ય રીતે ઈક્વિટી કરતા શ્રેષ્ઠ માનવામાં આવેછે, અને શેર છે ત્યારે બોન્ડ શા માટે માંડવાળ કરવા જોઈએ એવો પણ એક સવાલ થઈ રહ્યો છે.

જરૂરી કેપિટલ ફ્રેમવર્ક માટે યસ બેંક દ્વારા બે તબક્કામાં ઈશ્યુ થયેલ ટાયર-૧ બોન્ડ અંગે યસ બેંકને ખાડામાંથી બહાર લાવી રહેલ SBI બેંકના સત્તાવાળાઓએ પણ મૌન સેવ્યું છે. અને એવો દાવો કર્યો કે ૮૦૦૦ કરોડના ટાયર-૧ બોન્ડ અંગે અમારા પર યસ બેંકનું કોઈ દેવું નહીં.

ત્યારે રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસનું કહેવું છે કે બધા જ નિર્ણયો યસ બેંકના હિતમાં લેવામાં આવ્યા છે. પરંતુ ૮ હજાર કરોડની કિંમતના બોન્ડ અંગે સોમવારે આરબીઆઈના ગવર્નર શક્તિકંતા દાસે એવો ખુલાસો કર્યો કે, ૮ હજારની કિંમતના બોન્ડ માંડી વાળવા એ યસ બેંક અને રોકાણકારો વચ્ચેના કરારની શરતોને આધિન છે. એટલે કે બેંકને બચાવનારાઓ એસબીઆઈ સહિતના રોકાણકારોએ આ ૮ હજાર કરોડના બોન્ડની રકમ બોન્ડધારકોને પરત ચૂકવવાની કોઈ જવાબદારી લીધી નથી અને જેમની પાસે યસ બેંકના આ પ્રકારના બોન્ડ છે તેમની કિંમત હવે શૂન્ય થઈ ગઈ છે અને તેમને હવે તે પેટે ફૂટી પાઈ પણ રાણાકપૂરની બેંક પાસેથી મળી શકે તેમ નથી.

કેરિયર ડૂબી ના જાય તે માટે લગ્નની વાત છૂપાવી રાખી હતીઃ જૂહી ચાવલા

મુંબઇ

આજના સોશિયલ મીડિયાના સમયમાં ફિલ્મ સ્ટાર્સની કોઇ પણ વાત ખાનગી નથી રહેતી. વળી તે લોકો સામેથી જ પોતાના એકાઉન્ટ દ્વારા ફેન્સને તેમના જીવનની અલગ અલગ પળોને શેર કરતા રહે છે. પણ આ તમામની વચ્ચે જૂહી ચાવલાનો એક દાયકો હતો. જેમાં તેણે બોલિવૂડ પર રાજ કર્યું. અને તેમ છતાં લાંબા સમય સુધી પોતાના લગ્નની વાતને મીડિયા અને લોકોથી છુપાવીને રાખી. જો કે આજે આ વાતને વર્ષો વીત્યા પછી એક



ઈન્ટરવ્યૂના માધ્યમથી જૂહી ચાવલાએ આ અંગે ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું છે કે કેમ ૨૫ વર્ષ સુધી જૂહીએ આ વાતની ભનક પણ કોઇને નહતી પડવા દીધી.

જૂહી ચાવલાએ રાજીવ મસંદને ઈન્ટરવ્યૂ આપતા પોતાના લગ્નને વાતને લઇને ખુલાસો કર્યો હતો. જૂહીને સવાલ કરવામાં આવ્યો કે તેમણે જય મહેતા સાથેના લગ્નને આટલા સિક્રેટીવ કેમ રાખ્યા? જે પર ક્ષણભર માટે ખચકાઇને જૂહીએ કહ્યું કે ×તે સમયે ઈન્ટરનેટ નહતું, લોકોના ફોનમાં કેમેરા નહતા. વળી તે એવો સમય હતો જ્યારે હું મારી ઓળખ બનાવી રહી હતી અને સારું કામ કરી રહી હતી. આ સમયે જય મારા જીવનમાં આવ્યા. મને ડર હતો કે મારા લગ્નની ખબરના કારણે મારું કેરિયર ડૂબી જશે. હું મારા કેરિયરને ચાલુ રાખવા માંગતી હતી. અને આ માટે મને આ વચ્ચેનો રસ્તો નીકાળવો કે લગ્નને છુપાવી રાખું તે જ શ્રેષ્ઠ લાગ્યો.

મળતા હતા પ્રેમથી એ પણ બંધ કરી દીધુ છે કોરોના અમે તને સાથે મળી ચોક્કસ હરાવીશુ



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

'આને સમયની કાંઈ પડી જ નથી. હંમેશા સમય કરતાં મોડો જ આવે છે અને મારે કોલેજમાં આવીને તેની રાહ જોવી પડે છે. વળી પાછો મોડો આવીને પણ મને જ સંભળાવશે કે પ્રેમ કર્યો છે તો થોડી ધીરજ પણ કરવી પડે. કઈ રીતે સુધારુ આ છોકરાને તેની મને કંઈ ખબર પડતી નથી. આમ તો ખૂબ જ હોશિયાર છે અને મને ભરપૂર પ્રેમ કરી રહ્યો છે પરંતુ સમયની સાથે ચાલવાનું તેને ફાવતું નથી. તે તેના મનનું ધાર્યું જ કરે છે અને મારી પાસે પણ તેના મનનું ધાર્યું જ કરાવે છે. છતાં પણ તે મારા મનની તમામ વાતો જાણી જાય છે અને મને ખુશ રાખવા માટેના તમામ પ્રયત્નો કરે છે.× આ શબ્દો છે નેહાના. કોલેજ કેમ્પસમાં બેસીને નેહા જ્યારે તેની સહેલી સાથે વાત કરી રહી હોય છે એટલી વારમાં જ દર્શન ત્યાં આવી જાય છે. દર્શનને જોતાની સાથે જ નેહા કહે છે કે આજે તો તે ખૂબ મોડું કર્યું છે અને લેક્ચર પણ ચાલુ થઈ ગયા છે. આ સાંભળીને દર્શને કહ્યું કે પહેલા હું ક્લાસમાં જઈને લેક્ચર સાંભળું કે પછી અહીયા કોલેજ કેમ્પસમાં તારું લેક્ચર સાંભળુ? તું કહે તેમ હું કરીશ. નેહા તરત જ કહે છે કે એક તો મોડું આવવાનું અને વળી પાછું પ્રશ્નોમાં મને જ ફસાવવાની આવું ન ચાલે હો, ચાલ આપણે ક્લાસમાં જઈને થોડું ભણી લઈએ. નેહા અને દર્શન ક્લાસમાં આવે છે અને બપોર સુધી અભ્યાસ કર્યા પછી નજીકમાં આવેલા મોલમાં પહોંચી જાય છે. મોલમાં ખરીદીની સાથે મસ્તી મજાક કરીને બંને પ્રેમથી દિવસ પસાર કરે છે અને ફરી પાછા બીજા દિવસે કોલેજમાં અભ્યાસ કરીને મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ જોવા માટે ઉપડી જાય છે. ક્યારેક હોટેલ તો ક્યારેક બગીચામાં અને મંદિરોમાં પણ નેહા અને દર્શન સાથે જોવા મળી રહ્યા છે. એવો એક પણ દિવસ નથી જતો કે બંને મળ્યા ન હોય. નેહા અને દર્શન એકબીજાને ભરપૂર પ્રેમ કરી રહ્યા છે. પ્રેમની વાતોમાંથી પણ સમય કાઢીને નેહા અને દર્શન રાષ્ટ્રહિતમાં કેટલાક સત્કાર્યો પણ કરી રહ્યા છે. રવિવારની સાંજે દર્શન નેહાને ફોન કરીને કહે છે કે આવતીકાલથી આપણે કદાચ નિયમિત નહી મળી શકીએ. પહેલી વખત દર્શનના મોઢે મળવાની ના સાંભળીને નેહા સ્તબ્ધ થઈ જાય છે અને કહે છે કે મારાથી કંઈ ભૂલ થઈ ગઈ કે શું? એક બાજુ કહે છે કે હું તને ભરપૂર પ્રેમ કરી રહ્યો છું અને બીજી બાજુ મળવાની ના પાડે છે એ વાત મારા ગળે ઊતરતી નથી. ખરેખર શું થયું છે તે તું મને સ્પષ્ટ કહે. આ સાંભળતાની સાથે જ દર્શન કહે છે કે નેહા તું વિચારે છે એવું કાંઈ નથી પરંતુ આપણે રાષ્ટ્રહીતમા મળવાનું ટાળીશું. નેહાએ કહ્યું કે તું મને ગોળ ગોળ ન ફેરવીશ ત્યારે દર્શને કહ્યું કે, કોરોના વાઈરસથી બચવા માટે આપણે નિયમિત નહી મળીએ, પરંતુ સમયાંતરે ચોક્કસ મળતા રહેશુ.

નેહાએ કહ્યું કે મને કોરોના વિશે લાંબી કાંઈ ખબર નથી એના વિશે તું મને સમજાવ. દર્શને કહ્યું કે નોવેલ કોરોના વાયરસ એ વાઈરસથી થતો એક પ્રકારનો રોગ છે. તે પ્રાણીઓથી માણસને અને માણસથી માણસને ફેલાતો રોગ છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. પરંતુ આપણને કઈ રીતે ખબર પડે કે કોરોના વાઈરસનો ચેપ લાગ્યો છે અને તેના લક્ષણો શું છે? તેમ નેહાએ પ્રશ્ન કર્યો. દર્શને કહ્યું કે તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો કોઈ વ્યક્તિએ ચીન, જાપાન,



ઈરાન, થાઈલેન્ડ, સાઉથ કોરિયા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, હોંગકોંગ, મલેશિયા, ઈટલી, ફ્રાંસ, તાઈવાન, વિયતનામ, કેનેડા, સહિત કોઈપણ કોરોના અસરગ્રસ્ત દેશની મુલાકાત લીધી હોય અથવા તો વિદેશથી આવેલા કોઈ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય અને કોઈ લક્ષણો જોવા મળે તો તાત્કાલિક નજીકમાં આવેલા સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. આ તો બધી થઈ કોરોના વાયરસના રોગના લક્ષણોની વાત પરંતુ કોરોના વાઈરસના ચેપથી બચવા માટે આપણે શું કરવું જોઈએ? તેમ નેહાએ ફરી પ્રશ્ન કર્યો. દર્શન કહ્યું કે જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ. સાચે જ હો કોરોના વાયરસ વિશે તે મને સચોટ માહિતી આપી અને તું મળવાની કેમ ના પાડે છે તેની પાછળનું રહસ્ય પણ મને સમજાઈ ગયું તેમ નેહાએ હસીને કહ્યું અને પ્રશ્ન કર્યો કે, કોરોના વાયરસની શરૂઆત ક્યાંથી થઈ અને તે કેટલો ખતરનાક છે? દર્શને કહ્યું કે નોવેલ કોરોના વાઈરસના સૌપ્રથમ કેસ ચીન દેશના વુહાન શહેરમાં જોવા મળ્યા હતા અને ત્યાંથી જ વિશ્વના અનેક દેશોમાં કોરોના વાયરસ પ્રસરી રહ્યો છે. કોરોના વાઈરસના ચેપના કારણે ચીન, ઈટલી, ઈરાન સહિતના અનેક દેશોમાં મૃત્યુઆંક વધી રહ્યો છે જે ખૂબ જ ચિંતાજનક બાબત કહી શકાય. આપણે ગભરાવવાની જરૂર નથી પરંતુ થોડી સમજદારી રાખવાની જરૂર છે, સતર્કતા રાખવી તે આપણા સૌની જવાબદારી છે. આ સાંભળીને નેહાએ કહ્યું કે, ×મળતા હતા પ્રેમથી એ પણ બંધ કરી દીધુ છે, કોરોના અમે તને સાથે મળી ચોક્કસ હરાવીશુ× તે તો મારા મનની વાત કહી દીધી તેમ દર્શને કહ્યુ. નેહાએ કહ્યુ કે, આટલી બધી વાતો તો આપણે રૂબરુ મળીએ ત્યારે પણ નહોતા કરતા અને આજે આપણે મોબાઈલ પર ખુબ જ લાંબી વાતો કરી અને એ પણ પ્રેમની નહી નોવેલ કોરોના વાયરસની. આટલી વાત કરીને બન્ને ફોન મુકે છે. બીજા દિવસે સવારમાં જ નેહા ફોન કરીને દર્શનને જણાવે છે કે, આપણે નોવેલ કોરોના વાયરથી બચવા માટે આપણી આસપાસના લોકોને જાગૃત કરીશુ અને સરકાર તથા આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલ સુચનાઓ લોકો સુધી ત્વરીત પહોંચાડીને નોવેલ કોરોના વાયરસને આપણા દેશમાં ફેલાતો અટકાવીશુ. દર્શન કહે છે કે, હવે તો તું મને પણ સમજાવવા લાગી હો. નેહાએ કહ્યુ કે, હવે હું ફક્ત તને જ નહી બધીને સમજાવી રહી છુ કે, આ સમય આપણે બધાએ સાથે મળીને નોવેલ કોરોના વાયરસ સામે લડવાનો છે. પછી તો દર્શન અને નેહા પ્રેમની વાતો પણ પડતી મુકીને લોકોને નોવેલ કોરોના વાયરસ અંગે જાગૃત કરવા લાગે છે. થોડા દિવસો પછી જ્યારે દર્શન ફોન કરીને નેહાને કહે છે કે, ઘણા દિવસો થઈ ગયા અને તને જોઈ નથી એટલે તને મળવાની ખુબ જ ઈચ્છા થઈ છે ત્યારે નેહા દર્શનને વિડીયો કોલ કરીને કહે છે કે, હું તારી સામે જ છુ, મન ભરીને મને જોઈલે. અત્યારે મળવાનો નહી કોરાનાને હરાવવાનો સમય છે. જીવતા રહીશુ તો જીંદગીભર ભરપુર પ્રેમ કરી શકીશુ. દર્શન ખડખડાટ હસવા લાગે છે અને કહે છે કે, મને મારી પ્રેમીકા ઉપર ગર્વ છે અને તેની સમજદારી પર પણ. ત્યારે નેહા કહે છે કે, આવી જ સમજદારી આપણે સૌ એ રાખવાની છે અને કોરોનાને હરાવવાનો છે. એકબીજાને ભરપુર પ્રેમ કરતા દર્શન અને નેહા રૂબરૂ મળવાનું ટાળી રહ્યા છે અને કોરોના વાયરસનેફેલાતો રોકવા માટે પ્રયત્નશીલ છે.

(તસવીર સૌજન્ય:ડૉ.ધારા પટેલ)

ખેડૂતોને નર્મદા અને કડાણાનું પાણી ૨૦ દિવસ વધુ મળશે

કોંગ્રેસના ધારાસભ્યો ગુજરાત આવશે ત્યારે તેમનું સ્ક્રિનિંગ કરાશેઃ નીતિન પટેલ

ગુજરાતમાં એક પણ કોરોના વાયરસનો કેસ નોંધાયો નથી

ગાંધીનગર

ગુજરાતમાં ખેડૂતો માટે રૂપાણી સરકારે મહત્વની જાહેરાત કરી છે. ઉનાળુ પાક માટે પાણી આપવાની સમય મર્યાદામાં ગુજરાત સરકારે જાહેરાત કરી છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે જાહેરાત કરી હતી. વળી કોરોનાને પગલે પણ નીતિન પટેલે જણાવ્યું હતુ કે, ગુજરાતમાં હાલ એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. અને ન નોંધાય તેના માટે પણ સરકાર કોશિશ કરી રહી છે.

રાજ્યના ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા છે. ઊનાળુ પાક માટે વધુ સમય પાણી આપવાની સરકારે જાહેરાત કરી છે. પાણી આપવાના સમય મર્યાદામાં સરકારે વધારો કર્યો છે.

ખેડૂતોને વધુ ૨૦ દિવસ પાણી આપવામાં આવશે આમ તો, પહેલા ૩૧ માર્ચ સુધી જ પાણી આપવા સરકારે નિર્ણય કર્યો હતો. કડાણાં ડેમનુ પાણી આણંદના ખેડૂતોને મળે તે અંગે પણ સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. કડાણાં ડેમમાંથી પાણી આપવાની સમય મર્યાદામાં ૧૫ દિવસનો વધારો કરવામાં આવ્યા છે. કોંગ્રેસના ધારાસભ્યોની તપાસ કરાશે. રાજસ્થાનમાં કોરોના અંગે પોઝિટિવ કેસ નોંધાય છે. અધ્યક્ષની પરવાનગી હશે તો તપાસ હાથ ધરાશે. ગુજરાતમા હાલ એક પણ કેસ પોઝિટીવ નથી. અમુલ લોકો વધારે ભાવ વસુલી રહ્યા છે. આવા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામા આવશે. હાલ લોકોએ એકબીજાને સપોર્ટ કરવાની જરૂર છે.

કોરોના અસરઃ દીવમાં પ્રવેશ અટકાવવા કલમ-૧૪૪ લાગુ કરાઈ

ગાંધીનગર

દેશ દુનિયાના લોકો આકર્ષણ ગણાતા દીવ મા કોરોના વાઈરસના કહેરને લઈ ખોફ ફેલાયો છે. કોરોના વાયરસને દીવમાં પ્રવેશ અટકાવવા માટે પ્રશાસને દીવમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી છે. એટલુંજ નહિ સ્વિમિંગ પુલ સ્પા સ્કૂલ કોલેજ અને ટ્યુશન પણ બંધ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

કોરોનાની દહેશતને લઈ દીવ ના સ્વીમીંગ પુલ અને બીચો ખાલી થઈ રહ્યા છે. દીવ ની આલીશાન હોટેલોના સ્વિમિંગ પુલોમાં પાણી ખાલી કરી સ્વિમિંગ પુલ પર બેનની નોટિસો લટકાવી દેવામાં આવી છે.

કોરોના વાઈરસની દહેશતને લઈ ગ્રૂપમાં આવતા ટુરિસ્ટોના એડવાન્સમાં કરેલા બૂકીંગ ધડાધડ કેન્સલ થઈ રહયા છે. હાલ જે પ્રવાસી આવી રહયાં છે તે ગુજરાત અને આસપાસના વિસ્તારોના જ ટુરિસ્ટ દીવ ની મુલાકાત લઈ રહયા છે.

દીવના કલેક્ટર સલોની રાયે જણાવ્યું કે 'આગામી સમયમાં કોરોના વાયરસની દહેશતને જોતા સંઘ પ્રદેશ દીવમાં પ્રવાસન સ્થળ પર સેક્શન ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. પ્રવાસીઓ આવે છે તેમને પણ સાવચેતી જાળવવા માટે અને હોટલેમાં હાઈજીન જાળવવાની સૂચના છે. આગામી દિવસોમાં કોઈ મેળવાડાઓ કરવા નહીં તેવી સૂચના છે.

ભરતસિંહને દબાણ કરાશે તો,કોંગ્રેસ મુક્ત ગુજરાતની આશંકા...?

• અગાઉ ભરતસિંહ નરહરિ અમીનની સાથે જ ભાજપમાં જવા થનગની રહ્યાં હતા....?

• કહેવાય છે કે તેમને અડધેથી સમજાવીને પાછા લાવવામાં આવ્યાં હતા...!

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ બે બેઠકો જીતી શકે તેમ નથી એમ લાગતા કોંગ્રેસની નેતાગીરીએ બે ઉમેદવારો પૈકી ભરતસિંહ સોલંકીને ઉમેદવારી પાછી ખેંચવાનો આદેશ આપે તેમ જાણા મળે છે. જો કે સોલંકીએ નારાજગી દર્શાવતા સોલંકી અને બીજા ઉમેદવાર શક્તિસિંહ ગોહિલને હાઈકમાન્ડ દ્વારા દિલ્હી બોલાવવામાં આવ્યાં હોવાનું પણ ચર્ચાતુ હતું. કાલે ૧૮મીએ ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.

સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, વિધાનસભાના સભ્યોની સંખ્યાના ગણિત પ્રમાણે કોંગ્રેસ બે બેઠકો જીતી શકે તેમ નથી. કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે. કોંગ્રેસના સહયોયગી એનસીપીના એક માત્ર ધારાસભ્યે ભાજપને વોટ આપવાની જાહેરાત કરી છે. તેથી કોંગ્રેસે સોલંકીને ઉમેદવારી પરત ખેંચવાનું કહેતા તેઓ આડા ફાટ્યા હોવાનું કહેવાય છે. અને બન્નેને દિલ્હી બોલાવ્યાં હોવાનું કહેવાય છે.

દરમ્યાન, કોંગ્રેસના સૂત્રોએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ છોડીને રાજીનામુ આપનાર જે.વી. કાકડિયાના પત્નીએ કરેલો દાવો કે ભરતસિંહના કહેવાથી તેમના પતિએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું છે. કાકડિયાની પત્નીએ એવો દાવો કર્યો કે તેમના પતિએ ભરતસિંહને ફોન કરીને પૂછ્યું હતું કે પક્ષમાંથી રાજીનામુ અપાય કે નહીં, તેના જવાબમાં ભરતસિંહે એવો જવાબ આપ્યો કે ઉગત.ા સૂર્યને પૂજાય. અને તેમના આ ઈશારાના પગલે તેમના પતિએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું છે. આટલો ગંભીર આરોપ છતાં ડરતસિંહ તરફથી તેનો કોઈ ખુલાસો કરાયો નથી.

સૂત્રોએ કહ્યું કે વાસ્તવમાં કોંગ્રેસમાંથી નરહરિ અમીન ભાજપમાં ગયા ત્યારે કહેવાય છે કે ભરતસિંહ પણ તેમની સાથે તૈયાર થયા હતા. અને અડધે સુધી અમીનની સાથે ભાજપ કાર્યાલય-ખાનપુર જવા રવાના થયા. જો કે તેની જાણ અન્ય સિનિયર નેતાઓને થતાં તેમને અધવચ્ચેથી સંમજાવીને પાછા લાવવામાં આવ્યાં હતા. આમ ભાજપમાં જવાની તેમની ઈચ્છા તો રહેલી જ છે અને જો તેઓ બળવો ના કરે અને નેતાઓના સસમજાવવાથી ઉમેદવારી પરત ખેંચી લે તો પણ પાર્ટીમાં સંગઠનમાં કોઈ મોટો હોદ્દો આપવાની વાત મૂકે. કેમ કે તેઓ જાણે છે કે કોંગ્રેસને હાલમાં તેમના કરતાં ગોહિલની વધારે જરૂર છે.

સૂત્રોએ કહ્યું કે જોવાનું એ રહે કે માધવસિંહ સોલંકી પરિવારના ભરતસિંહ પક્ષનું નાક કેટલી હદે દબાવીને રાજકિય લાભ મેળવે છે.

ગુજકેટની પરીક્ષા ૩૧ માર્ચે જ લેવાશે

ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૧ એપ્રિલથી શરૂ થશે

ગાંધીનગર

ગુજરાત એજયુકેશન બોર્ડે ધો. ૯થી ૧૧ની વાર્ષિક પરીક્ષાના આયોજનમાં ફેરફાર કર્યો છે. નવા સમયપત્રક અનુસાર વાર્ષિક પરીક્ષા હવે ૧ એપ્રિલથી ૧૧ એપ્રિલ દરમિયાન લેવાશે. આ દરમિયાન ધો. ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા લેવાશે. અગાઉ બોર્ડે આ ધોરણની વાર્ષિક પરીક્ષા તા. ૭થી ૧૮ એપ્રિલની વચ્ચે યોજવા માટે સૂચના આપી હતી. પરંતુ આ મુદ્દે અનેક સ્કૂલ સંચાલકોની રજૂઆત બાદ બોર્ડે પરીક્ષાની તારીખમાં ફેરફાર કર્યા છે.

તા. ૨૦ એપ્રિલથી નવું સત્ર શરૂ થઈ રહ્યું છે. એ પહેલા પરીક્ષા પૂરી થાય તો પણ ઉત્તરવહી તપાસવા માટેનો સમય રહેતો નથી. જેથી આ વાતને ગંભીરતાથી લઈને એજયુકેશન બોર્ડે પરીક્ષાની તારીખમાં મોટો ફેરફાર કર્યો છે. હવે શિક્ષકોને પેપર તપાસીને પરિણામ પત્રક તૈયાર કરવાનો સમય મળી રહેશે એ પ્રકારનું પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નવા સમયપત્રક અનુસાર આ ધોરણના શિક્ષકોને ઉત્તરવહી તપાસવાનો અને પરિણામપત્રક બનાવવાનો પૂરતો સમય મળી રહેશે. આ પછી નવું સત્ર શાળાઓમાં શરૂ થશે. તા. ૩૧મી માર્ચે ગુજકેટની પરીક્ષા યથાવત રાખવામાં આવી છે.

તા. ૩૧મી માર્ચે જે-તે સેન્ટર પરથી ગુજકેટની પરીક્ષા લેવાશે. જે માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન હોલટિકિટ ડાઉનલોડ પણ કરી શકે છે. આ વખતની ગુજકેટની પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી કુલ ૧.૨૫ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે.

રાજકોટ મનપાએ જાહેરમાં થૂંકનાર ૭૨ લોકો પાસેથી ૩૬ હજાર દંડ વસૂલ્યો

રાજકોટ

કોરોના વાઈરસને અટકાવવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેરમાં થૂંકનાર સામે લાલ આંખ કરી છે. ૧૭ માર્ચના રોજ શહેરના ત્રણેય ઝોનના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જાહેરમાં થૂંકવાના જાહેરનામાના ભંગ કરનાર ૭૨ લોકો પાસેથી ૩૬ હજારનો દંડ વસૂલ્યો હતો. તેવું મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વધુ માહિતી આપતા કમિશનરે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા કોરોના વાઈરસ પર નિયંત્રણ લાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેરમાં થૂંકતા વ્યક્તિઓને દંડ કરવામાં આવી રહ્યો છે. આજ રોજ ત્રણેય ઝોનમાં આ કાર્યવાહી પૂરજોશમાં ચાલે છે. જાહેરમાં થૂંકનાર વ્યક્તિઓમાં સેન્ટ્રલ ઝોનમાંથી ૧૩ લોકો પાસેથી રૂ. ૬,૫૦૦, વેસ્ટ ઝોનમાંથી ૨૬ લોકો પાસેથી રૂ. ૧૩,૦૦૦ અને ઈસ્ટ ઝોનમાંથી ૩૩ લોકો પાસેથી રૂ. ૧૬૫૦૦નો દંડ વસૂલ્યો હતો.

હજુ વધુને વધુ કામગીરી ચાલુ છે. જાહેર જનતાને કોરોના વાઈરસ અંગે જાગૃત થવા અને જાહેરમાં ન થૂંકવા કમિશનર દ્વારા અપીલ કરવામાં આવે છે.

બીમારી અને એકલવાયી જિંદગીથી કંટાળી વૃદ્ધે આપઘાત કર્યો

વડોદરા

વાડી વિસ્તારમાં આવેલા નવાપુરા વચલામાં ફળીયામાં રહેતા વૃદ્ધે બીમારી અને એકલવાયી જિંદગીથી કંટાળીને ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના વાડી વિસ્તારના નવાપુરા વચલા ફળીયામાં રહેતા જસવંતભાઈ મોહનલાલ ખત્રી(૮૩)એ મોડી સાંજે પોતાના ઘરમાં આપઘાત કરી લીધો હતો. જસવંતભાઈ છેલ્લા કેટલાક સમયથી બીમારીથી પિડાતા હતા. બીમારીએ પીછો ન છોડતા તેઓએ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ પોલીસને થતાં પોલીસ પહોંચી ગઈ હતી. અને લાશનો કબજો લઈને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ બનાવ અંગે પોલીસે આપઘાતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ જીલ્લામાં કોર્ટ સહિતના અનેક સ્થાનો પર ફોગીંગ સહિતની કામગીરી હાથ ધરાઈ



નોવેલ કોરોના વાયરસ અંગે જનજાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરીને કોરોના વાયરસથી બચવાના ઉપાયો, હાથ ધોવાની રીત સમજાવાઈ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

હાલની કોરોના વાયરસની પરિસ્થીતીને ધ્યાનમાં રાખીને કલેક્ટર અમદાવાદ અને જીલ્લા વિકાસ અધિકારી અમદાવાદની સુચના મુજબ અમદાવાદ જીલ્લાની ગ્રામ્ય કોર્ટ સહિતના સરકારી બિલ્ડીગોમાં એક સાથે ફોગીગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત નોવેલ કોરોના વાયરસ અંગે જનજાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરીને કોરોના વાયરસથી બચવાના ઉપાયો, હાથ ધોવાની રીત સમજાવવામાં આવી હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતીષ મકવાણા તથા જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ હાઇકોર્ટ, સોલા સિવીલ હોસ્પિટલ, અસારવા સિવીલ હોસ્પિટલ, આઇ હોસ્પિટલ, મીરઝાપુર કોર્ટ, ભદ્ર કોર્ટ, ગાંધી આશ્રમ, કલેક્ટર ઓફિસ, જિલ્લા પંચાયત કચેરી, ગીતા મંદિર બસ સ્ટેન્ડ, રાણીપ બસ સ્ટેન્ડ અને વિરમગામ, માંડલ, દેત્રોજ, સાણંદ, બાવળા, ધોળકા, ધંધુકા કોર્ટમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, નોવેલ કોરોના વાયરસ એ વાઇરસથી થતો એક પ્રકારનો રોગ છે. તે પ્રાણીઓથી માણસને અને માણસથી માણસને ફેલાતો રોગ છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઇરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો કોઈ વ્યક્તિએ ચીન, જાપાન, ઈરાન, થાઈલેન્ડ, સાઉથ કોરિયા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, હોંગકોંગ, મલેશિયા, ઇટલી, ફ્રાંસ, તાઈવાન, વિયતનામ, કેનેડા, સહિત કોઈપણ કોરોના અસરગ્રસ્ત દેશની મુલાકાત લીધી હોય અથવા તો વિદેશથી આવેલા કોઈ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય અને કોઈ લક્ષણો જોવા મળે તો તાત્કાલિક નજીકમાં આવેલા સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઇરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહી અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

એલઆરડી ભરતીનો વિવાદ વકર્યો, હાઈકોર્ટે સરકારને નોટિસ ફટકારી

અમદાવાદ

લોકરક્ષક દળની ભરતીનો વિવાદ ફરી વકરવાની શક્યતા છે. આ મામલે ભરતીની ૩૮૦ મહિલા ઉમેદવારોએ હાઈકોર્ટમાં વાંધા અરજી કરી હતી અને કોર્ટે તેમની વાંધા અરજી સ્વીકારતા સરકારને નોટિસ પણ ફટકારી છે.

ઓપન કેટેગરીની તમામ બેઠક પર જનરલ કેટેગરીની મહિલાઓની ભરતી કરવી જોઈએ. અનામત કેટેગરીની મહિલાઓનો મેરિટ લિસ્ટમાં સમાવેશ ન કરવા દાદ માગી છે. હાઈકોર્ટે સરકાર અને લોકરક્ષક ભરતી બોર્ડને નોટિસ પાઠવી છે. જેની વધુ સુનાવણી ૩૦મી એપ્રિલે હાથ ધરાશે. લોકરક્ષક દળની ભરતીમાં સરકારે બહાર પાડેલા મેરિટ લિસ્ટ સામે ઓપન કેટેગરીની આશરે ૧૦૫ મહિલા ઉમેદવારોએ હાઈકોર્ટમાં એમેન્ડમેન્ડ કર્યુ છે. તેમના વતી એડવોકેટ વિશાલ દવેએ એવી દલીલ કરી હતી કે, સરકારે ૧૦ માર્ચ ૨૦૨૦ના રોજ બહાર પાડેલા મેરિટ લિસ્ટમાં ઓપન કેટેગરીની મહિલાઓનો જ સમાવેશ કરવો જોઈએ. તેમાં અનામત કેટેગરીની મહિલાઓને મેરિટ લિસ્ટમાં સમાવેશ કરી શકાય નહીં.

પહેલાં ૧૦ રૂપિયા ચૂકવવા પડતાં

ભીડ નિવારવા પ્લેટફોર્મ ટિકિટના ભાવ વધારીને અધધ..૫૦ કરાયા

અમદાવાદ

કોરોના વાયરસને લઈ ભારતીય રેલવે દ્વારા પ્રવાસીઓની સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. પ્લેટફોર્મ ટિકિટના ભાવમાં વધારો કર્યો છે. પ્લેટફોર્મ ટિકિટ ૧૦ રૂપિયા હતી જે વધારીને ૫૦ રૂપિયા કરી દેવામાં આવી છે. આ નવા દર મધ્યરાતથી અમલી થઈ ગયા છે. નોંધનીય છે કે, પ્લેટફોર્મ પર પોતાના સ્વજનોને મૂકવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે ત્યારે પ્લેટફોર્મ પર ભીડ વધારે થાય છે. જેને લઈ રેલવેએ નિર્ણય કર્યો છે કે પ્લેટફોર્મ ટિકિટ વધારે હોય તો લોકો પ્લેટફોર્મ પર ઓછા આવશે અને ચેપી રોગ કોરોનાથી બચી શકાય છે. રેલવે સ્ટેશન પર આવતા પ્રવાસીઓની જાગૃતિ આવે તે માટે તમામ પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. ભારતીય રેલવે દ્વારા ટ્રેનમાં પણ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ટુવાલ અને નેપકીન ડિસ્પોઝલ આપવામાં આવે છે. આ ઉપરાંત ટ્રેનમાં પડદા અને ધાબળા હટાવી દેવામાં આવ્યા છે. જેના કારણે કોરોના વાયરસનો ચેપ ન લાગે અને ફેલાય નહીં તેની કામગીરી કરવામાં આવી રહી છે.

હત્યાના ગુનામાં ફરિયાદ પરત ખેંચવા દબાણ કરતા હોવાનો અરવિંદ રૈયાણી પર આક્ષેપ



રાજકોટ

ભાજપના રાજકોટના ધારાસભ્ય અરવિંદ રૈયાણીનો વિડિયો વાયરલ થયો છે. અગાઉ પણ અરવિંદ રૈયાણી વારંવાર ચર્ચામાં આવી ચૂક્યા છે ત્યારે ફરીથી હત્યાના આરોપમાંથી ભાઈને બચાવવા દાદગીરી કરી રહ્યા હોવાનો વીડિયો સામે આવતા ખળભળાટ મચી ગયો હતો.

ભાજપના ધારાસભ્ય અરવિંદ રૈયાણી ફરી એક વખત વિવાદમાં આવ્યા છે. અરવિંદ રૈયાણી અને તેમના ભાઈ સુરેશ રૈયાણી પર હત્યાના ગુનામાં ફરિયાદ પરત ખેંચવા દબાણ કરતા હોવાનો આક્ષેપ કરાયો છે. વિજય ગોસ્વામી નામના તબીબે એક વીડિયો બનાવી અને અરવિંદ રૈયાણી સહિત ૫ લોકોથી જીવનું જોખમ હોવાનો આરોપ લગાવ્યો. વિજય ગોસ્વામી મનોજ ગોસ્વામીના ભાઈ છે. મનોજ ગોસ્વામી પર ૨૦૧૬માં હુમલો થયો હતો. જેમાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. ત્યારે આ કેસને લઈ વિજય ગોસ્વામી પર ફરિયાદ પરત લેવા દબાણ કરાઈ રહ્યું. વીડિયોમાં વિજય ગોસ્વામી કહે છે કે ભાજપના ધારાસભ્ય અરવિંદ રૈયાણી અને તેમના ભાઈ સુરેશ રૈયાણી એ લોકોના ફૂલ સપોર્ટમાં છે. અને મને બોલાવીને કહે છે કે અથવા તું સમાધાન કરી દે મહેશ ડોબરીયા, જયમીન ડોબરીયા અને કનુ ડોબરીયા વિરુદ્ધ અથવા તો તને મારી નાખીશું.

સ્ટેચ્યુ ઓફ યુનિટિની ઓનલાઈન ટિકિટ બંધ કરાઈ

કોરોના વાયરસનો ડર: રાજ્યના તમામ પર્યટન સ્થળો બંધ

ગીર, જૂનાગઢ, કાંકરિયા સહિતના રાજ્યના તમામ ઝૂઓલોલજીકલ સ્થળો માર્ચ અંત સુધી બંધ રહેશે,અંબાજી મંદિરના ત્રણ ગેટ બંધ કરાયા,પાટણની રાણીની વાવ પણ બંધ

ગાંધીનગર

કોરોના વાયરસને વૈશ્વિક મહામારી જાહેર કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા શાળા-કોલેજો, સિનેમાઘરો સહિતની જાહેર સ્થળ બંધ કરવાની જાહેરાત કરી છે. ત્યારે કોરોના વાઇરસને લઈ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટિકિટ ઓનલાઈન બંધ કરવામાં આવી છે. તેમજ જંગલ સફારી આજથી પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. ગુજરાતના શક્તિ પીઠ અંબાજી મંદિર ખાતે કોરોના વાયરસને લઈ આજે વહેલી સવારથી અંબાજી મંદિરના ૭, ૮ અને ૯ નંબર ગેટ યાત્રિકો માટે બંદ કરાયા છે. તો બીજી તરફ જૂનાગઢમાં શક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને પણ પ્રવાસીઓ માટે બંધ કરવાનો તંત્રએ નિર્ણય લીધો છે. ભાવનગરના વેળાવદરમાં આવેલું રાષ્ટ્રીય ઉધાન બંધ કરવામાં આવ્યું છે. કોરોના વાયરસને પગલે સ્ટેચ્યૂ ઑફ યૂનિટિની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ખુલ્લું તો રાખવામાં આવ્યું છે. પરંતુ વ્યુઈંગ ગેલેરીની ઓનલાઈન ટિકિટ બુકિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. તો બીજી તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક બનેલું સરદાર પટેલ ઝૂઓલોજી પાર્ક, આબંરડી લાયન સફારી પાર્કને આજથી પ્રવાસીઓ માટે ૨૯ માર્ચ સુધી બંધ કરાયા છે. જો કે, તંત્ર દ્વારા માત્ર સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે જંગલ સફારી પાર્ક બંધ કરવામાં નથી આવ્યો. તંત્ર દ્વારા અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ સહિત કાંકરિયા ઝુ આગામી ૨૯ માર્ચ સુધી બંધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાવનગરના વેળાવદરમાં આવેલું રાષ્ટ્રીય ઉધાન બંધ રહેશે. કોરોના વાયરસની અસરના પગલે તેમજ સરકારના આદેશ બાદ વનવિભાગ દ્વારા ૧૭ માર્ચથી ૨૯ માર્ચ સુધી કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. ગુજરાતના શક્તિ પીઠ અંબાજી મંદિર ખાતે આજે વહેલી સવારથી અંબાજી મંદિરના ૭, ૮ અને ૯ નંબર ગેટ યાત્રિકો માટે બંધ કરાયા છે. યાત્રીકોને શક્તિ દ્વારથી પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જયાં જીઆઈએસના ગાર્ડ સહિત કર્મચારીઓ મોઢા પર માસ્ક પહેરીને ફરજ બજાવતા જોવા મળ્યા હતા. માઈ ભક્તો અંબાજી મંદિર ખાતે માત્ર એક ગેટથી જ પ્રવેશ કરી શકશે. અહીં હાથ ધોઈને માઈ ભક્તો પ્રવેશ કરતા જોવા મળ્યા હતા. કોરોના વાયરસના પગલે ગુજરાત સરકાર દ્વારા પાટણની રાણીની વાવ પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવી છે. ૧૦૦ની નોટમાં સ્થાન પામેલ વર્લ્ડ હેરિટેજ રાનીની વાવ ૩૧ માર્ચ સુધી પર્યટકો માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બે વિષયમાં ઝીરો માર્ક આવતા બીસીએની વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યુ

સાવરકુંડલા

સાવરકુંડલાના ગાધડકા ગામે રહેતી અને અમરેલી કોલેજમાં BCAનો અભ્યાસ કરતી નીકીતા રાજેશભાઈ રાઠોડે ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી હતી. બે વિષયમાં ઝીરો માર્ક આવતા અને પેપર ખોલાવવા છતાં આ જ રિઝલ્ટ રહેતાં આઘાતને કારણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. નીકીતાએ રાત્રે ઝેરી દવા પી લેતાં સાવરકુંડલા, અમરેલી હોસ્પિટલમાં સારવાર અપાવી વધુ સારવાર માટે સવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લવાઈ હતી. પરંતુ અહીં તેનું મોત નિપજ્યું હતું.

હોસ્પિટલ ચોકીના રાજુભાઈ ગીડા અને રવિભાઈએ સાવરકુંડલા પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર નિકીતા બે ભાઈની એકની એક મોટી બહેન હતી. તેના પિતા સલૂનની દુકાન ધરાવે છે. પરિવારજનોના કહેવા મુજબ નીકીતા અમરેલીની કોલેજમાં મ્બ્છના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતી હતી. થોડા દિવસ પહેલા જાહેર થયેલા પરીક્ષાના રિઝલ્ટમાં તેને બે વિષયમાં ઝીરો-ઝીરો માર્ક આવ્યા હોય તે આઘાતમાં સરી પડી હતી. પેપરો ખોલાવ્યા હતાં છતાં પરિણામ એ જ રહ્યું હતું. આ કારણે તે સતત ચિંતામાં હતી અને તેને લીધે આ પગલું ભરી લીધાની શક્યતા છે.



કોરોના વાઈરસને પગલે સાવચેતીના ભાગરૂપે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વડોદરા કોર્ટમાં પ્રવેશ કરતા વકીલો અને પક્ષકારોનું ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું. જોકે આરોગ્ય વિભાગની ટીમ માત્ર એક જ ટેમ્પરેચર ગન લઈને ગઈ હોવાથી તેની બેટરી વારંવાર ઉતરી જતી હતી. જેથી ટેમ્પરેચર માપવામાં ખુબ મુશ્કેલી પડી રહી હતી.

કાંધલને કોંગ્રેસને વોટ આપવા વ્હીપ-મેન્ડેટ અપાશે: એનસીપી નેતા વાઘેલા

કાંધલ જાડેજાની જાહેરાત: રાજ્યસભામાં ભાજપને વોટ આપશે

વ્હીપના ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ કરાશે: શંકરસિંહની ચીમકી

ગાંધીનગર

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં એનસીપીના એક માત્ર ધારાસભ્ય કાંધલ જાડેજાએ કોંગ્રેસને નહીં પણ ભાજપને વોટ આપવાની કરેલી જાહેરાતના સંદર્ભમાં એનસીપીના ગુજરાતના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભારપૂર્વક કહ્યું કે અમારા ધારાસભ્યને કોંગ્રેસની તરફેણમાં જ વોટ આપવાનો વ્હીપ અને મેન્ડેટ અપાશે. અને જો તેનું ઉલ્લંઘન કરશે તો નિયમાનુસાર કાંધલ જાડેજાની સામે પક્ષ દ્વારા કડક પગલા લેવામાં આવશે. એનસીપીના કુતિયાણાના ધારાસભ્ય જાડેજાએ આજે મિડિયા સમક્ષ જાહેર કર્યું કે ૨૦૧૭ની રાજ્યસભાની ચૂંટણીમાં પણ તેમણે ભાજપને વોટ આપ્યો હતો અને । વખતે પણ તેઓ ભાજપના ઉમેદવારને જ વોટ આપશે. તેમની આ જાહેરાતના પગલે તરત જ એનસીપી નેતા વાઘેલાબાપુએ જાહેર કર્યું કે પાર્ટી નિયમોથી ચાલે છે અને પાર્ટી કોંગ્રેસ સાથે સહયોગમાં છે ત્યારે ગુજરાતમાં પણ અમારી પાર્ટીએ કોંગ્રેસને વોટ આપવાનું નક્કી કર્યું છે. ગુજરાત વિધાનસભામાં અમારા પક્ષના ધારાસભ્ય કાંધલને કોંગ્રેસની તરફેણમાં જ વોટ આપવા વ્હીપ અને મેન્ડેટ અપાશે. પક્ષના નિયમાનુસાર તેના ઉલ્લંઘન બદલ પક્ષમાંથી સસ્પેન્ડ કરવા સુધીની જોગવાઈ હોય છે.

રાજકોટ સેન્ટ્રલ જેલ વિવાદોમાં: ૧ મોબાઈલ, ડેટા કેબલ,બીડીની જુડી,મસાલા ઝડપાયા

રાજકોટ

રાજકોટની સેન્ટ્રલ જેલમાં ફરી એક વખત દડાનો ઘા આવતા સુરક્ષા સામે સવાલો ઉભા થયા છે. સેલોટેપ વીંટળાયેલા દડામાંથી ૧ મોબાઈલ, ૪ ડેટા કેબલ, ૧૦ બીડીની જુડી, તમાકુવાળા ૯ મસાલા, સિગારેટના બે પેકેટ અને ચુનાની પાંચ પડીકી મળી આવી છે. આ દડો કોણ ફેંકી જાય છે, ત્યારબાદ અંદર કોણ છે, કોનું આવું નેટવર્ક ગોઠવાયું છે તે જાણવામાં જેલ તંત્ર નિષ્ફળ નીવડ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી જેલની અંદરથી પ્રતિબંધિત વસ્તુ મળવાનો સિલસિલો ચાલી રહ્યો છે. ગત મહિનામાં આંતરવસ્ત્ર સહિત જેલમાં વિવિધ સ્થળેથી મોબાઈલ સહિતની પ્રતિબંધિત વસ્તુઓ મળી હતી.સમગ્ર મુદ્દે હાલ પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે અગાઉ પણ આ નવતર પ્રયોગથી જેલમા પ્રિતિબંધીત વસ્તુઓ પહોંચતી કરવામાં આવી હતી. જેલની દીવાલો ઉંચી છે પરંતુ કોઈ ભેજાબાજે બહારથી મોટો દડો લઈ જેમાં વિવિધ વસ્તુઓ ભરી દડાને સેલોટેપથી સાંધી જેલની અંદર ચોક્કસ જગ્યાએ ઘા કરવામા આવે છે. પરંતુ કોઈ આ ઘા કરે છે અને કોના માટે કરે છે તે એક તપાસનો મોટો વિષય બન્યો છે.

વિધાનસભામાં થયો ખુલાસો

ગુજરાતમાં વિકાસના નામે વિનાશ? છેલ્લા બે વર્ષમાં ૧.૮૦ લાખ વૃક્ષો કપાયા

ગાંધીનગર

અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજ્યભરમાં વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે અને કોંક્રિટના જંગલો ઉભો થઈ રહ્યા છે. વૃક્ષોની સંખ્યા ઘટી જતાં અને જે રહ્યા છે તેને પણ કોઈનો કોઈ કારણસર કાપી નખાતા તેની અસર પક્ષીઓ તેમજ મનુષ્યો પર પણ પડે છે. વિધાનસભાના ચાલી રહેલા સત્ર દરમિયાન છેલ્લા બે વર્ષમાં કેટલા વૃક્ષો કપાયા તેના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે., જે મુજબ ૧ એપ્રિલ, ૨૦૧૮થી લઈને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન કચ્છ, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ૩૭ ટકા વૃક્ષોને કાપી નખાયા હતા.

લાઠીના ધારાસભ્ય વિરજી ઠુંમરે પૂછેલા સવાલના જવાબમાં રાજ્ય સરકારે કહ્યું કે, પાટનગર ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૧,૪૧૮ જ્યારે એપ્રિલ ૨૦૧૯થી લઈને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન ૪,૨૬૩ વૃક્ષોનું નિકંદન કરાયું હતું.

વિધાનસભામાં આપવામાં આવેલા બીજા જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, ૪,૪૪૮ વ્યક્તિઓ ગેરકાયદે વૃક્ષો કાપતા ઝડપાયા છે. ગેરકાયદેસર રીતે કાપવામાં આવેલા વૃક્ષોની માર્કેટ વેલ્યૂ ૪૪.૬૨ કરોડ રૂપિયા હતી.

સ્ટેટ સોશિયલ ફોરેસ્ટ્રીના એક અધિકારીએ કહ્યું કે, મંજૂરી લીધા બાદ કાપવામાં આવેલા ૧.૮૦ લાખ વૃક્ષોની વેલ્યૂ ૬૯.૧૩ કરોડ રૂપિયા હતી. 'તેથી, રાજ્યમાં કાયદેસર અને ગેરકાયદેસર કાપવામાં આવેલા વૃક્ષોની કુલ વેલ્યૂ ૧૦૦ કરોડ રૂપિયા હતી'.

અધિકારીએ કહ્યું કે, રોડ પહોળા કરવા, સરકારના પ્રોજેક્ટના કન્સ્ટ્રક્શન માટે તેમજ રેલવે પ્રોજેક્ટ માટે વૃક્ષો કાપવામાં આવ્યા હતા.



ડાંગ એસ.ટી તંત્ર કોરોના વાઈરસથી સાવધાનમાં રાખી ને બસ ડેપોના પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવેલું હતું.

કોરોના વાયરસને પગલે

એસટી વિભાગ દ્વારા વિવિધ બસ સ્ટેન્ડમાં સફાઈ ઝુંબેશ

સ્વચ્છતા જાળવવા મુસાફરોને પણ અનુરોધ કરાયો

આહવા

કોરોના વાઈરસના પગલે સમગ્ર વિશ્વભરમાં આ રોગને અટકાવવા માટે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહયા છે ત્યારે ડાંગ જિલ્લા એસ.ટી.વિભાગે પણ સાવધ રહેવાની સાથે સાથે પોતાના તંત્રને સાબદુ કરી દીધું છે.

આજરોજ આહવા ડેપો મેનેજર શ્રી જગદીશભાઇ ગાવિતે જણાવ્યું હતું કે ઠેરઠેર કોરોના વાઈરસથી સાવધાની ના ભાગરૂપે આહવા,વધઇ અને સાપુતારા ખાતે બહારથી આવતી તમામ બસોને વોશ કરવામાં આવે છે.મોટા ભાગે એસ.ટી. બસમાં મુસાફરો આવ-જા કરતા હોય સાવધાની રાખવી ખૂબ જ જરૂરી બની રહે છે. જાહેર બસ સ્ટેન્ડ ઉપર આવેલા ટોઈલેટ-બાથરૂમ પણ દરરોજ રાબેતા મુજબ સ્વચ્છ રાખવામાં આવે છે. પરંતુ તકેદારીના ભાગરૂપે સ્ટાફ મીટીંગ કરીને ડ્રાઈવર,કંડકટરોને પણ સૂચના આપવામાં આવી છે. એસ.ટી.નો સ્ટાફ પણ સતત ખડેપગે સેવા બજાવતો હોય આરોગ્યનો કેમ્પ કરવામાં આવ્યો હતો.

સરકારી આયુર્વેદિક હોસ્પિટલ,આહવા ના વૈદ્ય ડા.કૃતિકાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ જડીબુટ્ટીયુક્ત ઉકાળો જાહેર સ્થળોમાં પીવડાવવામાં આવે છે. મુસાફર જનતા જાહેરમાં થુંકે નહી તે માટે સતત માઇક દ્વારા જાહેરાત કરવામાં આવે છે. જાહેરમાં થુંકનાર વ્યક્તિને દંડની જોગવાઇ કરવામાં આવી છે. જાહેર સ્થળોમાં સ્વચ્છતા જાળવી રાખવા તેમજ સરકારશ્રીની ઝૂંબેશ માટે લોકોને સહભાગી બનવા અપીલ કરવામાં આવી રહી છે.

સુરત જિલ્લા કોર્ટ સંકુલમાં પ્રવેશતા લોકોની ટેમ્પરેચર ગનથી તપાસ

કોર્ટમાં પ્રવેશવા માટે પક્ષકારો, કર્મચારીઓ અને વકીલોની લાંબી લાઈન લાગી

સુરત

કોરોના વાઈરસની તકેદારીના ભાગરૂપે સુરત જિલ્લા કોર્ટમાં પ્રવેશતા તમામ લોકોનું ટેમ્પરેચર ગનથી તાપમાન માપીને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. સવારે ૧૦ વાગ્યાથી મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ટેમ્પરેચર ગનથી તાપમાન માપીને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. ૩૭થી વધુ ડિગ્રી તાપમાન ધરાવતા લોકોને પ્રવેશ અપાયો નહોતો. સાથે કોર્ટમાં વિશેષ સાફસફાઈ કરવામાં આવી રહી છે.

કોર્ટ બિલ્ડીંગના પ્રવેશ દ્વાર પર સૂચના લખી દેવામાં આવી છે કે પક્ષકારો તથા જે તે કામના સાક્ષીઓએ નામદાર કોર્ટમાં હાજર રહેવાની જરૂર નથી તેમજ જે તે કેસ અંગેની તારીખ વકીલને ફોન પર સંપર્ક કરીને મેળવી લેવા વિનંતી કરતો પત્ર ચોટાડી દેવામાં આવ્યો છે.સાથે જ કોર્ટમાં અગત્યના કામ માટે આવતાં લોકોને ચેકીંગ બાદ પ્રવેશ અપાય છે. વકીલ,કર્મચારીઓ,કલાર્ક સહિતના તમામના ચેકીંગ કરવામાં આવી રહ્યાં છે.

સરકારી મુખ્ય વકીલ નયનભાઈ સુખડવાળાએ પક્ષકારોને અપીલ કરી સૂચન કર્યા હતાં. કોર્ટમાં ફોગીંગ મશીનથી બે વાર દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.લાયબ્રેરી પણ બંધ રાખવામાં આવી છે. જે સર્વાનુમતે નિર્ણય લેવાયો છે. કોર્ટમાં માત્ર ઈમરજન્સી કેસ પર કામ કરવામાં આવશે. કોર્ટ કેમ્પસમાં સફાઇ કામગીરી વિશેષ રીતે હાથ ધરવામાં આવી રહી છે.

સામૂહિક શૌચાલયની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ

નવસારી જિલ્લા સુખાકારી સમિતિની બેઠક મળી

નવસારી

આજ રોજ જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેનશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકના અધ્યક્ષસ્થાને જિલ્લા સુખાકારી સમિતિની બેઠક યોજાઇ હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પી.કે.હડુલાએ બેઠકના પ્રારંભે સુખાકારી સમિતિના ઉપસ્થિત સભ્યોને આવકાર્યા હતા, અને ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવા રજૂઆત કરી હતી, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.તેમજ એસબીએમ અંતર્ગત ન્બ્ગ્ અને ય્ખ્ની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મનરેગા અંતર્ગત કમ્પોસ્ટ પીટ અને સેગ્રીગેશન શેડની કામગીરી તેમજ સામુહિક શૌચાલયની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા કર્મચારી-અધિકારીશ્રીઓને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકે જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.

રાજય તથા કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણલક્ષી યોજનાઓની સમીક્ષા કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ નવસારી જિલ્લાના તમામ તાલુકાઓના ગામોમાં શૌચાલયો અને વિકાસલક્ષી કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સરકારી વિભાગોના અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાવસાર, સહાયક માહિતી નિયામકશ્રી રાજ જેઠવા સહિત સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

કતારગામમાં રહેતી ૧૮ વર્ષીય નિલમબેન ગુમ

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૫/૦૨/૨૦૨૦ ના રોજ ઘર.નં. ૧૦૧, આશિષકિષ્ના એપાર્ટમેન્ટ, વિશાલ નગર-૨, કતારગામ (મૂળ વતનઃ ભુંભલી, તાઃ-જીઃભાવનગર) ખાતે રહેતા ૧૮ વર્ષીય નિલમ મનજીભાઈ ખીમાણીનું અજાણ્યા ઈસમ દ્વારા અપહરણ થયાની કતારગામ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. નિલમબેન શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૪ ફૂટ છે, અને શરીરે સફેદ કલરની કુર્તી તથા કાળા કલરનો દુપટ્ટો, કાળા કલરની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પુણાગામમાં રહેતી યુવતી જોશનાબેન પરી લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૬/૦૨/૨૦૨૦ ના રોજ રહે ઘર નં. ૧૦૪, અમરધામ સોસાયટી, હરિઓમ સ્કુલની બાજુમાં, પુણા, સુરત (મૂળ વતનઃ ગામ-દોલતી, તાઃ સાવરકુંડલા, જિ.: અમરેલી) ખાતે રહેતા પરશોત્તમભાઈ પરીની ૨૩ વર્ષીય પુત્રી જોશનાબેનનું અપહરણ થયાની ફરિયાદ નોંધાઈ છે. નિલમબેન શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૪.૫ ફૂટ છે અને શરીરે આછા ગુલાબી રંગનું ટોપ તથા સફેદ રંગનું જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

બાઈકની ડીકીમાંથી ૨.૫૦ લાખ ચોરાયા

રાંદેર ગુજરાત ગેસ સર્કલ પ્રેમજીનગર પાસે પાર્ક કરાયેલી મોટર સાઈકલની ડીકી અજાણ્યા ચોરે તોડીને રોકડા રૂપિયા ૨.૫૦ લાખ, પાસબુક, ચેકબુક સહિતના અગત્યના કાગળો સહિતની બેગની ચોરી કરી ગયો હતો. બનાવ અંગે કનકપુર શિતલનગરમાં રહેતા રમેશ કાનજી પટેલે રાંદેર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે.

નાનીવેડમાં દારૂ સાથે મહિલાની ધરપકડ

સિંગણપોર પોલીસે નાનીવેડ ગામ નીચલુ ફળીયામાંથી દારૂના જથ્થા સાથે આરોપી ભીખીબેન રતિલાલભાઈ પટેલની ધરપકડ કરી હતી. સિંગણપોર પોલીસે આ મહિલાના ઘરમાંથી વ્હીસ્કી બીયરના ટીન નંગ ૭૬, દેશી દારૂ ૧૦૩ લીટર મળી કુલ રૂપિયા ૨૭,૩૧૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી મહિલા બુટલેગર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

૨૩મીએ નવસારી જિલ્લા કાર્યવાહક સમિતિ મળશે

નવસારી જિલ્લા આયોજન મંડળની જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિની બેઠક તા.૨૩/૦૩/૨૦૨૦ ના રોજ સાંજે ૪-૦૦ કલાકે જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ, નવસારી ખાતે યોજાશે. જેમાં સબંધિત તમામને સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા આયોજન અધિકારી, નવસારીની યાદીમાં જણાવાયું છે.

નવસારી જિલ્લામાં હથિયારબંધી લાગુ

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૨૭/૦૩/૨૦૨૦ સુધી શસ્ત્રો, દંડા, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઇ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઇ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનારને કેદ અને દંડની સજા થઇ શકે છે.

તા.૨૭મીએ નવસારી ખાતે ડાક અદાલતનું આયોજન

સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારી ડિવીઝન ધ્વારા તા. ૨૭/૦૩/૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાનારી પોસ્ટ ખાતાની ડાક અદાલતમાં ટપાલ ખાતાનાં નિતિ-વિષયક મુદાઓ સિવાયની અને ટપાલ સેવા તેમજ પેન્શન પૈકી એક જ વિષયને સ્પર્શતી ફરીયાદો ''ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફીસ ઓફ સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારી ડિવીઝન નવસારી- ૩૯૬૪૪૫'' ને તા. ૨૦/૧૧/૨૦૨૦ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. તેમ સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

૧૯મીએ નવસારી જિલ્લા પંચાયતની સમગ્ર સભા

નવસારી જિલ્લા પંચાયતની સામાન્ય સભા તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ બપોરે ૧-૩૦ કલાકે જિલ્લા પંચાયત, નવસારીના સભાખંડમાં રાખવામાં આવી છે. બેઠકમાં સબંધિત તમામને સમસયર ઉપસ્થિત રહેવા જિલ્લા પંચાયત નવસારીની યાદીમાં જણાવાયું છે.

તા.૨૧મીએ નાગરિક પુરવઠા સમિતિ મળશે

નવસારી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક તા.૨૧ મી માર્ચ-૨૦૨૦ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે અધ્યક્ષશ્રી, જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ અને કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન, સભાખંડ, ત્રીજા માળ, કાલિયાવાડી, નવસારી ખાતે યોજાશે. જેમાં સબંધિત તમામને સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા પુરવઠા અધિકારી નવસારી દ્વારા યાદીમાં જણાવાયું છે.

અમલસાડથી નવસારી જતી એસટી બસ પલટી : ૧૫ મુસાફરો ઈજાગ્રસ્ત

ક્ષમતા કરતા વધુ મુસાફરો સાથેની બસને સાલેજ ગામ પાસે નડેલી દુર્ઘટના



સુરત

અમલસાડથી નવસારી તરફ જતી એસટી બસનો સાલેજ ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. બસમાં ખીચોખીસ ૯૦ જેટલા મુસાફરોને બેસાડવામાં આવ્યાં હતાં. જેમાંથી એક્સિડન્ટમાં ૧૫ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર માટે નવસારીની હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સહિતના વાહનોમાં ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માત બાદ લોકોએ તંત્ર માંગણી ન સ્વિકારતું હોય વધુ બસની તે માટે રોષ પ્રગટ કર્યો હતો.

વલસાડ વિભાગના નવસારી ડેપોની એસટી બસ (જીજે ૧૮ ઝેડ ૩૬૯) અમલસાડથી નવસારી આવતી હતી એ દરમિયાન બસને સાલેજ ગામ પાસે અકસ્માત નડ્યો હતો. બસ ચાલકની ભૂલ કે ઓવરલોડ બસને લઈને અકસ્માત થયાનું ચર્ચાઈ રહ્યું છે.૧૫થી વધુ ઘાયલ થતા તમામને નવસારીની હોસ્પિટલોમાં ખસેડાયા છે.બસ ચાલક પેસેન્જરોને મૂકીને ફરાર થઈ ગયો હતો. અમલસાડના નિશાંતભાઈએ જણાવ્યું હતું કે, આ રૂટ પર બે બસ શરૂ કરવાની માંગ ઘણા સમયથી કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા એક જ બસથી કામ ચલાવવામાં આવી રહ્યું છે.જેથી એક બસમાં ખીચોખીચ રીતે ૯૦થી વધુ લોકો આજે હતા અને આ રીતે જ રોજ લોકોને મુસાફરી કરવી પડે છે. તંત્ર આ પ્રકારના અકસ્માતો ન સર્જાય તે માટે વહેલી તકે વધુ બસ શરૂ કરે તેવું રોષપૂર્વક તેમણે વધુમાં ઉમેર્યું હતું.

કોરોના વાયરસ સામે લડવા ડાંગ જિલ્લાનું વહીવટી તંત્ર સુસજ્જ

જાહેર સ્થળો સહિત હાટબજારમાં આરોગ્ય ટીમ તૈનાત

કોરોના વાઇરસ ના વિશ્વવ્યાપી કહેરને પગલે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર પણ સાબદુ બન્યું છે. આજરોજ ડાંગ જિલ્લા સેવા સદન ખાતે કલેકટર શ્રી એન.કે.ડામોરના અધ્યક્ષ સ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે સાવચેતીના ભાગરૂપે તાકીદની બેઠક યોજાઇ હતી.

કલેકટર શ્રી એન.કે.ડામોરે તમામ અધિકારી/કર્મચારીઓને તાકીદ કરી હતી કે કોરોના વાઇરસના કારણે ઉભી થયેલી પરિસ્થિતિના કારણે કચેરીમાં હાજર રહેવુ. કોઇપણ કર્મચારી અધિકારી ગેરહાજર રહે તે ચલાવી લેવાશે નહી. કલેકટર શ્રી ડામોરે આરોગ્ય વિભાગને તાકીદ કરતા જણાવ્યું હતું કે જાહેર સ્થળોએ તેમજ ડાંગ જિલ્લાના ત્રણે તાલુકાઓમાં ભરાતા હાટ-બજારમાં આરોગ્યની ટીમ તૈનાત રાખવી. આરોગ્ય વિભાગ દ્વારા દવાઓનો પુરતો જથ્થો રહે તેમજ હેલ્થ વિભાગની ગાઇડ લાઇન મુજબ ઈન્ફેકશન ફેલાય નહી તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.જિલ્લા બહારથી આવતા લોકો તથા વેપારીઓમાં શરદી-ખાંસીના લક્ષણો જણાય તો તેઓના સ્વસ્થ્યની ચકાસણી કરવી. કોઇપણ શંકાસ્પદ જણાય તો તેની જાણ વહીવટી તંત્રને કરવી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. વઢવાણિયાએ જણાવ્યું હતું કે પી.એચ.સી./સી. એચ. સી.ની સ્વચ્છતા જળવાય તેમજ બેડ ઉપર ચાદર પણ નિયમિત રીતે બદલાય તે આરોગ્ય વિભાગના વડાએ ધ્યાન રાખવાનું રહેશે.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડા.સંજય શાહે જણાવ્યું હતું કે દવાઓનો પુરતો જથ્થો સ્ટોકમાં છે. ખોટી અફવા ન ફેલાય તેમજ હાટ બજારમાં આરોગ્યની ટીમને ફરજ સોંપી દેવામાં આવી છે. જનરલ હોસ્પિટલમાં આઇસોલેશન વોર્ડ અલાયદો ઉભો કરવામાં આવ્યો છે. જનજાગૃતિ માટે પ્રચાર-પ્રસાર શરૂ કરી દેવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય માટેના તમામ પગલા લેવા ટીમને સૂચના આપી દેવામાં આવી છે. ડાંગમાં શાળા/કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ફક્ત બોર્ડની પરીક્ષાઓ પણ પૂર્ણ થવાના આરે છે જે રાબેતા મુજબ ચાલુ રહેશે. સરકારી આયુર્વેદિક હોસ્પિટલના ડા.બર્થા પટેલે ડાંગ જિલ્લાના જાહેર સ્થળોએ આયુર્વેદિક ઉકાળો પીવડાવવાનું શરૂ કરી દીધુ છે. અત્યાર સુધીમાં કુલ ૩૯૪૬ લોકોએ આ ઉકાળાનો લાભ લીધો છે. આજે યોજાયેલી બેઠકમાં તમામ અધિકારી/કર્મચારીઓએ આ ઔષધિય ઉકાળો પીધો હતો. કોરોના વાયરસ માટેની સલામતિના ભાગરૂપે યોજાયેલી આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત, આહવા, વધઇ, સુબીર તાલુકા મામલતદારો, સિવિલ હોસ્પિટલના ડોકટરો,તાલુકા વિકાસ અધિકારીઓ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉધનાની વિષ્ણુનગર સોસા.માં એક મહિનાથી ગંદુ પાણી આવે છે

કોંગ્રેસના અગ્રણીઓએ ઉધના ઝોન કચેરીમાં ફરિયાદ કરી

સુરત

સુરત શહેર કોંગ્રેસ તથા પ્રદેશના આગેવાનો દ્વારા સુરત મહાનગર પાલીકા ના સાઉથ ઝોન હદના ઉધના વિસ્તારની વિષ્ણુનગર સોસાયટીમાં પીવાના ગંદા પાણીની સમસ્યા બાબતે સાઉથ ઝોન ઓફીસના કાર્યપાલક ઈજનેર આર.સી.જરીવાલાને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. વિષ્ણુનગર સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા ૧ માસથી સાઉથ ઝોન કચેરીએ પીવાના ગંદા પાણી બાબતે લેખિત-મૌખિક રજુઆતો કરવા છતા ઝોન અધિકારીઓ તેઓની ફરીયાદો સાંભળતા ન હોવાથી ગત રોજ કોંગ્રેસ પક્ષના આગેવાનો શ્રી હરીશકુમાર સી સુર્યવંશી(સુરત શહેર કોંગ્રેસ-ઉપપ્રમુખ), શ્રી આશિષભાઈ રાય(પ્રદેશ કોંગ્રેસ સહમંત્રી), શ્રી કિશોર શિંદે(કોંગ્રેસ ઊંડ.નં-૨૩-પ્રમુખ), શ્રી શૈલેષભાઈ રાજપુત(સુરત શહેર કોંગ્રેસ-મંત્રી), ધનજયભાઈ, સબાનાબેન તેમજ અન્ય કાર્યકર્તાઓ તથા સ્થાનિક રહીશોએ આવેદનપત્ર પાઠવ્યું હતું. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ ફેલાય રહયો છે તેવામાં સુરત શહેર મનપા આરોગ્ય બાબતેની તકેદારી રાખવામાં સદંતર નિષ્ફળ નીવડી રહી હોય તેમ જણાય છે. છેલ્લા કેટલા સમયથી પીવાના ગંદા પાણીના કારણે આ વિસ્તારમાં બીમારીઓ ફેલાય રહી છે લોકોની રોગપ્રતિકાર શકિત ઘટી રહી છે જેના કારણે કોરોના જેવી ગંભીર બીમારીઓ પણ ફેલાય શકે તેવી શકયતાઓ પ્રબળ હોય અને તેવા સંજોગોમાં સુરત મનપા નીંદા અવસ્થામાં હોય તેવું જણાય રહયું છે .



સુરતના કતારગામ વિસ્તારની પ્રજાપતિ સમાજ ની ૧૩ વર્ષની સાતમા ધોરણમાં ભણતી દિકરી તીશા નિતીન પ્રજાપતી માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના બેટી બચાવો બેટી પઢાવો તથા સીએએના સમર્થનમાં સુરતથી દિલ્હી સુધીની ૧૨૭૫ કિલોમીટરની સાયકલ યાત્રા અનેક વિઘ્નો વચ્ચે પૂરી કરીને દિલ્હી પહોંચી માનનીય પ્રધાનમંત્રીશ્રીના આશીર્વાદ લઈ સુરત પાછી ફરી. તેની યાત્રામાં તેને મદદ કરનાર સર્વ શુભેચ્છકોનો ખુબ આભાર તથા માનનીય પ્રધાનમંત્રીશ્રીની ઈચ્છા મુજબ ફરી પાછી અભ્યાસમાં લાગી જઈ એની ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે પ્રયત્નશીલ રહેશે. માનનીય પ્રધાનમંત્રીશ્રીને કલાકાર સી. ટી .પ્રજાપતિના હસ્તે તૈયાર થયેલું તેમની માતાનું ચિત્ર એમને અર્પણ કરવામાં આવ્યું હતું.

મોરાભાગળમાં પ્લાસ્ટિકના વાસણો વેચતી દુકાનમાં આગ

આજુબાજુની દુકાનોનો આગમાંથી ઉગારો



સુરત

પાલનપુર પાટીયા પાસે પ્લાસ્ટિકના વાસણો વેચતી દુકાનમાં આગ લાગતા તાકીદે દોડી ગયેલા ફાયર ફાયટરોએ પાણીમારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો.

ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે કોલ લગભગ સવારે સાડા સાત વાગ્યાના અરસામાં આવ્યો હતો. ફાયરના કંટ્રોલ વિભાગમાંથી જાણ કરાયા બાદ તાત્કાલિક મોરા ભાગળ ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને આગમાં જવાળાઓમાં લપેટાયેલી પ્લાસ્ટિકની દુકાનની આગને કાબુમાં લેવાના પ્રયાસમાં જોતરાઈ ગઈ હતી. એટલું જ નહી પણ આજુબાજુની અનેક દુકાનો આગ ની ઝપેટમાં ન આવી જાય એની કાળજી રાખી તાત્કાલિક પાણી નો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. ઘટનાની જાણ બાદ લોકોના ટોળા ભેગા થઈ જતા પોલીસ પણ ઘટના સ્થળે ડોડીયા આવી હતી. લગભગ આગમાં બળી ને ખાખ થઈ ગયેલી દુકાન રાજસ્થાન પ્લાસ્ટિક ભંડાર નામે નાની મોટો પ્લાસ્ટિકની ઘર વપરાશની વસ્તુઓનું વેચાણ કરતી હતી. હાલ એના માલિક વિશે કઈ જાણ થઈ નથી. પરંતુ હજારોનું નુકશાન થયું હોય એ વાત ને નકારી શકાય નહીં.

પરિણીતાએ પાંડેસરા પોલીસ મથક માથે લેતા ગુનો દાખલ

પતિ સામે કાનૂની કાર્યવાહી કરતા પત્નીએ તોફાન મચાવ્યું

સુરત

એક કિસ્સામાં પતિ વિરૂદ્ધ થતી કાયદેસરની કાર્યવાહી સામે પત્નીએ પાંડેસરા પોલીસ સ્ટેશન માથે લીધુ હતુ. જ્યારે બીજા કિસ્સામાં ટ્રાફિક નિયમનો ભંગ કરનારાએ પોલીસ સાથે ઝપાઝપી કરી હતી.

પ્રથમ બનાવમાં પાંડેસરા ગોપાલનગરમાં રહેતી પુનમબેન રામુશિબરન તિવારીએ પોલીસ સ્ટેશનમાં તેણીના પતિ વિરૂદ્ધ થતી કાયદેસરની કાર્યવાહી અટકાવવા ફરિયાદી પો.સ.ઈ. એમ.એમ. મોર્ય, દેવલભાઈ અને અન્ય કર્મચારીઓ સાથે ધક્કા મુક્કી કરી ધમકીભર્યા અપશબ્દો બોલી ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી.

બીજા કિસ્સામાં ટ્રાફિક નિયમનો ભંગ કરનારાને પાંડેસરા પોલીસ સ્ટેશને લવાતા આરોપી દર્શન કનુ પટેલ, મૌલિક કનુ પટેલ (બેટર હોમ, વેસુ)એ ફરિયાદી ટીઆરબી ઋષિકેશ દશરથ મરાટે જોડે ઝઘડો કરી ધમકી આપી પાંડેસરા પોલીસ સ્ટેશન માથે લીધુ હતું. આ બંને કેસમાં પાંડેસરા પોલીસે કાયદેસરનીકાર્યવાહી કરી હતી.

તાપમાનમાં સતત વધારો સુરતમાં ૩૭ ડીગ્રી તાપમાન

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ગતરોજ ૩૭ ડીગ્રી તાપમાન બાદ આજે ૩૮ ડીગ્રી તાપમાન નોંધાય તેવી શક્યતા છે. માર્ચ મહિનાના ત્રીજા સપ્તાહ દરમ્યાન શહેરવાસીઓને ઉનાળાની ગરમીનો અનુભવ થવા માંડ્યો છે.સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે નોંધાયેલ વિગત અનુસાર શહેરનું અધિકતમ તાપમાન ૩૭ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૦.૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૩.૯ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર-પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આજે બપોરે આકરો તડકો અનુભવાતો હતો. સાંજ સુધી ગરમીનો પારો ૩૮ ડીગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. આજે બપોરે ગરમીનો અનુભવ પછી ઉનાળાની વિધિવત શરૂઆત થાય તેવુ જણાય છે. આગામી દિવસોમાં ગરમીનો પારો ઉચકાશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વિધિવત રીતે ઉનાળો શરૂ થયો હોય તેવો બપોરે અનુભવ થઈ રહ્યો છે. રાત્રિના તાપમાનમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

એ.કે. રોડ અજંટા ડાયમંડ સોસા.નો વિવાદ

અજંટા સહકારી મંડળીના નામે જમીન હરાજી કરવાનો ઓર્ડર બોગસ નીકળ્યો

અજંટા ડાયમંડ સોસા.ના પ્રમુખ અને મંત્રીએ જમીન પડાવી લેવા રચેલો કારસો ખુલ્લો પડી જતા પોલીસ ફરિયાદ

સુરત

અશ્વિનીકુમાર સ્થિત ઈન્ડસ્ટ્રીયલ અજંટા ડાયમંડ સોસાયટીની વિવાદિત જમીન સંદર્ભે મૂળ જમીન માલિકના વારસદારોએ વરાછા પોલીસ સ્ટેશનો અજંટા ડાયમંડ સોસાયટીના પ્રમુખ-સેક્રેટરી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અજંટા ડાયમંડ સોસાયટીમાંથી જમીનને અંભેટા સેવા સહકારી મંડલીના લોનની જામીનગીરીમાં બતાવી બોગસ હરાજી ઓર્ડર તૈયાર કરાવી આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચ્યું હતું.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ ગોટાલાવાડી પ્રજાપતિ ફળીયામાં રહેતા જાનકીબેન જીજ્ઞેશભાઈ પટેલે આરોપી અજંટા ડાયમંડ સોસાયટીના પ્રમુખ રસીકલાલ મણીલાલ રહે. રોમા એપાર્ટમેન્ટ, કતારગામ, સેક્રેટરી ગણેશ વાઘેલા રહે. સૈયદપુરા હથ્થપુરા અને અન્ય સભ્યો સહિતના વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની વડીલોપાર્જીત અશ્વિનીકુમાર રેસનં.૩૯૪/અ/૧, થી અ/૩, ટી.પી. સ્કીમ નં.૮૨/એ/બી, ૮૬ પૈકીની અજંટા ડાયમંડ સોસાયટી વાળી જમીન ઉપર અંભેટા સહકારી મંડળીમાંથી દિનકર ધીરૂભાઈ નાયક (દેસાઈ)નાઓ દ્વારા લેવાયેલ લોનમાં નગીનભાઈ જામીનદાર ન હોવા છતાં આ લોનના કામે જમીન ટાંચમાં લઈ હરાજી કરવામાં આવેલ હોવાની ખોટી હકીકત જણાવી લોન વસૂલાત અધિકારીનું ખોટુ વેચાણનો હુકમ તૈયાર કરીને સાચા તરીકે રજૂ કરી સોસાયટીના પ્રમુખ-સેક્રેટરી સહિતના સભ્યોએ આ જમીન ખરીદ કરી હોવાનું દર્શાવી ફરિયાદીના પરિવારની જમીન પચાવી પાડવા વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. બી.એન. સગરે તપાસ હાથ ધરી છે.

આવાસો સીલ મરાતા સ્થળ પર રૂ.૯.૨૧ લાખની વેરા વસુલાત

સુરત

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૧૬/૦૩/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ, વડોદ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ ૦૮ મિલકતોને સીલ કરવાની તથા પાંડેસરા વિસ્તારમાં હીસ દર્શન સોસા, ક્ષેત્રપાલ નગરમાં કુલ ૦૬ નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂ.૪.૨૪ લાખ રોકડા તથા એડવાન્સ ચેકની વસુલાત કરવામાં આવેલ છે. ગત રોજ મિલકતવેરા પેટે કુલ રૂા.૪૦.૦૧ લાખ જેટલી વસુલાત કરવામાં આવેલ છે.

ઈચ્છાપોરની પરિણીતા બે વર્ષની બાળકી સાથે ગુમ

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ ઘર.નં.એફ/૩૭,૩૮, જયરાજ સોસા., ઈચ્છાપોર-૩, તાઃ ચોર્યાસી ખાતે રહેતા ૨૫ વર્ષીય સુપર્ણા રતીન રેવતી વિશ્વાસ પોતાની બે વર્ષીય પુત્રી રિયાંશી સાથે ગુમ થયા છે. સુપર્ણાબેન શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૨ ફૂટ છે અને શરીરે કેસરી કલરનો ડ્રેસ તથા કાળા કલરની લેગીજ અને ગુલાબી કલરનું જેકેટ પહેરેલ છે, તથા પુત્રી રિયાંશી રંગે ઘઉંવર્ણી તથા સફેદ કલરનું ફ્રોક પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પતિ-પત્નીને વોટ્સએપ પર ગાળો ભાંડતા પોલીસ ફરિયાદ

સુરત

ઘોડદોડ રોડ સૂર્યકિરણ એપાર્ટમેન્ટના કંપાઉન્ડમાં રહેતા એક મહિલા તેમજ તેમના પરિવારના મોબાઈલ પોનના વોટ્સઅપ પર મેજ કરી અભદ્ર ગાળો આપી ધમકી આપી રાજપુરોહિત નામનો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ ઉમરા પોલીસ મથકમાં નોંધાયો હતો. ડીંડોલી ખરવાસા રોડ ગોકુલધામ બંગ્લોઝ ખાતે દિપેશ રાજપુરોહિત રહે છે. તેમણે ઘોડદોડ રોડ સૂર્યકિરણ એપાર્ટમેન્ટ કંપાઉન્ડમાં રહેતી કિરણબેન જૈન તથા તેમના પતિ નરેશભાઈના મોબાઈલ ફોન તથા વોટ્સએપ પર અભદ્ર ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જેલ વહીવટી તંત્ર માટે સરકારની માર્ગદર્શિકા

કેદી અને કર્મચારીઓની તબીબી તપાસ થશે, કેદીઓના જામ્મા રદ કરી દેવાયા

લાજપોર જેલમાં મેડીકલ તપાસ ટીમ બનાવાઈ : જરૂરી હોય તો કેદીઓને વીડિયો કોન્ફરન્સથી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે

સુરત

દેશ સહિત દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસના ભયને કારણે જેલ પ્રશાસન પણ એલર્ટ થઈ ગયું છે. રાજ્યના ગૃહ વિભાગ અને જેલ પ્રશાસને જેલના કેદીઓ અને કર્મચારીઓ માટે વિશેષ માર્ગદર્શિકાને અનુસરવા આદેશ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

સુરત સ્થિત લાજપોર મધ્યસ્થ જેલના સૂત્રોના જણાવ્યા મુજબ કોરોના વાયરસને કારણે રાજ્યના ગૃહ વિભાગ અને જેલ પ્રશાસનની વડી કચેરી તરફથી વિશેષ સૂચના આપવામાં આવી છે. જેમાં સ્પેશ્યલ મેડીકલ ટીમ બનાવી જેલના કેદી સહિત કર્મચારીઓનું સમયાંતરે મેડીકલ ચેકઅપ કરવું, તેમજ કેદીઓના સમૂહ કાર્યક્રમ ન કરવા સહિત વિશેષ તકેદારી રાખવાની સૂચના આપવામાં આવી છે. ગૃહ વિભાગ અને જેલ પ્રશાસનની સૂચના બાદ આજે સાંજે પાંચ વાગે લાજપોર મધ્યસ્થ જેલમાં તમામ કર્મચારીઓની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં કોરોના વાયરસની સામે સરકારની માર્ગદર્શિકા અંગેની જાણકારી આપી તે મુજબ વર્તવાની સૂચના આપવામાં આવશે. દરમિયાન લાજપોર મધ્યસ્થ જેલના સૂત્રોના જણાવ્યા મુજબ જ્યુડીશિયલ તરફથી જામ્માઓ રદ કરવામાં આવી રહ્યા છે. જરૂરી હોય તો આરોપી (કેદી)ઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા રજૂ કરવાની સૂચના આપવામાં આવી છે.

ઉમરાગામના યુવકના આપઘાત કેસમાં ત્રણ લોકો વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો

વેસુના જમીન વિવાદમાં મનોજ ઉમરીગરે આત્મહત્યા કરી લીધી હતી

સુરત

વેસુ ગામ ખાતે આવેલ જમીન સંદર્ભના ખોટા દસ્તાવેજો બનાવી જમીન હડપ કરવા પ્રયત્ન કરતા ફરિયાદીનો ભાઈ ડિપ્રેશન આવી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાની ઘટનામાં બહેનની ફરિયાદના આધારે ઉમરા પોલીસે ત્રણ જણાં વિરૂદ્ધ ગુનો દર્જ કર્યો હતો.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી વિજય ગોપાલ પંચાલ (રહે. સૂયોગનગર, ભટાર), મુકેશ દલાલ, દિનુ સોંડા ભરવાડ (રહે. કિષ્ણાનગર, ભટાર) વિરૂદ્ધ આપઘાત કરનાર મનોજભાઈ ઉમરીગરની બહેને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની વેસુ મુકામે રે.સ.નં.૮૭ તથા ૪૨૦/૧ વાળી સંયુક્ત માલિકીની જમીન મુકેશ નામના દલાલે વિજય પંચાલ નામની વ્યક્તિને ભાડા પેટે રાખવા ફરિયાદીના કાકાને ભોળવીને કેટલાક કાગળો ઉપર સહીઓ કરાવી ખોટા સાટાખત, વાઉચરો બનાવી તેમાં દિનુ ભરવાડે સાક્ષી તરીકે સહી કરી હતી અને જમીન હડપ કરી જવાનો પ્રયત્ન કરતા ફરિયાદીના ભાઈએ ડિપ્રેશનમાં આવી ખેતરની ખોલીમાં દોરી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

રાજદ્રોહ કેસમાં હાર્દિક સુરત કોર્ટમાં હાજર રહ્યો

પક્ષ પલટો કરતાં નેતાઓને જાહેરમાં મેથીપાક આપવો જોઈએ: હાર્દિક પટેલ

સુરત

રાજદ્રોહના ગુનામાં તારીખ હોવાથી હાજર રહેલા હાર્દિક પટેલ માસ્ક પહેરીને કોર્ટ પરિસરમાં હાજર રહ્યો હતો. જ્યાં મીડિયા સાથેની વાતચીતમાં હાર્દિકે જણાવ્યું હતું કે, પક્ષપલટો કરનાર નેતાઓને લોકોએ જાહેરમાં માર મારવો જોઈએ. મુખ્યમંત્રીના બંગલે જ ૫૦ કરોડમાં વેચાતા ધારાસભ્યો લોકશાહી માટે શરમજનક ઘટના છે. સાથે જ હાર્દિકે કોંગ્રેસ છોડીને આપમાં જવાનો હોવાની વાતને અફવા ગણાવી હતી.



હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, લોકશાહીમાં પ્રજાના મત સાથે ચૂંટાયેલા નેતાઓ રૂપિયાની લાલચમાં જતાં રહે એ પ્રજા સાથે દ્રોહ કર્યો કહેવાય. લોકોએ આવા નેતાઓને પારખી લેવાની જરૂર છે. કોઈપણ પક્ષના નેતાઓ હોય તે પ્રજાના મતથી ચૂંટાયા છે. કોંગ્રેસના નેતાઓને ખરીદવા માટે ભાજપના મુખ્યમંત્રીએ જોર લગાવવું પડે એ લોકો સાથે છેતરપિંડી કરી જ કહેવાય.

હાર્દિક પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાઈ જવાના મુદ્દે ચોખવટ કરતાં જણાવ્યું હતું કે, હું કોંગ્રેસમાં જ છું. ભાજપના લોકો દ્વારા જ ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે.હું કોંગ્રેસ છોડવાનો નથી અને મને કોઈ એવી ઓફર પણ નથી.

ક્યાં ફિગર લગતા હે ચલ મેરે સાથ: યુવકે વિદ્યાર્થીનીની છેડતી કરી

વાપી

રાજ્યમાં અવાર નવાર યુવતીઓ, મહિલાઓ પર દુષ્કર્મની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે વાપીના છિરી ગામે એક વિદ્યાર્થિનીની ગંદા ઈશારા કરી છેડતી થઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. વાપીના છિરી ગામે વિદ્યાર્થિનીની છેડતી કરતા યુવક સામે ફરિયાદ નોંધાઈ છે. છેડતી કર્યા બાદ યુવતીએ સમગ્ર આપવીતી પોતાની માતાને જણાવી હતી. આ ઘટનામાં છેડતી બાદ તેની માતાને મારી નાખવાની ધમકી આપ્યાનો આરોપ પર મૂકાઈ રહ્યો છે. આ સમગ્ર ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, વાપીના છિરી ગામે એક એપાર્ટમેન્ટમાં પાડોશી યુવકે યુવતીની છેડતી કરતા માતાએ ફરિયાદ નોંધાવી છે. જેના કારણે યુવક ગુસ્સે ભરાયો હતો અને યુવકે યુવતીની છેડતી કર્યા બાદ તેણીની માતાને ધમકાવીને જાનથી મારી નાખવાની ધમકી પણ અપાઈ હતી.

યુવતીનો આરોપ હતો કે, છેલ્લા એક અઠવાડિયાથી આરોપી યુવક યુવતીની છેડતી કરી તેણીને ગંદા ઈશારા પણ કરતો હતો. સ્કૂલમાં અભ્યાસ કરતી યુવતીને 'ક્યાં ફિગર લગતા હે ચલ મેરે સાથ આજા' કહી કોમેન્ટ પણ પાસ કરતો હતો. જેના કારણેવ યુવકે કંટાળીને યુવતી અને તેની માતાએ હુંગરા પોલીસ મથકમાં યુવક વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી અને આ સંદર્ભમાં વધુ તપાસ હાથ ધરી છે.

કોરોના ઈફેક્ટને લઈ રાજપીપળા નગર પાલિકાની દ્વારા પણ કડક કાયદાનું પાલનઃજાહેરમાં થૂંકનાર પાસે ૫૦૦/-ની વસુલાત

કોરોના વાયરસ બાબતે ખાસ તકેદારી રાખવા માટે ઉપર થી સુચના મળતા મેં મારી ટિમો કાર્યરત કરી છે જેમાં કાયદાનો ભંગ કરતા વ્યક્તિઓ પર આજ પ્રમાણે કડક કાર્યવાહી કરવામાં આવશે.એ આપણા શહેરની જનતા માટે ખૂબ જરૂરી બાબત હોય લોકોએ પણ આ બાબતે સહકાર આપવો જોઈએ તેમ ચીફ ઓફિસર જયેશ પટેલે જણાવ્યુ હતુ.

- **ચીફ ઓફિસર જયેશ પટેલની કડક સૂચના બાદ જાહેરમાં થુકવા બદલ એક વ્યક્તિને કરાયો ૫૦૦/-રૂપિયાનો દંડ**
- **નર્મદામાં કોરોનાનો એક પણ દર્દી નથી ત્યારે સાવચેતીના ભાગરૂપે પાલીકા ટિમો દ્વારા કડક ચેકીંગ**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા


હાલ સમગ્ર વિશ્વ કોરોનાના સકંજામાં ફસાયેલું હોય કોરોના એ હાહાકાર મચાવ્યો છે ત્યારે સરકારના કડક આદેશનું પાલન કરતા વહીવટી તંત્ર પણ હાલ કડક બન્યું હોય તેથી રાજપીપળા નગર પાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલની કડક સુચના અને માર્ગદર્શન હેઠળ પાલીકાની ટિમો શહેરમાં દરેક પ્રકારની તકેદારી રાખતી હોય જેમાં મંગળવારે કાળા ઘોડા વિસ્તાર જેવા જાહેર માર્ગ ઉપર જાહેરમાં થૂંકવા બદલ ઉમેશ પ્રજાપતિ નામના એક વ્યક્તિને ૫૦૦/-રૂપિયાનો દંડ ફટકારી કાયદેસર રસીદ ફાડતા અન્ય લોકોમાં પણ ફફડાટ ફેલાયો હતો.જો આવનારા દિવસોમાં પણ નિયમોનું પાલન નહિ કરવામાં આવે તો રાજપીપળા નગર પાલિકા ની ટિમો બાઝ નજર રાખતી હોય ગમે ત્યારે કાયદાના સકંજામાં લેશે એમાં કોઈ બેમત નથી.

વલસાડ જીલ્લાના પારડી પો.સ્ટના પ્રોહિબીશનના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના અનુસંધાને પ્રોહી જુગારના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે ડ્રાઈવ અનુસંધાને ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમના માણસો ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી આધારે વલસાડ જીલ્લાના પારડી પો.સ્ટે.ના ગુનામા નાસતો ફરતો આરોપી-સનમુખભાઈ ઉર્ફે લાલો કોઠાવાળો કાલીદાસ રાવલ (રાવળીયા) રહે,ધોળીકુઈ બજાર કબીરપુરા ખત્રીવાડ તા-જી,ભરૂચનાને ખત્રીવાડ ધોળી કુઇ બજારથી દબોચી CrPC 41 (૧)આઈ મુજબ ધરપકડ કરી ભરૂચ શહેર "એ" પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

કોરોના વાયરસમાં આયુર્વેદ ઉકાળો અત્યંત લાભદાયી પરંતુ નર્મદામાં ડોક્ટરોની અછત



- **પરંતુ નર્મદામાં ૧૬ આયુર્વેદ દવાખાના સામે માત્ર ૩ જ આયુર્વેદ ડોક્ટર..?! જાયે તો જાયે કહા જેવો ઘાટઃ સરકારની પાછી પાની હદ વટાવી રહી છે ...?!**
- **રાજપીપળા ખાતે આવેલી આયુર્વેદ હોસ્પિટલમાં પણ ૫ સામે ૩ જ ડોકટર ફરજ બજાવતા હોય ઉકાળા વિતરણ કોણ અને ક્યારે કરે..?**
- **નર્મદા જિલ્લામાં સરકારી આયુર્વેદીક ૧૬ દવાખાના સામે માત્ર ૩ ડોક્ટર,એમને પણ અન્ય તાલુકાના ચાર્જ હોય અઠવાડિયામાં એકાદ દિવસ એક દવાખાનું ખુલે છે..?!**
- **રાજપીપળા ખાતેના દવાખાના પર છેક સાગબારા થી ડોક્ટર ચાર્જમાં આવતા હોય દર શુક્વારે જ અડધો દિવસ ખુલે છે.**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લો અલગ થયાને ૨૦ વર્ષ થી વધુ સમય થવા છતાં આ જિલ્લાનો અંધેર નગરી ગંડુ રાજા ...જેવો ઘાટ છે કેમ કે રાજપીપળા સિવિલમાં અનેક તકલીફો જોવા મળે છે તેથી લોકો હવે આર્યુવેદ પર વધુ ભરોસો મૂકી એ તરફ વળી રહ્યા છે પરંતુ નર્મદા જિલ્લા માં ૧૬ આર્યુવેદ સરકારી દવાખાના ખુલ્લા જરુરુ મુકાયા છે એ હાલ જાણે શોભાના ગાંઠિયા સમાન લાગી રહ્યા છે કેમકે ૧૬ દવાખાના સામે માત્ર ૩ ડોક્ટર છે એમને પણ અન્ય તાલુકાનો ચાર્જ સોંપયો હોય જાયે તો જાયે કહા જેવો ઘાટ થઈ રહ્યો છે.

જયારે બીજી તરફ રાજપીપળા ખાતે એક આર્યુવેદ હોસ્પિટલ ઉભી કરાઈ છે જેમાં ૫ ડોક્ટરોનું મહેકમ છે તેની સામે હાલ ૩ તબીબ છે.અગાઉ જયારે પૂરતા ડોક્ટરો હતા ત્યારે સમયાંતરે આયુર્વેદ ઉકાળાનું વિતરણ થતાં લોકોને મોટી રાહત હતી અને આ ઉકાળો હાલ કોરોના જેવા વાયરસ સામે પણ ખાસ લાભદાયી હોવા છતાં હજુ સુધી ઉકાળાનું વિતરણ જિલ્લાના વડા મથક રાજપીપળા ના દવાખાના ખાતે શરૂ ન થતા લોકો ધક્કા ખાઈ પરત ફરે છે.કેમ કે રાજપીપળા દરબાર રોડ પર આવેલા આયુર્વેદ દવાખાના માં આવતા ડોક્ટર અઠવાડિયા માં એકજ વાર અડધો દિવસ આવે છે કેમ કે એમના ચાર્જ માં અન્ય તાલુકાના દવાખાના પણ હોય અને છેક સાગબારા થી આવતા હોય જિલ્લાના વડા મથક રાજપીપળા નું આ દવાખાના ને બાકીના દિવસો માં તાળા લટકે છે.ત્યારે વિકાસ ની ફક્ત વાતો કરતી સરકાર જો આ હાલત ને વિકાસ કેહતી હોય તો એ ગરીબ દર્દીઓની મજાક સમાન છે. આરોગ્ય બાબતે તદ્દન કથળેલી આ જિલ્લાની હાલત બાબતે કોઈને કઈ પડી નથી. સ્વાઈન ફલૂ,કોરોના જેવા વાયરસ ટાણે અત્યંત લાભદાયી એવો આયુર્વેદ ઉકાળો રાજપીપળા સહિતના દવાખાનાઓ માં વિતરણ કરાય તેવી લોક માંગ છે.

કોરોના ના ભય વચ્ચે નર્મદામાં આયુર્વેદ ઉકાળો લાભદાયી છે એ બાબતે પૂછતાં તેમણે જણાવ્યું કે તમારી વાત સાચી છે પરંતુ હાલ ડોક્ટરો ની અછત હોય ત્યાંની કોઈ એનજીઓ મદદ કરે તો અમે ત્યાંથી ઉકાળાનો પાવડર કે અન્ય સામગ્રી બાબતે મદદરૂપ થઈ શકીએ એમ પણ આયુસ નિયામક ભાવનાબેને જણાવ્યું હતું.

ભાવનાબેન,(આયુસ નિયામક,ગાંધીનગર)એ આ બાબતે જણાવ્યું કે નર્મદા જિલ્લામાં અગાઉ ડોક્ટરો ની જગ્યાઓ ભરાયેલી હતી પરંતુ ત્યાં મુકાયેલા ડોક્ટરો પોતાના વતન તરફ બદલી કરાવી ચાલ્યા જતાં હાલ ઘણી જગ્યાઓ ખાલી છે પરંતુ ત્યાં નવા ડોક્ટરો મુકાય એ માટે તજવીજ ચાલુ છે.ક્યારે મુકાશે એ બાબતે પૂછતાં હું સમય ન કહી શકું તેમ તેમણે જણાવ્યું હતું.

કોરોના વાયરસને લીધે ૨૫ માર્ચ સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રખાશે : ઓન લાઈન બુકીંગ એમાઉન્ટ પણ પ્રવાસી ઓને રિફંડ કરાશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાયરસનાં કિસ્સાઓમાં વધારો થવાને પગલે કોરોના વાયરસ સામે તકેદારી અને સાવચેતી નાં આગોતરા પગલાં રૂપે રાજ્ય સરકારે કેટલાંક મહત્વનાં નિર્ણયો કર્યા છે. રાજ્યમાં શાળા કોલેજો શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય ૧૬ થી ૨૯ માર્ચ સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત આંગણવાડી પણ બે અઠવાડીયા સુધી બંધ રહેશે.

એક તરફ કોરોના વાયરસને કારણે વધારે માણસો એકત્ર ન થાય એવી સરકારે અપીલ કરી છે તો બીજી બાજુ નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે નિર્માણ પામેલું સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ ન કરાતા અનેક તર્ક વિતર્ક પેદા થયા છે. એક તરફ ગુજરાત સરકારે આગામી ૩૧મી માર્ચ સુધી જ્યાં વધારે પ્રમાણમાં લોકો એકત્રિત થાય છે એવી રાજ્યની તમામ શાળા- કોલેજો,મલ્ટીપ્લેક્સ, તરણ કુંડ બંધ રાખવા ફરમાન જારી કર્યું છે ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રોજના હજારોની સંખ્યામાં દેશ-વિદેશથી પ્રવાસીઓ આવી રહ્યા છે ત્યારે ત્યાં કોરોના વાયરસ ફેલાવાની સંભાવનાઓ વધુ રહેલી છે. ગુજરાતમાં કોરોના વાયરસ ફેલાવવાનો રોકવા માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે સાથે તમામ પ્રવાસન સ્થળો આગામી ૩૧મી માર્ચ સુધી બંધ કરવુ જોઈએ એ જરૂરી બન્યું હતું. હવે કોરોના વાયરસને લીધે આગામી ૨૫ મી માર્ચ સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. સાથે સાથે ઓન લાઈન બુકીંગ એમાઉન્ટ પ્રવાસીઓને રિફંડ કરાશે.

કોરોના વાયરસ મુદ્દે શુ આદેશ આપ્યો કેન્દ્રના પ્રવાસન મંત્રી પ્રહલાદ પટેલે.?

કેન્દ્રના પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી પ્રહલાદ પટેલે પોતાના સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને સંસ્કૃતિ મંત્રાલયે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના તમામ ટિકિટ વાળા સ્મારક અને તમામ સંગ્રહાલય આગામી ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી બંધ રાખવા નિર્દેશ આપ્યો છે. તો સંબંધિત અધિકારીઓ આ મામલે સાવધાની વર્તે એવી અપેક્ષા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ૨૫મી માર્ચ સુધી બંધ, પ્રવાસીઓને ઓન લાઈન બુકીંગ એમાઉન્ટ રીફન્ડ કરાશે

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા તમામ પ્રવાસીઓનું હાલ થર્મલ સ્કેનિગ કરાઈ રહ્યું છે. કોરોના વાયરસને લીધે આગામી ૨૫ મી માર્ચ સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રાખવા તંત્રએ નિર્ણય લીધો છે. એ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના તમામ પ્રકલ્પો પણ ૨૫ મી સુધી બંધ રખાયા છે. બાકી સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઓન લાઈન ટિકિટ બુકીગ અગાઉથી જ બંધ કરાયું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર તમામ જગ્યાઓ પર હેન્ડસેનેટરાઈઝેશન સિસ્ટમ ઉપલબ્ધ છે. તમામ જગ્યાઓ પર સંક્રમણ નાશક લિકવિડનો રાઉન્ડ ધ કલોક છટકાવ કરાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ચાલતી તમામ બસોને સંક્રમણ મુક્ત બનાવવા સતત સાફસફાઈ કરવા આદેશ અપાયા છે. આ બાબતોનું ચેકીગ કરી રિપોર્ટ કરવા અલગ અલગ ટિમો બનાવાઈ છે.

રાજ્યના વન વિભાગના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનના આદેશ મુજબ કેવડિયા સફારી પાર્ક બંધ કરાયું

કોરોના વાયરસને લીધે ગુજરાત રાજ્યના વન વિભાગના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્યામલ ટીકાદારે રાજ્યના ઝુ, સફારી અને અભ્યારણ વિસ્તાર પ્રવાસીઓ માટે બંધ કરવા આદેશ આપ્યો હતો. જેથી કેવડિયા સફારી પાર્ક અને ઝરવાણી વોટર ફોલ પ્રવાસીઓ માટે બંધ કરાયો છે.



નવી સિવિલ હોસ્પિટલમાં વિવિધ બીમારી અંગે પ્રતિદિન સેંકડો દરદીઓ તબીબી સારવાર માટે કેસ પેપર બારી પર એકત્ર થતા હોય છે. ત્યારે નવી સિવિલના સત્તાધિશો સિવિલમાં આવતા વિવિધ બીમારીઓના દરદીઓ માટે કોરોના વાયરસ પ્રત્યે તકેદારી દાખવે તેવી માંગણી માટે એક ગ્રુપ દ્વારા સિવિલ હોસ્પિટલમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ડેડીયાપાડામાં ધોરણ ૧૦ ની પરીક્ષા આપી પરત ફરતા વિદ્યાર્થીઓનો છકડો પલટી ખાતા ૪ ને ઈજા



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે ધોરણ ૧૦ ની પરિક્ષા આપવા ગયેલા વિદ્યાર્થીઓ ભરેલો છકડો પલ્ટી ખાતા ૪ વિધાર્થીઓને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

નર્મદાના દેડીયાપાડા તાલુકાના વાઢવા સરકારી માધ્યમિક શાળા ખાતે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા આપવા માટે ગયેલા વિદ્યાર્થીઓ એક છકડામાં બેસી પરત જઈ રહ્યા હતા ત્યારે અચાનક વાઢવા ગામ નજીક છકડો પલ્ટી ખાતા ૪ વિધાર્થીઓને ઈજા થઇ હતી તેથી તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતા આ તમામ ને પ્રથમ ગોપાલિયા આરોગ્ય કેન્દ્ર ખાતે આ ચારેય ને લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું હતું.જોકે આ બાબતે ડેડીયાપાડા પો.સ્ટે. માં કોઈ ફરિયાદ થઈ નથી તેમ પોલીસ સૂત્રો પાસે જાણવા મળ્યું હતું.છકડો ક્યાંનો હતો ઈજા પામનાર વિદ્યાર્થીઓ કોણ હતા એ બાબતે હજુ કોઈ ચોક્કસ માહિતી મળી નથી પરંતુ ડેડીયાપાડા ૧૦૮ ની ટીમ આ ચારેય વિદ્યાર્થી ઓને ગોપાલિયા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

સુરતમાંથી ઝડપાઈ મોબાઈલ સ્નેચિંગ ગેંગ, ૧.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત

ચોરીના વાહનો પર રસ્તે ચાલતા રાહદારી તેમજ ઓટો રિક્ષામાં બેઠેલા મુસાફરો પાસેથી મોબાઈલ સ્નેચિંગ સહિત લૂંટ ચલાવતી ગેંગને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી અલગ અલગ પોલીસ મથકમાં નોંધાયેલ બાર જેટલા ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. આરોપીઓ પાસેથી સ્નેચિંગ કરેલા અગિયાર જેટલા મોબાઈલ તેમજ ચોરીના બે વાહનો જપ્ત કરી વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સુરતમાં બનતા મોબાઈલ સ્નેચિંગ તેમજ વાહન ચોરીના ગુનાઓને ડામવા સુરત ક્રાઈમ બ્રાન્ચે ભારે કમરકસી છે. ત્યારે શહેરમાં રસ્તે ચાલતા રાહદારીઓ પાસેથી મોબાઈલ સ્નેચિંગ તેમજ લૂંટ ચલાવતી ગેંગને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે મળેલ માહિતીના આધારે લીંબાયત વિસ્તારમાંથી આરોપી અસપાક શા અને વકીલ અહમદ અંસારીને ઝડપી પાડયા હતા. આરોપીઓ પાસેથી ક્રાઈમ બ્રાન્ચને સ્નેચિંગ કરેલ મોબાઈલ તેમજ ચોરીના વાહનો સહિત ઘાતક હથિયાર મળી આવ્યું હતું.

આરોપીઓની ઊંડાણપૂર્વકની પૂછપરછ કરતા પર્વત પાટિયા વિસ્તારમાં રહેતા સર્વેશ ચૌરસિયા નું નામ બહાર આવ્યું હતું.સર્વેશ ના ત્યાં તપાસ કરતા સ્નેચિંગ કરેલા અન્ય મોબાઈલ મળી આવ્યા હતા. જે મોબાઈલ આરોપીઓ પાસેથી કમિશનથી વેચવા માટે લીધા હોવાની હકીકત બહાર આવી હતી.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







ડ્રો ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)